પાના ૮, કિંમત ૩.૨, તા. ૦૯-૧૧-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

દેશમાં દિવાળીની રાત્રે આગથી ૨૨ લોકોનાં મોત





મધ્ય પ્રદેશમાં આગની બે દુર્ઘટનામાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા, જમ્મુમાં ૧૨ દુકાનોમાં આગ, મહારાષ્ટ્રમાં એક જ પરિવારના ૬ સભ્યોનાં મોત

નવી દિલ્હી, તા. ૦૯

દિવાળીની રાત્રે દેશનાં અનેક શહેરોમાં ફટાકડાં અને અન્ય કારણોસર લાગેલી આગમાં ૨૨ લોકોનાં મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે અને કેટલાક લોકો ગુમ છે. સૌથી વધુ મોત મધ્યપ્રદેશમાં થયા છે, જ્યાં બે અલગ-અલગ ઘરોમાં આગ લાગવાથી ૧૨ લોકોનાં જીવ ગયા છે.

મધ્ય પ્રદેશના કટની જિલ્લામાં મકાનમાં આગ લાગવાથી એક જ પરિવારના ૬ લોકોનાં મોત થયા છે. તેમાં ૨ મહિનાનું બાળક પણ સામેલ છે. બીજી તરફ, સિવાની જિલ્લામાં સરાફા વેપારીના મકાનમાં આગ લાગવાથી ૬ લોકોનાં મોત થયા છે.

રાજસ્થાનના પાલીમાં ફટાકડાંની દુકાનમાં આગ લાગવાથી બે લોકોનાં મોત થયા અને ત્રણ લોકો ગુમ છે. આગની ઝપેટમાં ત્રણ દુકાનો અને અનેક ટુ-વ્હીલરો બળીને ખાખ થઈ ગયા. બીજી તરફ, દિલ્હીના નરેલામાં રૉકેટ ફટાકડો પેટમાં વાગવાથી ૧૦ વર્ષના બાળકનું મોત થયું.

જમ્મુના નેહરુ માર્કેટમાં આગને કારણે ૧૨થી વધુ દુકાનો સળગી ગઈ, જ્યારે ઉત્તર પ્રદેશના બાંદામાં ભંગારની દુકાનમાં આગ લાગવાથી આશરે ૨૦-૨૫ લાખ રૂપિયાનું નુકસાન થયું.

નાગપુરમાં ટીવીએસ શોરૂમમાં આગ લાગવાથી અનેક ટુ-વ્હીલર સળગી ગયા. પુણેમાં આગની ૬૩ ઘટનાઓ બની. તેમાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી.

મુંબઈના ડોંગરી વિસ્તારમાં આગ લાગવાથી અનેક દુકાનો અને ઝૂંપડપટ્ટીઓ બળીને ખાખ થઈ ગઈ, જ્યારે દાદરના કામગાર સ્ટેડિયમમાં લાગેલી આગ પર ફાયર બ્રિગેડના જવાનોએ ૧૭ મિનિટમાં કાબૂ મેળવી લીધો.

મુંબઈના લોખંડવાલામાં આગ લાગવાની બીજી એક ઘટનામાં પણ એક વ્યક્તિનું મોત થયું. મહારાષ્ટ્રના થાણેમાં ૧૭ માળની ઈમારતમાં આગ લાગી. થાણેમાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. આ ઉપરાંત આસામના જોનાઈ, પુણેના વડગાંવ શેરી, મુંબઈના વિદ્યાવિહાર, સિક્કિમના ગંગટોકમાં સરકારી આવાસ અને ગાઝિયાબાદના ક્રોસિંગ રિપબ્લિક વિસ્તારમાં પણ આગ લાગવાની ઘટનાઓ સામે આવી. આ ઘટનાઓ બાદ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમો રાહત તથા બચાવ કામગીરીમાં જોડાયેલી રહી.

યુપીમાં હાઈવે પર કારમાં આગ લાગતા ૬ લોકો જીવતા ભડથું

હરિયાણાના મુસાફરો હરિદ્વાર જઈ રહ્યા હતા ત્યારે સર્જાયો અકસ્માત

નવી દિલ્હી, તા. ૦૯

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં સોમવારે સવારે કારમાં એક મહિલા સહિત ૬ લોકો જીવતા સળગી ગયા. હાઈવે પર ૧૨૦ કિમીની ઝડપે જઈ રહેલી ઓરા કાર પહેલા વીજળીના થાંભલા સાથે અથડાઈ. ત્યારબાદ ડિવાઈડર તોડીને બીજા લેનમાં જઈને પલટી ગઈ. કાર હરિયાણાથી મુઝફ્ફરનગર તરફ આવી રહી હતી. કારમાં કુલ ૬ લોકો સવાર હતા. તમામ હરિયાણાના જીંદના રહેવાસી હતા. તેઓ હરિદ્વાર જઈ રહ્યા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે વીજળીનો થાંભલો બે ટુકડામાં તૂટી ગયો. ડિવાઈડરનો ૧૦ મીટરનો ભાગ સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગયો. જોતજોતામાં કાર સળગવા લાગી. આગની ઊંચી-ઊંચી જ્વાળાઓ ઉઠવા લાગી. આ અકસ્માત જિલ્લા મુખ્યાલયથી લગભગ ૨૫ કિમી દૂર પાનીપત-ખટીમા નેશનલ હાઈવે પર તિતાવી પોલીસ સ્ટેશન વિસ્તારના જગ્ગાહેડી પાસે સવારે ૫ વાગ્યે થયો હતો. રાહદારીઓની જાણકારી પર પહોંચેલી પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે એક કલાકની મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો. દરવાજો તોડ્યો ત્યારે અંદર લોકોના માત્ર કંકાલ જ બચ્યા હતા. પોલીસે તેમને બેગમાં ભરીને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે કારની ઝડપ ખૂબ જ વધારે હતી. અચાનક કાર ડગમગવા લાગી અને પલટી ગઈ. ત્યારબાદ તેમાંથી ધુમાડો નીકળ્યો અને આગ લાગી ગઈ. આગે એટલી ઝડપથી ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું કે કોઈને કાર સુધી પહોંચવાનો મોકો પણ ન મળ્યો. કદાચ કાર પલટી જવાને કારણે અંદર બેઠેલા લોકો વધુ ઘાયલ થઈ ગયા હતા, તેથી તેઓ બહાર નીકળવાનો પ્રયાસ પણ કરી શક્યા નહોતા. અકસ્માત બાદ હાઈવે પર લાંબો ટ્રાફિક જામ લાગી ગયો. ભીડમાં કોઈએ ડાયલ ૧૧૨ પર ફોન કર્યો. પોલીસ ફાયર બ્રિગેડ સાથે પહોંચી હતી. ફાયરકર્મીઓએ જ્યારે આગ પર કાબૂ મેળવ્યો ત્યારે કાર સંપૂર્ણપણે બળી ચૂકી હતી. માત્ર તેનું માળખું જ બચ્યું હતું. અંદર રહેલા લોકોનાં મૃતદેહો બળીને જકડાઈ ગયા હતા. માંસ તો બચ્યું જ નહોતું. માત્ર હાડકાં બચ્યાં હતાં. મૃતકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

અમેરિકાના રાષ્ટ્રપતિ પાસે મોટા નિર્ણયો લેવાની છેલ્લી તક

ટ્રમ્પ પાસે પોતાના એજન્ડા પૂરા કરવા માટે માત્ર બે મહિનાનો સમય

નવી દિલ્હી, તા. ૦૯

રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાસે પોતાનો એજન્ડા પૂર્ણ કરવા માટે લગભગ બે મહિના બાકી છે. રિપબ્લિકન પાર્ટી સંસદના બંને ગૃહોમાં બહુમતી ગુમાવી ચૂકી છે. જોકે, નવી સંસદ કાર્યભાર સંભાળે ત્યાં સુધી જૂના સાંસદો જ કામ કરશે. અમેરિકી સંસદનું નવું સત્ર આજથી શરૂ થઈ રહ્યું છે. ટ્રમ્પ માટે આ મહત્વપૂર્ણ છે, કારણ કે ૩ જાન્યુઆરી ૨૦૨૭થી ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી ધરાવતી નવી સંસદ કાર્યભાર સંભાળી લેશે. ત્યારબાદ ટ્રમ્પને પોતાના નિર્ણયો લાગુ કરાવવા માટે વિપક્ષનો સામનો કરવો પડશે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આગામી બે મહિનામાં ટ્રમ્પ કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો આગળ વધારવા અને જરૂરી કામ પૂર્ણ કરવાનો પ્રયાસ કરી શકે છે. ટ્રમ્પ સામે સૌથી મહત્વપૂર્ણ મુદ્દો ઈરાન યુદ્ધ છે. આ યુદ્ધમાં અમેરિકાનો સૈન્ય ખર્ચ વધ્યો છે. જો સૈન્ય અભિયાન ચાલુ રહેશે તો હથિયારો, સૈનિકો અને સૈન્ય સાધનો પર વધુ નાણાં ખર્ચવા પડી શકે છે. આવી સ્થિતિમાં રિપબ્લિકન સાંસદો વધુ એક બજેટ પેકેજ લાવવાનો વિચાર કરી રહ્યા છે. તેના દ્વારા ઈરાન યુદ્ધ માટે વધારાનું ભંડોળ આપવામાં આવી શકે છે. રિપબ્લિકન સાંસદો સંરક્ષણ સાથે જોડાયેલા કાયદાને પણ મંજૂરી અપાવવા માગે છે. તેમાં સૈન્યની જરૂરિયાતો, નવા હથિયારોની ખરીદી અને સૈન્ય કાર્યક્રમો માટે નાણાં નક્કી કરવા જેવા નિર્ણયો સામેલ છે. તેનાથી અમેરિકન સૈન્યની કામગીરી અને સંરક્ષણ યોજનાઓને આગળ વધારવામાં મદદ મળશે. આગામી નાણાકીય વર્ષમાં અમેરિકન સરકારે કેટલા નાણાં ખર્ચવાના છે, તેનું બજેટ પાસ કરાવવું રિપબ્લિકન સાંસદોની પ્રાથમિકતા છે. તેમાં સૈન્ય, સરકારી વિભાગો અને અન્ય યોજનાઓ પર થનારા ખર્ચની વિગતો નક્કી કરવામાં આવશે. સાંસદો ઇચ્છે છે કે નવી સંસદ કામકાજ સંભાળે તે પહેલાં બજેટ અંગે નિર્ણય થઈ જાય.

ઈજિપ્તમાં બે ટ્રેનો અથડાતા ચારનાં મોત, ૮૮ ઘાયલ

બન્ને ટ્રેનો વચ્ચે સામ સામે ટકરાતા ઘણા ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

નવી દિલ્હી, તા. ૦૯

ઈજિપ્તમાં રવિવારે બે પેસેન્જર ટ્રેનો અથડાઈ ગઈ. આ અકસ્માતમાં ૪ લોકોનાં મોત થયા છે, જ્યારે ૮૮ લોકો ઘાયલ થયા છે. ટક્કર બાદ ઘણા ડબ્બા પાટા પરથી ઉતરી ગયા.

આ અકસ્માત રાજધાની કાહિરાથી લગભગ ૭૬ કિલોમીટર દૂર ગીઝા પ્રાંતમાં થયો. રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ-સીસીએ અકસ્માત બાદ તપાસના આદેશ આપ્યા છે. ઈજિપ્તમાં છેલ્લા ૨૫ વર્ષમાં ૯ મોટા રેલ અકસ્માતો થયા છે.

ઈજિપ્તના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રેલવે ઓથોરિટીએ જણાવ્યું કે એક ટ્રેન ગીઝાથી ફયૂમ જઈ રહી હતી. બીજી ટ્રેન કાહિરાથી અસવાન જઈ રહી હતી. આ દરમિયાન ગીઝાથી આવી રહેલી ટ્રેને બીજી ટ્રેનને પાછળથી ટક્કર મારી દીધી.

અકસ્મિક ઘટના બાદ રેલવે ટ્રેક પરના ડબ્બા પાટા પરથી ઉતરી ગયા. તેના કારણે રેલ સેવા પણ પ્રભાવિત થઈ. ઘટનાસ્થળે રાહત અને બચાવ દળ પહોંચ્યું. ટ્રેક પરથી ક્ષતિગ્રસ્ત ડબ્બા અને કાટમાળ હટાવવા માટે ક્રેનો બોલાવવામાં આવી, જેથી ટ્રેનો ફરીથી દોડી શકે.

ઈન્દિરા ગાંધીની હત્યા પછી ભયભીત હતા સોનિયા ગાંધી

હંમેશા ડર લાગતો કે હવે પછી રાજીવનો જ નંબર હશે : સોનિયા

નવી દિલ્હી, તા. ૦૯

સોનિયા ગાંધીએ ગાર્ડિયનને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાત કહી. તેમણે પોતાના આવનારા પુસ્તક 'બિલૉન્ગિંગ: અ જર્ની ઑફ લવ' પર રાજીવની હત્યા સહિત અંગત અને રાજકીય મુદ્દાઓ અંગે પોતાના વિચારો અને અનુભવો શેર કર્યા છે. સોનિયા જણાવે છે- 'રાજીવને મોતની ધમકીઓ મળી રહી હતી. ભારતીય ગુપ્તચર એજન્સીઓ આ વાત જાણતી હતી, પરંતુ નવી સરકારે તેની અવગણના કરી. તેમની સુરક્ષા હટાવી લેવામાં આવી. મને નથી લાગતું કે હવે આપણને ક્યારેય સત્યની જાણ થઈ શકશે.' આ જ ઈન્ટરવ્યૂમાં સોનિયાએ પોતાની અને રાજીવની પ્રેમકહાની વિશે પણ વાત કરી છે. તેમણે જણાવ્યું કે તે સમયે તેમને ખબર નહોતી કે રાજીવ ભારતના સૌથી મોટા રાજકીય પરિવારના વારસદાર છે. ઈન્દિરા ગાંધી - ઘરમાં માતા, બહાર આયર્ન લેડી: ૧૯૬૮માં ભારત આવ્યા બાદ સોનિયા અને રાજીવ, ઈન્દિરા ગાંધી સાથે જ રહેવા લાગ્યા. બહારથી ઈન્દિરા કડક 'આયર્ન લેડી' દેખાતાં હતાં, પરંતુ સોનિયા કહે છે કે ઘરમાં તેઓ બિલકુલ સામાન્ય માતા હતાં. અખબારોમાં તેમને કડક અથવા કઠોર દર્શાવવામાં આવતાં હતાં, પરંતુ ઘરમાં તેઓ બીજી કોઈ પણ માતા જેવી જ હતાં. સોનિયાના જણાવ્યા મુજબ ઈન્દિરા ખૂબ ગુસ્સો પણ કરતાં હતાં. પુસ્તકમાં એક કિસ્સો છે, જે મુજબ ઈન્દિરાએ એક પારિવારિક ડિનર દરમિયાન ગુસ્સામાં પોતાની થાળી ટેબલની પાર ફેંકી દીધી હતી. સોનિયાના જણાવ્યા મુજબ ઈન્દિરાએ એક વખત તેમને જણાવ્યું હતું કે પહેલી વાર વડાપ્રધાન બનતી વખતે તેઓ ડરી ગયાં હતાં. ઈમરજન્સીને લઈને પરિવારમાં મતભેદ હતા: ૧૯૭૫માં ઈમરજન્સી લાદવાના નિર્ણય પર પરિવાર વિભાજિત હતો. રાજીવ તેના વિરોધમાં હતા. તેમણે માતાને કહ્યું હતું કે આગામી ચૂંટણીની રાહ જુઓ. પરંતુ સંજય ગાંધી ઈમરજન્સીના પક્ષમાં હતા. એક પારિવારિક ડિનરમાં સંજયે કહ્યું હતું - "વિપક્ષ માતાને બરબાદ કરી નાખશે, તેમને રોકવા જોઈએ."

સોનિયા પુસ્તકમાં લખે છે, "સંજયને કાબૂમાં રાખવાથી પાછળથી થયેલા ઘણા નુકસાનને રોકી શકાયા હોત.

દિલ્હીમાં ફટાકડાથી હવાનું પ્રદૂષણ ભયાનક

દિલ્હીમાં પ્રદુષણથી એક્યુઆઈ ૪૧૮ નોંધાયો, પ્રયાગરાજમાં એક્યુઆઈ ૫૦૦ને પાર

નવી દિલ્હી, તા. ૦૯

દિવાળી પછી સોમવારે સવારે દિલ્હી-દ્રઝઈની હવાની ગુણવત્તા ગંભીર કેટેગરીમાં પહોંચી ગઈ. રવિવારે દિવાળીના દિવસે લોકોએ ભારે પ્રમાણમાં ફટાકડા ફોડ્યા, જેના બાદ સોમવારે સવારે દિલ્હી-દ્રઝઈના અનેક વિસ્તારોમાં વિઝિબિલિટી પણ ઘણી ઓછી રહી.


કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના આંકડા મુજબ, પટપડગંજમાં AQI ૪૧૮ખાતે AQI ૪૦૬, રાજીવ ચોક ખાતે AQI ૩૮૧ અને સાઉથ એક્સટેન્શન આસપાસના વિસ્તારમાં AQI ૩૬૦ નોંધાયો હતો.

ઉત્તર પ્રદેશના નોઈડા, ગાઝિયાબાદ, કાનપુર અને વારાણસી સહિત ૧૦ શહેરોમાં સોમવારે હવાની સ્થિતિ જોખમી રહી. સવારે ૭ વાગ્યે પ્રયાગરાજ, ગોરખપુર અને લખનઉનો AQI ૫૦૦ને પાર પહોંચી ગયો. બીજી તરફ, ઠંડી અને ધુમ્મસે અસર દેખાડવાનું શરૂ કરી દીધું છે. ૧૫થી વધુ શહેરોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું. રાત્રિનું તાપમાન ૧૫°Cથી નીચે ગગડી ગયું છે.

રાજસ્થાનના શહેરોમાં રવિવારે દિવસ દરમિયાન સામાન્ય કરતાં વધુ ગરમી રહી. બાડમેરમાં મહત્તમ તાપમાન ૩૮°Cને પાર પહોંચી ગયું. છેલ્લા ૧૦ વર્ષમાં આ બીજી વખત છે જ્યારે અહીં તાપમાન ૩૮°Cથી વધુ નોંધાયું છે.

મધ્ય પ્રદેશના શહેરોમાં રાત્રે ઠંડી અને સવારે ધુમ્મસ છવાઈ રહ્યું છે. ભોપાલ અને ઈન્દોરમાં પણ લઘુત્તમ તાપમાન ઘટ્યું છે. ગઈ રાત્રે ૧૪ શહેરોમાં તાપમાન ૧૪Cથી ઓછું રહ્યું હતું. તેમાં એકમાત્ર હિલ સ્ટેશન પચમઢીનો પણ સમાવેશ થાય છે.

બિહારમાં નવેમ્બરનો બીજો સપ્તાહ શરૂ થતાં હવામાનમાં બે અલગ-અલગ રંગ જોવા મળી રહ્યા છે. સવારે ઘરેથી બહાર નીકળતાં હળવી ઠંડી અનુભવાઈ રહી છે, પરંતુ બપોરનો તડકો હજુ પણ લોકોને ગરમીનો અહેસાસ કરાવી રહ્યો છે. રાજસ્થાનના શહેરોમાં રવિવારે દિવસ દરમિયાન સામાન્ય કરતાં વધુ ગરમી રહી. બાડમેરમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું. છેલ્લા ૧૦ વર્ષમાં આ બીજી વખત છે જ્યારે અહીં તાપમાન ૩૮ ડિગ્રીથી ઉપર નોંધાયું છે.



એનવીડિયા કંપનીના સીઈઓનું ચીની જાસૂસ મહિલા સાથે અફેર

અફેર અંગે જોન્સને હુંઆગે પત્નીની માફી માંગી

નવી દિલ્હી, તા. ૦૯

દુનિયાની મોટી ચિપ કંપની એનવિડિયાના CEO જેન્સન હુઆંગનું એક ચીની મહિલા સાથે અફેર હતું. અમેરિકન ગુપ્તચર એજન્સીઓને શંકા છે કે આ મહિલા ચીન માટે જાસૂસી કરી રહી હતી અને તેણે હુઆંગ સાથે નિકટતા વધારીને તેમની સાથે જોડાયેલી મહત્વપૂર્ણ માહિતી ચીન સુધી પહોંચાડી. મામલો સામે આવ્યા બાદ એનવિડિયાના બોર્ડે હુઆંગ વિરુદ્ધ તપાસ શરૂ કરી દીધી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ હુઆંગે રવિવારે કંપનીના બોર્ડ સમક્ષ મહિલા સાથે અફેર હોવાની વાત સ્વીકારી હતી. તેમણે પત્ની અને બાળકોની માફી પણ માંગી હતી. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની દેખરેખ હેઠળ આ વર્ષે એક ગુપ્ત અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે ચીનની ગુપ્તચર એજન્સીએ એલિસ હુઆંગને જેન્સન હુઆંગની નજીક જવા માટે તૈયાર કરી હતી. ટ્રમ્પની ચીન મુલાકાતના થોડા સમય પહેલાં આ રિપોર્ટ અધિકારીઓને આપવામાં આવ્યો હતો. એનવિડિયાના બોર્ડે જણાવ્યું કે અત્યાર સુધી કંપનીની કોઈ ગુપ્ત માહિતી અથવા અમેરિકાની સુરક્ષા સાથે જોડાયેલી માહિતી લીક થઈ હોવાનું જાણવા મળ્યું નથી. તેમ છતાં, મામલાની તપાસ માટે બહારના એક વકીલની નિમણૂક કરવામાં આવશે. જેન્સન હુઆંગ તપાસમાં સહયોગ કરશે અને CEO તરીકે યથાવત્ રહેશે. રિપોર્ટ અનુસાર, મહિલાનું નામ એલિસ હુઆંગ છે. તેને હુઆંગ લે નામથી પણ ઓળખવામાં આવે છે. અમેરિકન અધિકારીઓનો દાવો છે કે તે ચીનના રાજ્ય સુરક્ષા મંત્રાલય માટે કામ કરી રહી હતી. અમેરિકન ગુપ્તચર એજન્સીઓ એક વર્ષથી વધુ સમયથી તેના પર નજર રાખી રહી હતી. આ દરમિયાન તેમને જાણવા મળ્યું કે તે સીધી રીતે ચીનને માહિતી મોકલી રહી હતી.

આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાનો દીપાવલી સહ નૂતન વર્ષ સંદેશ

સ્વચ્છતા, ભેળસેળમુક્ત આહાર અને જનકલ્યાણના સંકલ્પ સાથે નવા વર્ષની ઉત્સાહભેર ઉજવણી કરીએ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ છેવાડાના માનવી સુધી યોજનાઓ પહોંચાડવા સરકાર કટિબદ્ધઃ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



સુરત, તા.૯

દીપાવલી અને નૂતન વર્ષના આ પાવન અવસરે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ સમસ્ત ગુજરાતવાસીઓ અને પરિવારજનોને હૃદયપૂર્વકની અભિનંદન અને શુભકામનાઓ પાઠવતા રાજ્યના નાગરિકોના ઉત્તમ સ્વાસ્થ્ય, સુખાકારી અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરી છે.

દિવાળી અને નૂતન વર્ષના આ પવિત્ર પર્વ નિમિત્ત ગુજરાતવાસીઓને સંદેશ પાઠવતા આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે કે, આપણે સૌએ સાથે મળીને એક જ દિશામાં અને એક જ વિચાર સાથે દેશની પ્રગતિમાં સજાગ ભારતીય નાગરિક તરીકે આપણું શ્રેષ્ઠ કર્મ અદા કરવાનું છે. આપણા થકી ક્યારેય કોઈનું અહિત ન થાય તેવા દ્રઢ સંકલ્પ સાથે આપણે દૈનિક જીવનમાં સ્વચ્છતા જાળવીએ અને 'ભેળસેળ મુક્ત ખોરાક' જ માંગણી કરીને ખાઈએ તેવો આગ્રહ રાખીએ, જેથી એક સ્વસ્થ અને સક્ષમ સમાજનું નિર્માણ થઈ શકે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સક્ષમ નેતૃત્વ હેઠળ ભારત દેશ જ્યારે વિશ્વમાં એક નવી દિશા અને ગતિ પ્રાપ્ત કરી રહ્યો છે, ત્યારે રાષ્ટ્ર નિર્માણના આ પવિત્ર યજ્ઞમાં આપણે સૌએ પણ આપણું શ્રેષ્ઠ યોગદાન આપવું અનિવાર્ય છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર નવા વર્ષમાં નવા સંકલ્પો સાથે અગ્રેસર બને તેમજ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ રાજ્યના પ્રત્યેક નાગરિક અને છેવાડાના ગરીબ પરિવાર સુધી પારદર્શક રીતે પહોંચે અને દરેક જરૂરિયાતમંદ પરિવારને તેનો પૂરતો લાભ પ્રાપ્ત થાય તેવી હાર્દિક આશા સાથે શ્રી પ્રફુલ પાનશેરીયાએ સૌ પરિવારજનોને નૂતન વર્ષની અનહદ શુભકામનાઓ પાઠવી છે.

શ્રી મોઢેશ્વરી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટને ઇલેક્ટ્રોનિક હોસ્પિટલ બેડ ની ભેટ મળી



સુરત, તા.૯

સુરત શહેરની જાહેર જનતાના લાભાર્થે સક્રિય રીતે સેવા આપતી શ્રી મોઢેશ્વરી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘરમાં રહેતા દર્દીઓના ઉપયોગ માટેના તમામ સાધનો નજીવા દરે ભાડેથી આપવામાં આવે છે આ માનવીય અભિગમ વાળી સેવાના ફલ સ્વરૂપ નિલેશભાઈ પાનવાલા તથા હિમાંશુ પાનવાલાના સૌજન્યથી તેમની માતૃશ્રી સ્વર્ગસ્થ ઈલાબેન રજનીકાંતભાઈ પાનવાલાના ની યાદ માં શ્રી મોઢેશ્વરી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટને તેમના તરફથી ઈલેક્ટ્રોનિક હોસ્પિટલ બેડની દિવાળીના શુભ અવસરે ભેટ ધરવામાં આવતા ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી મીનાક્ષીબેન ગાંધી અને ઉપપ્રમુખ શ્રી અંકિત ગાંધીએ આભારની લાગણી સાથે નમ્રતાથી ભેટનો સ્વીકાર કરી જાહેર જનતાની સેવામાં આ બેડ મૂકી દીધો છે. ઘરમાં રહેતા દર્દીઓનો ઉપયોગ માટેના સાધનો મોબાઇલ નંબર ૯૩૭૭૭ ૫૮૫૯૯ નો સંપર્ક કરવાનો શ્રી અંકિત ગાંધીએ જણાવ્યું છે



દિવાળીના શુભ અવસરે સવારે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત દર રવિવારે તાપી સ્વચ્છતા અભિયાન ઉપક્રમે જાંગીપુરા ઇન્ટેકવેલ નાવડી ઓવારો અને કોઝવે પર સફાઈ કરવામાં દિવ્ય પથના પથિક મહેશભાઈ વી. પટેલ, દીપન લાલા, મનીષભાઈ જાકાસણીયા, અતિથિ પટેલ અને હસમુખ પાંડવ જોડાયા હતા.દર રવિવારે સવારે ૭:૩૦ કલાકે આ અભિયાન એક ઝુંબેશ રૂપે નિયમિત ચાલી રહ્યું છે.

સાવરકુંલામાં સ્થાનિક બજારને વેગ આપવા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પહેલ કરી



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રમોદીના વોકલ ફોર લોકલના નાં આહ્વાન ને પરંપરા બનાવતા : ધારાસભ્યશ્રી મહેશ કસવાલા

સાવરકુંડલા, તા.૯

ધારાસભ્ય શ્રી મહેશ કસવાલા,શહેર ભાજપ પ્રમુખ અનિરુધ સિહ રાઠોડ,નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહીત ટીમ સાવરકુંડલા સાથે સ્થાનિક દુકાનોની મુલાકાત લઈ ખરીદી કરી; નાના વેપારીઓ, સ્વદેશી ઉત્પાદનો અને સ્થાનિક બજારને પ્રોત્સાહન આપવાનો નાગરિકોને સંદેશ પાઠવ્યો.

સાવરકુંડલા શહેરમાં દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલા 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને પ્રોત્સાહન આપવા માટે સાવરકુંડલા-લીલિયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ સ્થાનિક નાના વેપારીઓ પાસેથી ખરીદી કરી હતી. આ પ્રસંગે તેમની સાથે 'ટીમ સાવરકુંડલા'ના સભ્યોએ પણ સ્થાનિક દુકાનોની મુલાકાત લઈ વિવિધ વસ્તુઓની ખરીદી કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના નાગરિકોને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા, સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી વસ્તુઓનો વધુમાં વધુ ઉપયોગ કરવા માટે 'વોકલ ફોર લોકલ'નો સંદેશ આપવામાં આવ્યો છે. આ જ સંદેશને જનજીવનમાં ઉતારવાના હેતુથી ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ પોતે સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરીને એક પ્રેરણાદાયી પહેલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અને તેમની ટીમે શહેરના નાના વેપારીઓ સાથે સંવાદ સાધ્યો હતો અને તેમની દુકાનોમાંથી ખરીદી કરી હતી. નાના વેપારીઓ શહેરની આર્થિક વ્યવસ્થાનો મહત્વનો હિસ્સો છે.

તેમના વ્યવસાયને પ્રોત્સાહન મળે, સ્થાનિક બજારમાં ખરીદી વધે અને વેપારીઓને આર્થિક રીતે વધુ સક્ષમ બનવાની તક મળે તે દિશામાં આ પહેલ કરવામાં આવી હતી. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'વોકલ ફોર લોકલ'નો સંકલ્પ દેશના નાના વેપારીઓ, કારીગરો, સ્થાનિક ઉત્પાદકો અને સ્વરોજગાર સાથે જોડાયેલા નાગરિકો માટે પ્રોત્સાહક છે. આપણે જ્યારે આપણા શહેરના સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરીએ છીએ ત્યારે આપણા શહેરના વેપાર-ધંધાને વેગ આપવાની સાથે સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવામાં પણ સહભાગી બનીએ છીએ.

તેમણે નાગરિકોને પણ અપીલ કરી હતી કે તહેવારો હોય કે રોજિંદી જરૂરિયાતની વસ્તુઓની ખરીદી, શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક બજાર અને નાના વેપારીઓને પ્રાથમિકતા આપવી જોઈએ. સ્થાનિક વેપારીઓને મળતો સહયોગ અનેક પરિવારોની આજીવિકાને મજબૂત બનાવવામાં મદદરૂપ બની શકે છે. આ રીતે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા અને 'ટીમ સાવરકુંડલા' દ્વારા કરવામાં આવેલી આ પહેલના માધ્યમથી સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા સાથે 'વોકલ ફોર લોકલ'નો સંદેશ નાગરિકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્થાનિક વેપારી પાસેથી ખરીદી એ માત્ર ખરીદી નથી, પરંતુ પોતાના શહેરના વેપાર, રોજગાર અને આર્થિક વિકાસમાં સહભાગી બનવાનો એક પ્રયાસ છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી

બાપ્સ સ્વામિનારાયણ મંદિર, અડાજણ ખાતે ૧૦,૦૦૦થી વધુ ભક્તોએ સંતોના હસ્તે ચોપડાઓનું પૂજન કર્યું

સુરત, તા.૯

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી સુરતના અડાજણ સ્થિત મ્છજી સ્વામિનારાયણ મંદિર ખાતે દીપોત્સવી પર્વ નિમિત્તે સાંજે ૫:૦૦ કલાકે વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરના વરિષ્ઠ સંતોના હસ્તે ૧૦,૦૦૦થી વધુ ભક્તોએ વ્યાવહારિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક ચોપડાઓ તેમજ લેપટોપ, સ્માર્ટફોન સહિતનાં ઈલેક્ટ્રોનિક ગેજેટ્સનું પૂજન કર્યું હતું. આ પવિત્ર પ્રસંગમાં હજારો હરિભક્તો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

મંદિરના કોઠારી પૂજ્ય ઉત્તમપ્રકાશ સ્વામીએ જણાવ્યું હતું કે, દિવાળી એ આત્મનિરીક્ષણ અને અંતર્દૃષ્ટિનું પર્વ છે. જેમ આપણે વર્ષ દરમિયાનના ધંધા-રોજગારનો હિસાબ કરીએ છીએ, તેમ પોતાની આધ્યાત્મિક સાધનાનો હિસાબ પણ કરવો જોઈએ. જે ભક્ત નિયમિત રીતે પોતાની સાધનાનું મૂલ્યાંકન કરે છે, તે આધ્યાત્મિક માર્ગે સતત પ્રગતિ કરે છે. અંતમાં, સદ્ગુરુવર્ય પરમ પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામીએ સૌના સુખ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ સાથે નવું વર્ષ લાભદાયી બને તેમજ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ મહંતસ્વામી મહારાજ પ્રત્યે સૌની પ્રીતિ દૃઢ બને તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૦-૧૧-૨૦૨૬ના રોજ નૂતન વર્ષ નિમિત્તે મ્છજી સ્વામિનારાયણ મંદિર, અડાજણ ખાતે ભવ્ય અન્નકૂટોત્સવ યોજાશે. આ પ્રસંગે ભગવાન સમક્ષ ૧,૩૦૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવશે. સવારે ૧૧:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી અન્નકૂટનાં દર્શનનો લાભ લેવા સુરતની જનતાને હાર્દિક આમંત્રણ છે.



ધારાસભ્ય મહેશ કસવાળાના પ્રયાસોથી ફાયર સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ થશે

સાવરકુંડલા, તા.૯

વર્ષોથી રાહ જોઈ રહેલ સાવરકુંડલાની જનતા ને દિવાળીની ભેટ; મહુવા રોડ (ખાંભા ચોકડી) ખાતે રૂ. ૮.૬૩ કરોડના ખર્ચે આધુનિક ફાયર સ્ટેશનનું નિર્માણ કરાશે સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના નાગરિકોની સુરક્ષા અને આગ જેવી આકસ્મિક દુર્ઘટનાઓમાં ઝડપી રાહત કામગીરી સુનિશ્ચિત કરવાના હેતુથી સાવરકુંડલા શહેરને દિવાળી ભેટ રૂપે રૂ. ૮.૬૩ કરોડના ખર્ચે આધુનિક ફાયર સ્ટેશનની સુવિધા મળવા જઈ રહી છે. સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના પ્રયાસોથી આ ફાયર સ્ટેશનનું નિર્માણ સાવરકુંડલાની ખાંભા ચોકડી ખાતે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત આધુનિક સુવિધાઓથી સજ્જ સબ-મોડલ ફાયર સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ફાયર વિભાગના કર્મચારીઓની સુવિધા અને કામગીરીને ધ્યાનમાં રાખીને ત્રણ માળનું સ્ટાફ ક્વાર્ટર બનાવવામાં આવશે. આ ઉપરાંત ફાયર ફાઇટિંગ વાહનોની જાળવણી અને કામગીરી માટે આધુનિક ગેરેજ તથા સર્વિસ સ્ટેશનની સુવિધા પણ ઊભી કરવામાં આવશે.

ખાસ કરીને ફાયર સ્ટેશનમાં ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી આગ જેવી આપત્તિના સમયે પાણીની વ્યવસ્થા અને આગ નિયંત્રણની કામગીરી વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકે. સાથે જ પરિસરમાં ગાર્ડન ડેવલપમેન્ટ સહિતની સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. આધુનિક ફાયર સ્ટેશનનું નિર્માણ પૂર્ણ થયા બાદ સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં આગની દુર્ઘટનાઓ અને અન્ય આપત્તિના સમયે ફાયર વિભાગની કામગીરીને વધુ સુવિધાજનક બનાવવામાં મદદ મળશે. નાગરિકોની જાનમાલની સુરક્ષા, સમયસર બચાવ કામગીરી અને કટોકટીના સમયે ઝડપી પ્રતિસાદ માટે આ પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધા બની રહેશે. આમ, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારને રૂ. ૮.૬૩ કરોડના ખર્ચે આધુનિક ફાયર સ્ટેશનની સુવિધા મળવાની જાહેરાત દિવાળીના અવસરે વિસ્તાર માટે એક મહત્ત્વપૂર્ણ વિકાસલક્ષી ભેટ બની રહેશે

દીપાવલી પર્વ નિમિત્તે પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને રાજ્યભરના અધિકારીઓ તેમજ તબીબો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

સુરત, તા.૯

પ્રકાશના પર્વ દીપાવલી અને નૂતન વર્ષની ઉજવણીના સુભગ અવસરે સમગ્ર રાજ્યમાં આરોગ્ય સેવાઓ અવિરત અને સુદ્રઢ બની રહે તે હેતુથી આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને સુરત ખાતેથી રાજ્યભરના આરોગ્ય કમિશનર, આરોગ્ય વિભાગની ટીમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ, તમામ સિવિલ હોસ્પિટલોના સુપરિન્ટેન્ડન્ટ્સ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના વડાઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી બેઠક યોજાઈ હતી.

મંત્રીશ્રીએ રાજ્યના તમામ આરોગ્યકર્મીઓ અને તબીબોને પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તહેવારો દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા આગોતરૂ અને સઘન આયોજન કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

બેઠક દરમિયાન આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા એ જણાવ્યું હતું કે, તબીબી વ્યવસાય એ માનવસેવાનો પરમ ધર્મ છે. દીપાવલીના તહેવારો અને વેકેશનના સમયગાળા દરમિયાન રાજ્યમાં કોઈ પણ સ્થળે આકસ્મિક ઘટના કે મેડિકલ ઇમરજન્સી ઊભી થાય ત્યારે દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે અત્યંત જરૂરી છે. આથી, મંત્રીશ્રીએ તમામ તબીબો અને હેલ્થકેર સ્ટાફને વેકેશનના દિવસોમાં પણ સેવા અને સમર્પણની ભાવના સાથે તત્પર રહેવા અને પોતાની ફરજ પર હાજર રહેવા ખાસ અનુરોધ કર્યો હતો.



રાજ્યભરની સરકારી હોસ્પિટલો અને ૧૪૯૪ ઇમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સમાં બર્ન કેસ માટે વિશેષ સુવિધાઓ સુનિશ્ચિત કરાઈ

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તહેવારો દરમિયાન ફટાકડાથી દાઝવા, અકસ્માત કે અન્ય આરોગ્ય વિષયક કટોકટીના કિસ્સાઓમાં સમયસર સારવાર મળી રહે તે માટે તમામ હોસ્પિટલોમાં ઇમરજન્સી વોર્ડ, ટ્રોમા સેન્ટર, બ્લડ બેંક અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓને ૨૪૮૭ કાર્યરત રાખવા જરૂરી સૂચનાઓ આપી હતી. હોસ્પિટલોમાં તબીબી સ્ટાફ, દવાઓ, એન્ટી-ઇન્ફ્લેમેટરી ઓઈન્ટમેન્ટ્સ અને ઇમરજન્સી વ્યવસ્થાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવી છે. વધુમાં મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં ૧૦૮ ઇમરજન્સીની ૧,૪૯૪ એમ્બ્યુલન્સ ગાડીઓ રાત્રિના સમયે સતત કાર્યરત રહેશે. ઇમરજન્સી કોલ્સની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને ૧૦૮ ના કોલ સેન્ટર ખાતે વધુ કર્મચારીઓની વ્યવસ્થા કરવામાં આવી છે, આ ઉપરાંત, આરોગ્ય વિભાગના સંકલનથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઇમરજન્સી પરિસ્થિતિ માટે સરકારી હોસ્પિટલોમાં જરૂરી તમામ દવાઓ અને મેડિકલ સ્ટાફની પૂરતી ઉપલબ્ધતા સાથે બર્ન્સ કેસમાં વિશેષ વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

દરેક ઇમરજન્સી કોલ માટે સૌથી નજીકની અને યોગ્ય એમ્બ્યુલન્સની સ્વચાલિત ફાળવણી કરવામાં આવે છે. દરેક ઇમરજન્સી કેસનું રિયલ ટાઇમ મોનિટરિંગ કરવામાં આવે છે, જેથી સમયસર પ્રતિસાદ અને અસરકારક તબીબી મદદ સુનિશ્ચિત થઈ શકે.

તહેવારના સમયગાળા દરમિયાન સંભવિત ઇમરજન્સી કેસોમાં થનારા વધારાને પહોંચી વળવા માટે ૧૦૮-ઈજીની ટીમ સંપૂર્ણ સજ્જ, ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર (ઈઈઝ) ખાતે ઝીરો લીવ અને સાપ્તાહિક રજાના નિયંત્રણ સાથે ડ્યૂટી રોસ્ટર અમલમાં મૂકવામાં આવ્યા છે. વધુ સારા સંકલન અને એમ્બ્યુલન્સના ઝડપી ટર્નઅરાઉન્ડ માટે મુખ્ય હોસ્પિટલોમાં ફિલ્ડ સ્ટાફ અને સુપરવાઈઝરી સ્ટાફની તૈનાતી કરવામાં આવી છે.તમામ જિલ્લાઓમાં સ્ટેન્ડબાય સપોર્ટ ટીમો ઉપલબ્ધ રાખવામાં આવી છે. વાહનોમાં કોઈ ટેકનિકલ ખામી કે બ્રેકડાઉન ન સર્જાય તે માટે તમામ એમ્બ્યુલન્સનું અગાઉથી સર્વિસિંગ અને મેન્ટેનન્સ કરવામાં આવ્યું છે.તહેવારો દરમિયાન સતત અને અવિરત સેવા જળવાઈ રહે તે માટે દવાઓ અને મેડિકલ કન્ઝ્યુમેબલ્સનો પૂરતો તેમજ વધારાનો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે.

આ છે એક અનાથ મીઠાઈ... સોનપાપડી!



દિવાળી આવે એટલે બજારમાં મીઠાઈની દુકાનોમાં ભીડ જામે. કાજુ કતરી, મોહનથાળ, પેંડા, બરફી અને ડ્રાયફ્રૂટની મીઠાઈઓ પોતપોતાની સુંદરતા સાથે ગ્રાહકોને આકર્ષે. પરંતુ આ બધી મીઠાઈઓની વચ્ચે એક એવી મીઠાઈ છે જે અનાથ છે.એનું નામ છે સોનપાપડી!

સોનપાપડી એક એવી મીઠાઈ છે જે ખરીદાય એક જગ્યાએ છે, પહોંચે બીજી જગ્યાએ છે, રહે ત્રીજી જગ્યાએ છે અને અંતે ખવાય છે કે નહીં એની કોઈ ખાતરી નથી! અન્ય મીઠાઈઓનું જીવન સાદું હોય છે. દુકાનમાંથી ઘરે આવે, મહેમાનોને પીરસાય અને પેટમાં સમાઈ જાય, પણ સોનપાપડીનું જીવન પ્રવાસન વિભાગના અધિકારી જેવું છે. સતત પ્રવાસ, સતત સ્થળાંતર અને સતત નવા સરનામાં!

મારા મિત્ર ચુનીલાલનું તો કહેવું છે કે સોનપાપડીને મીઠાઈ નહીં, પ્રવાસી ગણવી જોઈએ. એણે એક દિવસ મને કહ્યું, 'અલ્યા, આ વર્ષે મેં નક્કી કર્યું છે કે ઘરમાં સોનપાપડી નહીં રાખું.'

મેં પૂછ્યું, 'કેમ? તને ભાવતી નથી?'

કહે, 'ભાવે તો છે, પણ શ્રાપિત છે.'

ચુનીલાલે ગયા વર્ષની એક ઘટના પણ સંભળાવી. 'ગયા વર્ષે રમેશભાઈ સોનપાપડીનું બોક્સ લઈને આવ્યા. અમે બોક્સ ખોલ્યું પણ નહીં. બીજા દિવસે દેસાઈ આવ્યા તો એ જ બોક્સ એમને આપ્યું. દેસાઈએ શાહને આપ્યું અને શાહે પટેલને. આ વર્ષે રમેશભાઈ ફરી આવ્યા અને ફરી સોનપાપડીનું બોક્સ આપી ગયા!'

મેં પૂછ્યું, 'તો શું થયું?'

કહે, 'મને શંકા છે કે રમેશભાઈની સોનપાપડી અને મારી સોનપાપડી વચ્ચે કોઈ ગુપ્ત કરાર છે. દર વર્ષે એકબીજાના ઘરે આવવાનું અને પાછા જવાનું!'

મને તો લાગે છે કે સોનપાપડી માટે હવે આધારકાર્ડ અને પાસપોર્ટ બનાવડાવવો જોઈએ. એના બોક્સ પર ચિપ કોડ લગાવવો જોઈએ. સ્કેન કરતાં જ એની આખી ટ્રાવેલ હિસ્ટ્રી મળી જાય.

૧૦ નવેમ્બર: રાજકોટમાં પ્રવેશ.

૧૧ નવેમ્બર: પાડોશીના ઘરે રવાના.

૧૨ નવેમ્બર: દેસાઈ પરિવાર પાસે આગમન.

૧૩ નવેમ્બર: શાહ પરિવાર તરફ પ્રયાણ.

૧૪ નવેમ્બર: મૂળ માલિકના ઘરે પુનરાગમન.

નીચે ખાસ નોંધ હોય : 'આ બોક્સ હાલમાં પ્રવાસમાં છે. કૃપા કરીને બિનજરૂરી ફોન કરીને પરેશાન ન કરો!'

સોનપાપડી અને રાજકારણમાં પણ અદ્ભુત સામ્ય છે. બંનેમાં પક્ષ બદલવાની અને સરનામાં બદલવાની ગજબની આવડત છે. સોનપાપડી એક ઘરમાંથી બીજા ઘરમાં જાય છે અને રાજકારણી એક પક્ષમાંથી બીજા પક્ષમાં જાય છે. બંનેને જ્યાં સારો આવકાર મળે ત્યાં રોકાવાની ઇચ્છા થાય છે.

ચુનીલાલ કહે, 'રાજકારણી અને સોનપાપડીમાં એક જ ફરક છે.'

મેં પૂછ્યું, 'કયો?'

કહે, 'રાજકારણી પક્ષ બદલે ત્યારે ખુરશી શોધે છે અને સોનપાપડી ઘર બદલે ત્યારે ફ્રિજ શોધે છે!'

મેં કહ્યું, 'પણ રાજકારણીને તો ચૂંટણી વખતે લોકો યાદ કરે છે.'

ચુનીલાલ બોલ્યો, 'સોનપાપડીને પણ દિવાળી વખતે જ યાદ કરવામાં આવે છે. બાકી આખું વર્ષ તો એ દુકાનના કોઈ ખૂણામાં પડી હોય છે!'

હવે સોનપાપડીના બોક્સની પણ એક અલગ રાજકીય વ્યવસ્થા હોય છે. જેની પાસે બોક્સ આવે એ થોડા સમય માટે એનો કસ્ટોડિયન બની જાય છે. અંદરની મીઠાઈ ખાવાની કોઈની હિંમત થતી નથી, કારણ કે બધાને ખબર છે કે આ બોક્સ કોઈને આગળ આપવાનું છે.

એક વખત ચુનીલાલના ઘરે મહેમાન આવ્યા. હાથમાં સુંદર મજાનું મોટું બોક્સ હતું. મહેમાન ગયા પછી પત્નીએ બોક્સ ખોલ્યું તો અંદર સોનપાપડી!

પત્નીએ તરત જ ચુનીલાલ સામે જોયું.

ચુનીલાલ બોલ્યો, 'મને કેમ જુએ છે? મેં તો કંઈ કર્યું નથી!'

પત્ની કહે, 'હવે આનું શું કરવું?'

ચુનીલાલ કહે, 'રાખી દે. કાલે કોઈ આવશે તો આપી દઈશું.'

પત્ની બોલી, 'પણ કોઈ ન આવ્યું તો?'

ચુનીલાલે કહ્યું, 'તો આપણે જ મહેમાન બનીને કોઈના ઘરે જઈશું!'

આખરે મીઠાઈ ખાવા કરતાં એની આગળની વ્યવસ્થા કરવી વધારે મહત્ત્વની બની ગઈ છે!

એક વખત મેં બોક્સ ખોલીને પત્નીને કહ્યું, 'આટલી ઓછી સોનપાપડી?'

પત્ની કહે, 'આટલી મોંઘવારીમાં વધારે ક્યાંથી આવે?'

મેં કહ્યું, 'પણ બોક્સ તો મોટું છે!'

પત્ની બોલી, 'બોક્સમાં મીઠાઈ ઓછી છે, જ્યાં જ્યાં ગઈ હશે ત્યાં ખોલાઈ હશે અને એક એક કટકો ખાલી થયો હશે!'

સોનપાપડીનું વજન પણ આજકાલ એક સંશોધનનો વિષય છે. દુકાનદારને પૂછો કે બોક્સમાં કેટલા ટુકડા છે તો કહે, 'બાર.'

મેં કહ્યું, 'બાર જ? તો પછી બોક્સ પર ફેમિલી પેક કેમ લખ્યું છે?'

દુકાનદાર કહે, 'અંકલ, આજકાલ ફેમિલી નાની થઈ ગઈ છે!'

મેં કહ્યું, 'ફેમિલી નાની થઈ હશે, પણ ભૂખ તો હજી મોટી જ છે!'

સોનપાપડીની એક બીજી સામાજિક મુશ્કેલી પણ છે. ઘરમાં બાળક બોક્સ જોઈને પૂછે, 'મમ્મી, આ સોનપાપડી ખાઈ શકું?'

મમ્મી કહે, 'ના, આ મહેમાન માટે રાખી છે.'

બાળક પૂછે, 'કયા મહેમાન માટે?'

મમ્મી કહે, 'હજી નક્કી નથી.'

બાળક કહે, 'તો પછી સોનપાપડીને પણ ખબર નહીં હોય કે એ કોની થવાની છે!'

બાળકની વાતમાં પણ તથ્ય છે. સોનપાપડીનું ભવિષ્ય ખરેખર અનિશ્ચિત હોય છે. એ ક્યારેક એક ઘરમાંથી બીજા ઘરમાં જાય છે, ક્યારેક એક શહેરમાંથી બીજા શહેરમાં. એના જીવનમાં સ્થાયી થવાનું સુખ જાણે લખ્યું જ નથી!

મારા એક પરિચિતે તો સોનપાપડીના બોક્સ માટે એક નવી યોજના બનાવી છે. એણે કહ્યું, 'હવે પછી હું કોઈને સોનપાપડી આપીશ તો બોક્સ પર મારું નામ લખીશ.'

મેં પૂછ્યું, 'એની શી જરૂર?'

કહે, 'બોક્સ પાછું આવે તો ઓળખી શકું!'

મેં કહ્યું, 'પણ એમાં તારી મીઠાઈ હશે એની શું ખાતરી?'

કહે, 'એની ચિંતા નથી. બોક્સ મારું હોય એટલું પૂરતું છે.'

એક વખત ચુનીલાલે મને સવાલ કર્યો, 'તને ખબર છે કે સોનપાપડીનું આયુષ્ય કેટલું હોય?'

મેં કહ્યું, 'મીઠાઈ છે, ખાઈ જાય ત્યાં સુધી.'

કહે, 'ના ભાઈ, સોનપાપડીનું આયુષ્ય એના સ્વાદ પર નહીં, એ કેટલાં ઘર ફરી શકે એના પર આધારિત છે. કેટલીક સોનપાપડી તો દિવાળીથી દેવદિવાળી સુધી પ્રવાસમાં જ હોય છે!'મને તો લાગે છે કે ભારતીય રેલવેએ સોનપાપડી માટે ખાસ યોજના જાહેર કરવી જોઈએ. ખરેખર, સોનપાપડીને પણ હવે આરામની જરૂર છે. આખી જિંદગી પ્રવાસ જ કરતી રહેશે તો એના નામે કોઈ કાયમી સરનામું નહીં હોય. એટલે આ દિવાળીએ સોનપાપડીને એક વિનંતી છે કે બહેન, આ વખતે કોઈ એક ઘરમાં રોકાઈ જજે.

ઝબાન સંભાલ કે : મનમાં ભીતર હોળી સળગે, ચહેરા પર દિવાળી છે



દિવાળીના સપરમા દિવસો ચાલી રહ્યા છે. આ તહેવારની મજા એ પણ છે કે દિવાળીનો દિવસ એટલે આસો વદ અમાસ. આકાશમાં કાળું ડિબાંગ અંધારું અને પૃથ્વી પર રોશની ફેલાવતું દીપ પ્રાગટ્ય. આસો વદ અમાસને દિવાળી તરીકે ઉજવવા પાછળ અનેક પૌરાણિક, ધાર્મિક અને ઐતિહાસિક કારણો જોડાયેલા છે. હિન્દુ પંચાંગ અનુસાર આસો વદ અમાસ વર્ષનો છેલ્લો દિવસ હોય છે. આ દિવસે અંધકાર પર પ્રકાશના વિજય તરીકે દેશભરમાં દીપ પ્રગટાવીને લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. ગુજરાતી સાહિત્યમાં તહેવારો ઉપર ઘણું લખાયું છે. ઉત્તરાયણ કે રંગોનો તહેવાર ધુળેટી ઉપર ઘણું લખાયું છે. જોકે, દિવાળીને ધ્યાનમાં રાખીને પણ કેટલીક ઉત્તમ કવિતાઓ અને શેર રજૂ થયા છે. દિવાળીમાં તો દરેક ઉંમરની વ્યક્તિ ઉત્સાહ અને ઉમંગથી સહભાગી થતી હોય છે, પણ બાળપણમાં દિવાળી માણવાનો આનંદ અનન્ય હોય આ વાત સાથે સહુ કોઈ સહમત થશે. નવા નવા કપડાં પહેરવાના, જાતજાતના ફટાકડા ફોડવાના અને બેસતા વર્ષના દિવસે વડીલોને પગે લાગી એમના આશીર્વાદ મેળવી રોકડા રૂપિયા મેળવવાની મજા જ કંઈ ઓર હોય છે. નાનપણ સાથે જોડાયેલું એક યાદગાર કાવ્ય ચં. ચી. મહેતાએ લખ્યું છે જેની પ્રારંભિક પંક્તિઓ છે 'ઈલા, દિવાળી ! દીવડા કરીશું; તારા સર્યા વ્યોમ થકી અહીં શું? કેવા ફટાકા આ અહીં ફૂટે છે ! આ કાનના તો પડદા તૂટે છે.' કેવી બાળ સહજ નિર્દોષતા એમાંથી ટપકે છે. ખલીલ ધનતેજવી સાહેબે દિવાળી ઉપર કટાક્ષ કર્યો છે. કટાક્ષ પણ કેવો ધારદાર કર્યો છે. અમે અમારી રીત પ્રમાણે રાતોને અજવાળી છે, તમે ઘરે દીવો સળગાવ્યો, અમે જાતને બાળી છે. વાર તહેવારે જિંદે ચડતી ઇચ્છાઓ પંપાળી છે, મનમાં ભીતર હોળી સળગે, ચહેરા પર દિવાળી છે. શેરની આ પંક્તિઓ કોઈ પણ વ્યક્તિને વિચાર કરવા મજબૂર કરી દે

છે. માણસ કાયમ સામજિક પ્રશ્નો અને પારિવારિક પ્રશ્નો વચ્ચે અટવાયેલો રહેતો હોવા છતાં દિવાળી મનાવી તો લે છે, પણ એના અંતરમાં ઘરબાયેલી પીડા કદાચ ક્યારેય કોઈ સમજી નહીં શકે. ખલીલ સાહેબે એવી રીતે કહી છે કે હૃદય સોંસરવી ઊતરી જાય છે. દિવાળીનો તહેવાર એ માત્ર મોજ મજા, નવાં કપડાં કે મીઠાઈઓ ખાવાનો કે ફટાકડા ફોડવાનો ઉત્સવ નથી, પરંતુ એ ઉજવણીમાં આપણી સંસ્કૃતિ અને જીવન જીવવાની કળાનું ઊંડું તત્ત્વજ્ઞાન પ્રગટ થાય છે. દિવાળીના તહેવાર પાછળ એક ચોક્કસ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ છુપાયેલો છે, જે માણસને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. કવિયત્રી દિપાલી લીમકરની રચનામાં પણ તત્ત્વજ્ઞાન સુપેરે પ્રગટ થાય છે. ઉદાસીને અને નફરતને બાળીને દિવાળી કર, હૃદય તારું પ્રથમ તું ઝગમગાવીને દિવાળી કર, પ્રણય, વિશ્વાસ, આશા ને ઉમંગોનાં લઈ રંગો, જીવનમાં એની તું રંગોળી પાડીને દિવાળી કર. આપણા જીવનમાં રહેલી નેગેટિવિટી - નકારાત્મકતાને દૂર કરવાની વાત છે. એને બાળી આશા અને વિશ્વાસના દીવડા પ્રગટાવવાથી દિવાળીના ઝગમગાટનો આંતરિક અનુભવ પણ થાય છે.

આપણી સંસ્કૃતિમાં દિવાળીના તહેવાર, તેની ખુશીઓ અને લોકોના સ્વભાવને લઈને કેટલીક જાણીતી કહેવતો ગુજરાતી ભાષામાં ખાસ્સી પ્રચલિત છે. આવશે દિવાળી ને ગવાશે ગીત કહેવતમાં અવસરનો સૂચિતાર્થ છે. આમ પણ ગુજરાતીઓ અવસર અનુસાર ઉજવણી કરવામાં માનતા હોય છે. આ કહેવતનો ભાવાર્થ છે કે દરેક વસ્તુ કે પ્રસંગનો એક ચોક્કસ સમય હોય છે. એ અનુસાર થાય એમાં મજા છે. એક બીજો પણ અર્થ છે કે સમય આવ્યે બધું જ આપોઆપ સારું થઈ જશે. ટૂંકમાં ધીરજ ધરવાની વાત કરવામાં આવી છે. સમયનું ભાન કરાવી એનું મહત્ત્વ સમજાવતી કહેવત છે દિવાળી તો વરસે એક જ વાર આવે. સારો અવસર કે મોજ મસ્તી કરવાનો મોકો વારંવાર મળતો નથી. એટલે મોકો મળે ત્યારે તેનો ભરપૂર આનંદ લેવો જોઈએ. આ કહેવત રોજ રોજ દિવાળી ન હોય સ્વરૂપમાં પણ હાજર છે. જીવનમાં હંમેશાં ઉત્સવ, મોજશોખના દિવસો ન હોય. સામાન્ય દિવસોમાં સંયમ જાળવી સાદગીથી અને સાવચેતીપૂર્વક જીવવું જોઈએ. દિવાળીનું મહત્ત્વ સમજાવતી આ કહેવત વાચકો જરૂર જાણતા હશે: દિવાળી બગડી તો આખું વરસ બગડ્યું. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ભાવાર્થ અહીં છે. વર્ષના પ્રથમ અને મોટા તહેવારની શરૂઆત જો નકારાત્મકતાથી થાય તો તેની અસર લાંબા સમય સુધી રહે એવો સૂચિતાર્થ અહીં છે. તહેવારોના પ્રતીક વિશે કહેવત છે કે દિવાળીના દીવા અને હોળીનું નાળિયેર. મતલબ કે દરેક તહેવારના મુખ્ય પ્રતીકો કે પરંપરાઓનું પોતાનું એક આગવું અને અનિવાર્ય મહત્ત્વ હોય છે. દિવાળીમાં તો દીવડા જ ઝગમગ થાય અને નાળિયેર હોળીમાં હોમાય. દિવાળીની એક મજેદાર કહેવત છે એવો તે ગોકળિયો ગાંડો કોણ હોય કે દિવાળીના દહાડે વેંસ ખાય? એવું કોણ ગાંડું હોય કે જે દિવાળીના દિવસોમાં આનંદ ન માણે? એ એનો ભાવાર્થ છે. માનવ સ્વભાવ અને પરિસ્થિતિ દર્શાવતી એક કહેવત છે કે દેવાળિયાને દિવાળી ને વહેવારિયાને હોળી. માથે દેવું - કરજ હોય એ વખતે લોકોનું વર્તન જુદું જુદું જોવા મળે છે એ આ કહેવત પરથી પ્રતીત થાય છે. દેવાળિયો હોય એ દિવાળી વખતે બેફિકર થઈ તહેવારની ઉજવણી કરે. એને કશું સ્પર્શે જ નહીં. બીજી તરફ વ્યવહારમાં માનતી વ્યક્તિ કરજ ફેડ્યા વિના મોજમજા ન કરાય એવું માનતી હોવાથી ઉજવણીથી વંચિત રહેવાને કારણે મનમાં બળ્યા કરે. દીવાની દાઝે કોડિયાં બચકાં ભરે કહેવત અત્યંત માર્મિક છે. ઘરમાં ઉંમરમાં મોટી વ્યક્તિ કે વડીલ સાથે ચણભણ થઈ હોય એની દાઝ અન્ય વ્યક્તિ પર ઉતારવી એ એનો ભાવાર્થ છે.

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશેઃ વિક્રમ સંવત ૨૦૮૩માં નવું શું કરશું?

વીતેલા વર્ષને ભૂલી નવી શરૂઆત કરવાનો સમય એટલે નવું વર્ષ. નવાં આયોજન- સંકલ્પ કરવાનો સમય એટલે નવું વર્ષ. સામાન્યતઃ આપણે જ્યારે વ્યવસાયના ધ્યેય નવા વર્ષ માટે નક્કી કરતા હોઈએ છીએ ત્યારે કેટલું ટર્નઓવર કરીશું કે પછી નવી લાઈન શરૂ કરીશુંની વાતો આવરી લેતા હશું, પણ શું આ વાત આપણા વેપારને નાવીન્યતા આપે છે?

આવનારા વર્ષમાં વેપારની વૃદ્ધિ માટે તમારી હયાત બ્રાન્ડમાં નાવીન્યતા લાવવી જરૂરી છે, કારણ તે ના ફક્ત તમારા હયાત વેપારને સંભાળશે પણ તેને વધારવામાં પણ મદદ કરશે. નાવીન્ય - ફ્રેશ અપ્રોચ જેને આપણે કહીયે છીએ તે જરૂરી છે, કારણ માણસ સહજ સ્વભાવ છે કે તેને હંમેશાં કશુંક નવુ જોવું છે- જાણવું છે- જોઈએ છે. આજ કારણ છે કે આપણે આપણો વોર્ડરોબ થોડા થોડા સમયે નવા કપડાઓથી બદલતા હોઈએ છીએ. આજ કારણ છે કે રેસ્ટોરન્ટ થોડા થોડા સમયે તેના મેનુમાં બદલાવ લાવે છે. આથી આપણા માર્કેટિંગમાં અને બ્રાન્ડ માટે નાવીન્યતા આવશ્યક વાત થઈ પડે છે. જોકે આમાં મહત્ત્વનું એ છે કે તમારી પાસે લોકોને નવું કહેવા માટે નવી વાત હશે. કોઈપણ વેપાર કે બ્રાન્ડની મર્યાદા હોય.

તમારું ઉત્પાદન કે સેવા તેજ રહેવાના છે, લોકોએ તે વાપર્યું છે અને અનુભવ્યું છે. આ ઉપરાંત તમે એકની એક વાત કેટલી વાર કરી શકો? આવા સમયે ગ્રાહકને પકડી રાખવા તમારે સમયે સમયે નવીનતા લાવવાની જરૂર છે. ગૂગલનું ઉદાહરણ લો, દિવસમાં તમે ઘણી વખત તેના પર જતા હશો તો સ્વાભાવિક છે કે તમે તેના ઈન્ટરફેસથી કંટાળી પણ જાવ અને આમ ન થાય તેથી ગૂગલ પોતાનું ઈન્ટરફેસ મહાન વ્યક્તિઓના જન્મદિન નિમિત્તે, ઉત્સવો દરમિયાન, અમુક મોટી ઈવેન્ટ હોય તેને અનુલક્ષીને બદલે છે.

જ્યારે નવીનતાની વાત આવે ત્યારે સૌપ્રથમ આપણે બ્રાન્ડનો લોગો, કલર, સ્ટેશનરી, વેબસાઈટ, પેકેજીંગ વગેરે બદલવાની કોશિશ કરીયે. આ પણ એક પ્રકાર છે બ્રાન્ડમાં નવીનતા લાવવાનો અને લોકો આની નોંધ પણ લેશે. ઉપરાંત પણ અમુક વાતો





તમે વિચારી શકો જે બ્રાન્ડને અને વેપારને નવો અભિગમ આપશે.

એવી ઘણી કંપનીઓ હશે જે તમે જે કરો છો તે કરતી હશે. જેને આપણે પ્રતિસ્પર્ધી તરીકે ઓળખીયે છીએ. સૌપ્રથમ એક ટેબલ બનાવો, તમારા સ્પર્ધકને પ્રથમ કોલમમાં સૂચિબદ્ધ કરો, જેટલા પરિબળોને આવરી શકાય તે બધાનો સમાવેશ કરો. ઉદાહરણ તરીકે, કિંમત, પેકેજીંગ, ડિસ્ટ્રીબ્યુશન, એડવર્ટાઈઝિંગ મેસેજ અને માધ્યમો, ઉત્પાદનોના ફીચર્સ વગેરે. તે લોકો તમારાથી શું અલગ કરે છે અને તેના થકી તેમને જો ફાયદો થતો હોય તો તે વાતને તમારામાં ઉમેરો. આમ નવી વાત તમારા હયાત ઘરાકને તમારી સાથે જોડી રાખશે અને કદાચ તમારા પ્રતિસ્પર્ધીના ઘરાકોને તમે નવી વાતથી આકર્ષી શકો.

તમે હાલમાં તમારો માલ કોને વેચો છો, તમારા સેગમેન્ટનો અભ્યાસ કરો. તમારા પ્રેક્ષકો શું ઈચ્છે છે અને તેની જરૂરિયાત શું છે તેની ખાતરી કરો. શું તેની જરૂરિયાત તે જ છે જે તમે અત્યાર સુધી આપતા હતા કે તેમાં બદલાવ આવ્યો છે તે જાણો. કારણ સમય સાથે તમારો ગ્રાહક પણ બદલાઈ રહ્યો છે તેથી જો તેને તમારી બ્રાન્ડમાં તેની જરૂરિયાત નહિ જણાય તો તે તમને છોડતા અચકાશે નહિ. આથી આમાં બે વાત કરી શકાય, નવા સેગમેન્ટ ઉમેરી શકાય અને બીજુ તમારા હયાત ગ્રાહકની જરૂરિયાત પ્રમાણે તમારામાં બદલાવ લાવી શકાય.

ઓર એ મોસમ હસીઃ દિવાળીના ચોપડાઃ 'કાલથી પાક્કું'નું ઉધાર ખાતું...!



દિવાળી ભારતનો એકમાત્ર એવો તહેવાર લાગે છે, જેમાં આખા વર્ષનું બાકી હોય એનો હિસાબ એક જ સપ્તાહમાં શોધીએ છીએ. ગુજરાતી હિસાબની વાત આવે એટલે ચોપડા પૂજન યાદ આવે. વેપારી જૂનો ચોપડો બંધ કરે, નવો ખોલે, પહેલા પાને શ્રી લખે અને શુભ-લાભ માંડે. જૂનો ચોપડો બંધ કરતાં પહેલાં હિસાબ ચૂકતે કરવો પડે, બાકી નીકળતી રકમ લખવી પડે અને જમા-ઉધારનો મેળ બેસાડવો પડે.

હવે કલ્પના કરો કે ચોપડો ખોલ્યો. જિંદગીનું જમા ખાતું નાનકડું છે, પણ ઉધાર ખાતું દળદાર છે. કસરત ઉધાર, વાંચન ઉધાર, જૂના દોસ્તને ફોન ઉધાર, ડોક્ટરની મુલાકાત ઉધાર અને બધાની સામે એક જ નોંધ છે કે કાલથી પાક્કું. વર્ષો જૂનો પ્રશ્ન, કાલ થાય છે ખરી?

સવાલ એ છે કે આ ઉધાર ખાતું દર વર્ષે નવા ચોપડામાં કેમ ઊતરે છે? ૨૦૧૪ની આસપાસ વોર્ટન સ્કૂલના સંશોધકો હેંગ્યુ દાઈ, કેથરિન મિલ્કમેન અને જેસન રીસે 'ફ્રેશ સ્ટાર્ટ ઈફેક્ટ' નામનો વિચાર રજૂ કર્યો હતો. એમણે જોયું કે નવું વર્ષ, નવો મહિનો, જન્મદિવસ કે તહેવારો પછી લોકો નવાં ધ્યેયો અને કસરત જેવી ટેવ શરૂ કરવા તરફ વધારે વળે છે. કારણ બહાનાબાજી સિવાય શું હોય? ગયા વર્ષનો હું વ્યસ્ત હતો, આ વર્ષનો હું થોડો અલગ છું

બેસતા વર્ષે વિચાર આવે નવા વર્ષની વ્યાખ્યા જાન્યુઆરી સુધી લંબાવી શકાય છે. મનોવૈજ્ઞાનિકો કુશિયા સિરોઆ અને ટિમોથી પાઈચિલ કહે છે કે કામ ટાળવું ઘણી વાર મૂડ સારો કરવાનો રસ્તો છે. જે કામ ચિંતા કે કંટાળો આપે, એની જગ્યાએ આપણે કંઈક એવું કરીએ જે તરત સારું લાગે. એમાં ભળે છે 'પ્લાનિંગ ફોલસી'.

૧૯૭૯માં ડેનિયલ કાહ્નમન અને એમોસ ટ્વર્સ્કીએ બતાવ્યું કે માણસ કોઈ પણ કામ પૂરું કરવામાં લાગતા સમયને હંમેશાં ઓછો આંકે છે. દરેક ઘરમાં વિશ્વાસ હોય છે કે જે કામ ગયા વર્ષે જેટલો સમય લેતું હતું, આ વર્ષે પણ એટલો જ લેશે. પણ મગજ માનવા તૈયાર નથી, એ માને છે કે આ વખતે જલદી પતશે.

આ બધાની વચ્ચે દિવાળીમાં સૌથી મોટું ઉધાર કર્યું? મને લાગે છે કે વતન. દિવાળીમાં ઘરે જવું કે વતનમાં જવું હવે બધા માટે શક્ય નથી. કોઈની રજા મંજૂર થઈ નથી. કોઈની ટ્રેનની ટિકિટ મહિના પહેલાં જ વેઇટિંગમાં અટકી ગઈ. કોઈને બસનું ભાડું જોઈને થાય કે આના કરતાં તો ફરવા જ જતા રહીએ. અને કોઈનું વતન જ હવે પહેલા જેવું રહ્યું નથી. મા-બાપ પણ દીકરા પાસે શહેરમાં આવી ગયાં છે, ગામના ઘરને તાળું લાગી ગયું છે અથવા વેચાઈ ગયું છે.

આમ છતાં પણ દિવાળી આવે એટલે અંદર કંઈક હલે છે. એ કંઈકને નામ આપી શકાતું નથી, પણ રસ્તે ચાલતાં કોઈના ઘરેથી મઠિયા તળાવાની સુગંધ આવે અને પગ આપોઆપ ધીમા પડી જાય છે. ઈતિહાસ કહે છે કે પૂર્વ આફ્રિકા સુધી ગુજરાતી વેપારીઓ પહોંચ્યા હતા. જ્યાં ગયા ત્યાં સાથે લઈ ગયા શું? માલસામાન સાથે નાસ્તા.

કવિ ખબરદારની એક પંક્તિ : 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં વસે ગુજરાત...' આજે એ ભાવ ટોરન્ટો, લંડન અને ન્યૂ જર્સીના રસોડામાં ખાખરા અને થેપલાં બનીને જીવે છે. એરપોર્ટ પર સામાનની તપાસમાં અધિકારીને સમજાવવું પડે કે આ બોમ્બ નથી, દિવાળીનો ચેવડો છે. ચેવડો વધારે જોખમી ત્યારે બને છે, જ્યારે ડબ્બો ખૂલે અને આખી કેબિનમાં ઘરની સુગંધ ફેલાઈ જાય.

મનોવિજ્ઞાનીઓ પણ કહે છે કે સ્વાદ અને ગંધ આપણી યાદ સાથે જોડાયેલાં છે. ઈન્ટરનેટ પર મોહનથાળની રેસિપી તરત મળી જાય, તો પણ વડવાઓના હાથનો મોહનથાળ ક્યાંય મળતો નથી. દરેક ઘરનો દિવાળીનો સ્વાદ જુદો. કોઈને ત્યાં ચોરાફળી, કોઈને ત્યાં ચકરી, કોઈને ત્યાં ઘૂઘરા અને કોઈને ત્યાં સુખડી.

જાપાનની લિટલ ફોરેસ્ટ ફિલ્મ પણ કંઈક આવી કથા જ છે. એક યુવતી શહેરથી ગામ પાછી આવે છે, ખેતર ખેડે છે, ઋતુ પ્રમાણે રસોઈ બનાવે છે. ફિલ્મમાં કોઈ ટ્વિસ્ટ કે વિવાદ નથી, કોઈ વિલન નથી. છે તો ફક્ત ચોખા, બરફ, વરસાદ અને રસોડું. આ આપણી પરંપરા હતી.

ગુજરાતી દિવાળી પરંપરા તો હવે ખોવાતી જાય છે. બેસતા વર્ષે સવારે નવાં કપડાં પહેરીને આખા ગામ-મહોલ્લામાં ફરવાનું, વડીલોને પગે લાગવાનું, સાલ મુબારક કહેવાનું અને દરેક ઘરે ચા-નાસ્તો કરતા જવાનું. આજે ગ્રૂપમાં એક ફોરવર્ડેડ ગ્રીટિંગ આવે છે, ઉપર ફૂલ, નીચે દીવો, વચ્ચે 'હેપી ન્યૂ યર'. કેટલાક તો પોતે જ ન મોકલ્યું હોય એવું ગ્રીટિંગ પાછું મોકલી દે છે, એક જ મેસેજ ફરતાં ફરતાં ત્રણ વખત પોતાની પાસે પાછો આવે છે. વતન જવાનો ખરો અર્થ કદાચ એ હતો કે ત્યાં તમે ફોરવર્ડ નથી થતા, તમે જાતે જ હાજર છો.

જેમનાથી આ વખતે વતન જવાય એમ નથી, એમનું શું? એનો જવાબ દીવામાંથી મળે છે. દિવાળીનો દીવો કેટલો નાનો છે! એ આખું અંધાં દૂર કરવાનો દાવો કરતો નથી. એ ફક્ત એટલો પ્રકાશ આપે છે કે પગથિયું દેખાય.

તંત્રી લેખ...-

સોમવાર, તા.૦૯ નવેમ્બર ૨૦૨૬

વિદેશમાં ભારતીયોની સલામતી માટે સરકાર વધુ સક્રિય બન

આધુનિક વિશ્વમાં જીવનની નવી તકો માટે વિદેશમાં વસવાટનું ચલણ સતત વધી રહ્યંઅ છે. ભારે બૌદ્ધિક અને વેપારી કુશળતા ધરાવતા ભારતીયો આજે દુનિયાના તમામ દેશોને કર્મભૂમિ બનાવતા થયા છે. આને લીધે આજે વિદેશમાં વસતા ભારતીયોની સંખ્યા દિવસો દિવસ વધી રહી છે. એક તરફ આપણે દુનિયાના લગભગ દરેક ખૂણે ભારતીયો વસતા હોવાનું ગૌરવ લેતા થયા છીએ, પણ આ આપણા દેશવાસીઓની વિદેશની ધરતી પરની સલામતીના મુદ્દા પર કેન્દ્ર સરકારે હવે કોઈ નક્કર કાર્યયોજના અમલી બનાવવા પર ધ્યાન આપવાનો સમય પાકી ગયો છે. તાજેતરના સમયમાં વિશ્વના અલગ-અલગ ભાગોમાં વિવિધ દેશો અને જૂથો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યા છે, તેનાથી ભારતીયોની સલામતી સામે સ્વાભાવિક રીતે ચિંતા ઊભી થઈ છે. હાલે પશ્ચિમ એશિયાનાં યુદ્ધમાં સંખ્યાબંધ ભારતીયોને અસર પડી છે. જહાજી સેવાઓ પર હુમલામાં ભારતીય ખલાસીઓનાં મોત થતા હોવાના અહેવાલ સતત સામે આવતા રહે છે. તેની સાથોસાથ આરબ દેશોમાં રોજીરોટી માટે કામ કરતા ભારતીયોનો હવાઈ હુમલામાં ભોગ લેવાતો રહે છે. આ સંદર્ભમાં વારંવાર ભારત સરકારની જવાબદારી અંગે ચર્ચા છેડાતી રહે છે. દરિયાઈ પરિવહનમાં ભારતીય ખલાસીઓની સંખ્યા સતત વધી રહી છે અને મધ્ય-પૂર્વમાં જહાજો પર હુમલામાં આ ખલાસીઓનો ભોગ લેવાતો રહે છે. ભારત સરકારે સંબંધિત દેશો પાસે વાંધો નોંધાવવો-તેની ટીકા કરવાથી વિશેષ કોઈ જવાબદારી નિભાવવી જોઈએ કે નહીં એ એક મોટો સવાલ છે. પશ્ચિમ એશિયાના દેશોમાં ભારતીયો લાખોની સંખ્યામાં ધંધા-રોજગાર માટે વસી રહ્યા છે. આ લોકો સ્વદેશમાં તેમની કમાણીનો મોટો હિસ્સો મોકલીને અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપતા હોય છે. આવામાં ભારત સરકારની જવાબદારી બને છે કે, તેમની વિદેશની ધરતી પર સલામતી માટે કોઈ નક્કર વ્યવસ્થા ગોઠવવામાં આવે. પશ્ચિમ એશિયામાં અત્યાર સુધી કુલ ૨૩ ભારતીયનાં મોત થયાં છે, જેમાં ૧૫ ખલાસી હતા. આ વિસ્તાર જેવી જ હાલત યુક્રેન અને રશિયા વચ્ચેના મોરચે પણ છે. આ જંગનો વ્યાપ પણ હવે દરિયાઈ માર્ગો સુધી પહોંચી ચૂક્યો છે. સત્તાવાર માહિતી મુજબ કાળા સમુદ્રમાં થયેલા હુમલામાં અત્યાર સુધી પાંચ ભારતીયનાં મોત થયાં છે. આમ તો આંતરરાષ્ટ્રીય કાયદો એવો છે કે, આવાં યુદ્ધના સમયે કોઈ અન્ય દેશના સમાન્ય નાગરિકને જાણી જોઈને નિશાન બનાવવા જોઈએ નહીં, પણ કમનસીબે હાલત એવી છે કે, આજના સમયમાં દેશો આવા કાયદાને ઘોળીને પી જાય છે. ભારતની વિદેશનીતિ પરંપરાગત રીતે શાંતિ, સંવાદ અને રાજદ્વારી પ્રયાસોને અગ્રતા આપવાની રહી છે. આ નીતિને અનુસરીને આપણે વિદેશી ધરતી પર નાગરિકોની સલામતીના મામલે ટીકા કે વાંધાથી આગળ કોઈ પગલાં લેતાં નથી. હવે સમય આવી ગયો છે કે, ભારતે વૈશ્વિક મંચો પર આંતરરાષ્ટ્રીય કાયદાના અમલ માટે ભારપૂર્વક રજૂઆત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

સરહદની સુરક્ષા કરનાર હવે સુરક્ષિત

દેશનાં સશત્ર દળમાં ટૂંકાગાળાની ભરતી યોજના શરૂઆતમાં મોટા વિવાદનો વિષય બન્યા બાદ તાજેતરમાં કેન્દ્રીય કેબીનેટે તેમાં નોંધપાત્ર સુધારા કર્યા છે. આવકારવા જેવી આ બાબત છે સાથે જ તેનું એક તારણ એ પણ નીકળે છે કે, પ્રજાતંત્રમાં લોક લાગણી, ક્યારેક આક્રોશ અને વ્યવહારુ માગણીને આજે નહીં તો કાલે સ્વીકૃતિ મળે છે. જૂન ૨૦૨૨માં કેન્દ્ર સરકારે લશ્કરમાં આ ભરતી પદ્ધતિની જાહેરાત કરી, ત્યારે સેનામાં ભરતી થઈને કાયમી કારકિર્દી બનાવવા માટે પ્રતિબદ્ધ યુવાનોને આંચકો લાગ્યો હતો. અનેક મુદ્દા હતા, જેને કારણે વિરોધ પક્ષોએ સરકારને ઘેરી હતી. સૈનિક પરિવારોમાં પણ આ મુદ્દે થોડી નારાજગી હતી. ચાર વર્ષના ગાળામાં જ સરકારે સ્થિતિ પારખીને સુધારા કર્યા છે. લશ્કરમાં હંગામી ભરતી હોય જ કેવી રીતે? તે પ્રશ્ન સૌથી પહેલો હતો. મૂળ યોજના એ હતી કે, યુવાનોને સશત્ર દળમાં ચાર વર્ષ રાખવાનું નક્કી થયું હતું. તેમાંથી ૨૫ ટકાને જ કાયમી ધોરણે સેનામાં રાખવા અને ૭૫ ટકા યુવાનોને રૂા.૧૨ લાખનું સેવાનિધિ પેકેજ આપીને મુક્ત કરી દેવા. ૨૧-૨૨ વર્ષની યુવાન વયે દેશસેવા માટે તૈયાર થયેલા આ યુવાનોનું ભાવિ પછી શું? સંરક્ષણ જેવાં મહત્ત્વના ક્ષેત્રે કાર્યરત રહ્યા પછી ફરીથી તેમણે બેરોજગાર યુવાનોની કતારમાં ઊભા રહેવાનું? આ પ્રશ્ન અગત્યનો હતો. પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ જેવાં રાજ્યોમાં તો સૈન્યની નોકરી અનેક કિસ્સામાં પારિવારિક પરંપરા છે. સરકારે જ્યારે યોજના અમલી બનાવી, ત્યારે સંરક્ષણ તજજ્ઞોએ ચિંતા વ્યક્ત કરી હતી કે, એક સૈનિકને લશ્કર માટે પરિપક્વ રીતે તૈયાર કરવા માટે ચાર વર્ષની અવધિ પર્યાપ્ત નથી. લશ્કર જેવા મહત્ત્વનાં ક્ષેત્રે કાયમી ભરતી કેમ નહીં? તે પ્રશ્ન વારંવાર ચર્ચામાં રહ્યો હતો. જો કે, હવે વ્યવસ્થિત નિર્ણય થયા હોવાના સંકેત છે. અગ્નિવીરોનો કાર્યકાળ ચાર વર્ષથી વધારીને છ વર્ષ કરાયો છે. આ સમય પછી લાયક હોય તેવા તમામ ઉમેદવારો-સૈનિકો સેનામાં કાયમી થશે. 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' (સીડીએસ) દ્વારા થયેલી જાહેરાત મુજબ અગ્નિવીરોને કાયમી સૈનિક બનવા માટે બેવાર તક અપાશે. અર્થાત્ જે શારીરિક માનસિક રીતે સક્ષમ હશે તેવા અગ્નિવીરને ફરજિયાત નિવૃત્ત થવું પડશે નહીં. સરકારની મક્કમતા અને વ્યવહારુપણું અહીં સ્પષ્ટ થાય છે. સેનાને ટેક્નોલોજીથી સજ્જ રાખવાનો મુખ્ય ઉદ્દેશ યથાવત્ રાખીને યુવાનોની આજીવિકા અને ભાવિ સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. સૈન્યમાં પણ નોકરીની અસુરક્ષા કે થોડી વિસંગત બાબત હતી, જે હવે દૂર થશે. સરહદની રક્ષા કરનાર પોતે તો વ્યાવસાયિક રીતે સુરક્ષિત હોવા જ જોઈએ ને!

સરકારે જ્યારે યોજના અમલી બનાવી, ત્યારે સંરક્ષણ તજજ્ઞોએ ચિંતા વ્યક્ત કરી હતી કે, એક સૈનિકને લશ્કર માટે પરિપક્વ રીતે તૈયાર કરવા માટે ચાર વર્ષની અવધિ પર્યાપ્ત નથી. લશ્કર જેવા મહત્ત્વનાં ક્ષેત્રે કાયમી ભરતી કેમ નહીં? તે પ્રશ્ન વારંવાર ચર્ચામાં રહ્યો હતો.

નેતન્યાહૂની વિદાય

ઈરાન-ઈઝરાયલ શાંતિ ભારતના ફાયદામાં

ઈઝરાયલની સંસદમાં ૧૨૦ બેઠકો છે તેથી સરકાર બનાવવા માટે ૬૧ સાંસદોનું સમર્થન જરૂરી છે.

ઈઝરાયલમાં પ્રમુખ ઈસાક હર્ઝોગે ગાદી આઈઝેનકોટને સરકાર રચવા માટે પસંદ કરતાં છેલ્લા ૧૦ દિવસથી ચાલતી ખેંચતાણનો અંત આવી ગયો એવું લાગે છે પણ વાસ્તવમાં હજુ કોકડું ઉકેલાયું નથી. પ્રમુખ ઈસાક હર્ઝોગે આઈઝેનકોટને સરકાર બનાવવા માટે જરૂરી છ અઠવાડિયાનો સમય આપ્યો છે. આ દરમિયાન આઈઝનકોટે બીજા પક્ષો સાથે વાતચીત કરીને મોરચો બનાવવો પડશે અને પોતાની પાસે સંસદમાં બહુમતી છે એ વાત સાબિત કરવી પડશે.

કાગળ પર આઈઝનકોટ માટે આ કામ મુશ્કેલ નથી લાગતું કેમ કે આઈઝેનકોટના મોરચાને ૬ પાર્ટીઓના ૬૭ સાંસદોનું સમર્થન હોવાનું દેખાય છે પણ અંદરખાને એટલા ડખા છે કે, આઈઝનકોટ સરકાર રચી શકશે કે કેમ તેમાં શંકા છે. અલબત્ત આઈઝનકોટ મુત્સદ્દીગીરી બતાવે તો સરકાર રચી શકે એવા સંજોગો છે જ તેથી તેમની આકરી કસોટી છે. ઈઝરાયલની પ્રજાએ નેતન્યાહુને નકારી કાઢ્યા છે એટલે મેલ કરવત મોચીના મોચી કરીને ફરી બેન્જામિન નેતન્યહૂને જ ગાદીએ બેસાડવા પડે એવી સ્થિતિ પેદા થઈ ગઈ છે. આવું ના થાય એ હવે આઈઝનકોટ જોવાનું છે.

ઈઝરાયલની સંસદમાં ૧૨૦ બેઠકો છે તેથી સરકાર બનાવવા માટે ૬૧ સાંસદોનું સમર્થન જરૂરી છે. આઈઝનકોટના મોરચાના ચાર પક્ષે ૪૮ બેઠકો જીતી હતી જ્યારે બે આરબ પક્ષે ૧૯ બેઠકો જીતી હતી. આ તમામ છ પક્ષોના સાંસદોનો સરવાળો કરો તો આંકડો ૬૭ પર પહોંચે ને આઈઝનકોટ પાસે બહુમતી કરતાં ૬ સાંસદો વધારે લાગે પણ યહૂદી વર્ચસ્સિ મુસ્લિમોના કમઠાણમાં આઈઝનકોટ અટવાઈ ગયા છે.

આઈઝનકોટના મોરચાના ચાર પક્ષમાંથી ત્રણ યહૂદી પક્ષો આરબ પાર્ટીઓ સાથે જોડાણ કરીને સરકાર બનાવવાની વિરુદ્ધ છે કેમ કે આરબ પક્ષો સાથે બેસી ગયા તો યહૂદી મતદારો ભવિષ્યમાં મત નહીં આપે તેનો તેમને ડર છે. ઈઝરાયની આરબ પાર્ટીઓમાં યહૂદી અને મુસ્લિમો બંને છે. આ નેતાઓ પેલેસ્ટાઈનના નાગરિકો માટે સમાન અધિકારની તરફેણ કરે છે પણ બહુમતી યહૂદી

વિરુદ્ધ છે. બહુમતી યહૂદી કટ્ટર રાષ્ટ્રવાદી છે જ્યારે આરબ પક્ષોનો ઝૂકાવ ડાબેરી વિચારધારા તરફ છે તેથી વિચારધારાની રીતે પણ યહૂદીઓ આરબ પક્ષો સાથે બેસી શકે તેમ નથી.

આઈઝનકોટના સાથી પક્ષો લોકોને ચૂંટણી પહેલાં આપેલાં વચનની પણ યાદ અપાવી રહ્યા છે. આઈઝનકોટે ચૂંટણી પહેલાં હુંકાર કરેલો કે, પોતે કોઈ કાળે આરબ પક્ષો સાથે બેસશે નહીં કે તેમને સરકારમાં સામેલ નહીં કરે. હવે સત્તા માટે આઈઝનકોટ થૂંકેલું ચાટીને આરબ પક્ષોની પંગતમાં બેસી જાય તો લોકો થૂ-થૂ કરે તેથી આઈઝકોટની સમર્થક યહૂદી પાર્ટીઓ આરબ પક્ષો સાથે જોડાણની તરફેણમાં નથી. બીજી તરફ આરબ પક્ષોનું છે કે, પોતે નેતન્યાહૂને સત્તા પરથી હટાવવા માટે આઈઝનકોટનું સમર્થન કરી રહી છે કેમ કે નેતન્યાહૂ સત્તા પર રહ્યા તો ઈઝરાયલ ફનાફાતિયા થઈ જશે. આઈઝનકોટ ઈઝરાયલનું ભલું ઈચ્છતા હોય તો નેતન્યાહૂને સત્તાથી દૂર કરીને નવા ઈઝરાયલનું નિર્માણ કરવું જોઈએ.આઈઝનકોટ માટે બહુ વિકટ પરિસ્થિતિ છે અને નમે તો નાક જાય ને ના નમે તો માથું વઢાય એવી હાલત છે પણ આઈઝનકોટ નાક પણ ના વઢાય ને માથું પણ સલામત રહે એવો રસ્તો કાઢી શકે તેમ છે. ઈઝરાયલમાં ૨૩ ઓક્ટોબરે યોજાયેલી ચૂંટણીમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી નહોતી મળી પણ હાલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની લિકુડ પાર્ટીના નેતૃત્વ હેઠળના મોરચાને સૌથી વધારે બેઠકો મળી હતી. નેતન્યાહૂની લિકુડ પાર્ટીએ તો માત્ર ૨૩ બેઠકો જ જીતી હતી પણ સાથી પક્ષોએ બીજી ૨૬ બેઠકો જીતતાં બેન્જામિન નેતન્યાહૂના મોરચાને કુલ ૫૩ બેઠકો મળી હતી પણ બહુમતીમાં પનો ટૂંકો પડી ગયો હતો.આ ચૂંટણીમાં ૧૯ બેઠકો જીતનારા આરબ પક્ષો કિંગ મેકરની ભૂમિકામાં છે ને નેતન્યાહૂએ ફરી સરકાર રચવી હોય તો આરબ પક્ષોના પગ પકડવા પડે પણ પહેલાં હમાસ ને પછી ઈરાન સાથે યુદ્ધ કરીને ઉપાધિ ઊભી કરનારા નેતન્યાહૂને ટેકો આપીને આબરૂનું ધોવાણ કરાવવા કોઈ આરબ પક્ષ તૈયાર નથી. ગાદી આઈઝનકોટ પણ કટ્ટરવાદી જ છે પણ નેતાન્યાહૂની જેમ યુદ્ધખોર તરીકે પંકાયેલા નથી તેથી આરબ પક્ષોએ આઈઝનકોટને ટેકો આપવાની તૈયારી બતાવી છે પણ યહૂદી પક્ષો આડા ફાટ્યા છે.આઈઝનકોટ આ કોકડનું નેતન્યાહૂના મોરચામાં ભંગાણ કરીને ઉકેલી શકે છે. આઈઝેનકોટના મોરચાના ચાર પક્ષોએ કુલ ૪૮ બેઠકો જીતી છે તેથી તેમને બીજા ૧૩ સભ્યોનો ટેકો જોઈએ. ૧૯ સભ્યો ધરાવતી બે આરબ પાર્ટીઓએ આઈઝનકોટને ટેકો આપી દેતાં આઈઝનકોટ પાસે ૬૭ સાંસદો થઈ જાય પણ આઈઝનકોટને આરબોનો ટેકો નથી જોઈતો એટલે નેતન્યાહૂનો મોરચો જ વિકલ્પ છે. આઈઝનકોટનું પલ્લું નમતું જોઈને નેતન્યાહૂના મોરચામાંથી સાત બેઠકો ધરાવતી એક પાર્ટી યુનાઈટેડ તોરાહ જ્યુડિઝમ ખરી પડી છે તેથી નેતન્યાહૂ પાસે હવે ૪૬ સાંસદો જ બચ્યા છે. આ સાત સાંસદો આઈઝનકોટને ટેકો આપી દે તો આંકડો ૬૩ પર પહોંચે ને છ જ સાંસદ જોઈએ. નેતન્યાહૂની લિકુડ પાર્ટી પાસે તો ૨૩ જ સાંસદ છે તેથી હજુ બીજા પક્ષના ૧૯ સાંસદો પલટી મારી શકે છે. એવું થાય તો આઈઝનકોટ સરકારની તાજપોશીનો તખ્તો તૈયાર થઈ જાય. નેતન્યાહૂ ખંધા રાજકારણી હોવાથી તેમના ગઢમાં ગાબડું પાડવું મુશ્કેલ છે પણ અશક્ય નથી.નેતન્યાહૂનું વલણ ભારતરફી છે તેથી નેતન્યાહૂ ફરી ગાદીએ બેસે તો સારું એવું ઘણાંને લાગે પણ નેતન્યાહૂ સરકારની વિદેશ નીતિ ભારત માટે ફાયદાકારક નથી એ જોતાં નેતન્યાહુ ફરી ગાદીએ ના બેસે તેમાં ભારતનો ફાયદો છે. નેતન્યાહૂ અત્યંત આક્રમક મિજાજના નેતા હોવાથી લડાઈઓ લડ્યા જ કરે છે. હમાસ કે હુતીઓ જેવા આતંકવાદ ફેલાવતાં સંગઠનો સામે ઈઝરાયલ લડે તેમાં આપણને કંઈ વાંધો નથી પણ નેતન્યાહુએ ઈરાન સામે યુદ્ધ છેડીને મોટી સમસ્યા ખડી કરી દીધી છે. તેના કારણે ક્રૂડ ઓઈલના ભાવોમાં થયેલા વધારાના કારણે આપણી બુંદ બેસી ગઈ છે. ભારતને બહુ મોટો આર્થિક ફટકો પડ્યો છે.અમેરિકાનાં ચૂંટણી પરિણામો પછી ડોનલ્ડ ટ્રમ્પ ઢીલાઢસ થઈ ગયા છે તેથી ઈરાન સામે આક્રમણ વલણ ના બતાવે પણ નેતન્યાહૂ માને એવા નથી તેથી એ સત્તાથી દૂર રહે એ જ ભારતના ફાયદામાં છે. આઈઝનકોટ ઈરાન સામે યુદ્ધ બંધ કરીને શાંતિ સ્થાપે તો ભારતને બહુ ફાયદો થાય. યુદ્ધ બંધ થાય ને શાંતિ સ્થપાય તો ભારત ફરીથી ઈરાન પાસેથી ક્રૂડ લઈ શકે, વ્યાપાર પણ કરી શકે. ટ્રમ્પના સનકીપણાને કારણે ભારતની નિકાસને પડેલો ફટકો ઈરાન સાથેના વ્યાપારથી સરભર થઈ શકે તેમ છે પણ તેના માટે શાંતિ જરૂરી છે ને શાંતિ માટે નેતાન્યાહૂની વિદાય જરૂરી છે.

ખુબ જ સ્વાદિષ્ટ ભોજન બનાવનારને લાખોમાં પગાર મળે છે....

ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

- જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં રસ હોય તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને એક સફળ કેરિયર આમાં પણ બનાવી શકાય છે

આધુનિક સમયમાં સમાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઈને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડક્શન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આા યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિંગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિંગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિંગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઇ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઇ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઇ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.

શાનદાર નોકરીની તક

ફુડ ક્રાફ્ટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિંગ, રેલવે , કેટેરિંગ, આર્મી કેટરિંગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિંગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ક્ષેત્રે અનેક આકર્ષક અને ઉંચા પગારની નોકરીની તક છે.

સમયની સાથે સંયુક્ત પરિવારોનું સ્થાન વિભક્ત પરિવારો લેતા ગયા.

ગલૂડિયા ઘરમાં ને વડીલો વૃદ્ધાશ્રમમાં?!

સમય બદલાયો છે, જીવનશૈલી બદલાઈ છે, પરિવારનું સ્વરૂપ બદલાયું છે અને સંબંધોને જોવાનો દૃષ્ટિકોણ પણ બદલાયો છે.

ઘરમાં પાળેલાં પ્રાણીઓ માટે વૈભવી સુવિધાઓ અને માતા-પિતા માટે વૃદ્ધાશ્રમનો આશરો. આ દૃશ્ય માત્ર સામાજિક પરિવર્તનનો સંકેત નથી, પરંતુ આપણા પારિવારિક મૂલ્યો, સંસ્કારો અને માનવતાની કસોટી પણ છે. પ્રશ્ન પ્રાણીપ્રેમનો નથી. અહીં પ્રશ્ન એ છે કે પ્રાણીઓ પ્રત્યેની સંવેદના જાળવતા જાળવતા આપણે માણસ પ્રત્યેની સંવેદના તો નથી ગુમાવી રહ્યા ને?

સમય બદલાયો છે, જીવનશૈલી બદલાઈ છે, પરિવારનું સ્વરૂપ બદલાયું છે અને સંબંધોને જોવાનો દૃષ્ટિકોણ પણ બદલાયો છે. આધુનિકતાના નામે આપણે અનેક પરિવર્તનોને સહજતાથી સ્વીકારી લીધાં છે. ઘરમાં પાળેલાં શ્વાન માટે મોંઘાં બિસ્કિટ, વિશેષ ખોરાક, આરામદાયક પથારી, સુંદર વસ્ત્રો અને આરોગ્યની વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમના જન્મદિવસની ઉજવણી થાય છે, તેમની સાથે ફરવા જવા માટે સમય ફાળવાય છે અને તેમની લાગણીઓની પણ કાળજી રાખવામાં આવે છે.

આ બધું આવકારદાયક છે, કારણ કે અબોલ જીવો પ્રત્યે પ્રેમ અને કરુણા રાખવી એ પણ માનવતાનો જ એક ભાગ છે. જોકે બીજી તરફ, આ જ સમાજમાં જીવનનાં અમૂલ્ય વર્ષો પરિવાર માટે સમર્પિત કરનાર માતા-પિતા વૃદ્ધાવસ્થામાં એકલતા, ઉપેક્ષા અને અસલામતી અનુભવે, ત્યારે એક અસ્વસ્થ કરતો પ્રશ્ન ઊભો થાય છેઃ જે ઘરમાં અબોલ પ્રાણી માટે લાગણીસભર સ્થાન છે, ત્યાં બોલી શકતાં, લાગણી વ્યક્ત કરી શકતાં અને જીવનભર પરિવારને સમર્પિત રહેલાં માતા-પિતા માટે સ્થાન કેમ નથી?

એક સમય હતો, જ્યારે સંયુક્ત પરિવાર ભારતીય સમાજની ઓળખ હતો. ઘરમાં દાદા-દાદી, કાકા-કાકી, માતા-પિતા અને બાળકો સાથે રહેતાં. ઘરના વડીલો માત્ર પરિવારના સભ્યો નહોતા- એ બધા અનુભવના ભંડાર, સંસ્કારોના વાહક અને નવી પેઢીના માર્ગદર્શક હતા. તેમની વાતોમાં જીવનનો અનુભવ હતો, તેમના આશીર્વાદમાં લાગણી હતી અને તેમની હાજરીમાં પરિવારની એકતા હતી.

સમયની સાથે સંયુક્ત પરિવારોનું સ્થાન વિભક્ત પરિવારો લેતા ગયા. રોજગાર, શિક્ષણ, સ્થળાંતર, વધતી મોંઘવારી અને બદલાતી જીવનશૈલીને કારણે પરિવારની રચનામાં પરિવર્તન આવ્યું. આ પરિવર્તનનાં કેટલાંક પાસાં સ્વાભાવિક અને જરૂરી પણ છે, પરંતુ મુશ્કેલી ત્યારે સર્જાય છે, જ્યારે સ્વતંત્રતાના નામે જવાબદારીઓથી મુક્ત થવાની વૃત્તિ વિકસે છે અને વ્યક્તિગત સુખના આગ્રહમાં પારિવારિક સંબંધ ગૌણ બની જાય છે.

આજે ઘરમાં આધુનિક ઉપકરણો છે, મનોરંજનનાં અનેક સાધનો છે અને દુનિયાભર સાથે જોડાવાની ટેક્નોલૉજી છે; છતાં અનેક વડીલો પોતાના જ ઘરમાં વાત કરવા માટે કોઈ સાથી શોધે છે. સંતાનો પાસે કામનો ભાર છે, સામાજિક વ્યસ્તતાઓ છે અને પોતાના જીવનનાં અનેક પડકારો છે, પરંતુ પ્રશ્ન એ છે કે માતા-પિતાને રોજની થોડી મિનિટો આપવી પણ શું હવે મુશ્કેલ બની ગયું છે?

માતા-પિતા સંતાનોને ઉછેરવા માટે પોતાની કેટલીય ઇચ્છાઓનું બલિદાન આપે છે. સંતાનના શિક્ષણ માટે કરકસર કરે છે, તેની પ્રગતિ માટે મહેનત કરે છે અને તેના સુખ માટે પોતાનાં સુખનો ત્યાગ કરે છે. સંતાન બીમાર પડે કે સંતાનને મુશ્કેલી આવે ત્યારે માતા-પિતાનું હૃદય વ્યાકુળ બની જાય છે. જે બાળક ક્યારેક માતા-પિતાની આંગળી પકડીને ચાલતું હતું, તે મોટું થઈને પોતાના માર્ગે આગળ વધે છે. માતા-પિતા વૃદ્ધ થાય છે ત્યારે તેમને સહારાની જરૂર પડે છે. એ સમયે સંતાનનો થોડો સમય, બે પ્રેમાળ શબ્દો અને આત્મીયતાનો સ્પર્શ તેમના માટે અમૂલ્ય બની જાય છે.

દુર્ભાગ્યે, કેટલાંક પરિવારોમાં આ જરૂરિયાતને સમજવાને બદલે તેને બોજ માનવામાં આવે છે. વડીલો ધીમે ધીમે પરિવારના કેન્દ્રમાંથી હાંસિયામાં ધકેલાઈ જાય છે.

શ્વાન કે અન્ય પાળેલાં પ્રાણીઓ પ્રત્યે પ્રેમ રાખવો એ કોઈ રીતે ખોટું નથી. પ્રાણીઓ પણ લાગણીઓ અનુભવે છે, પણ જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પાલતુ પ્રાણી માટે સમય, નાણાં અને લાગણી સહજતાથી ખર્ચે છે, જ્યારે એ જ વ્યક્તિ પોતાના વૃદ્ધ માતા-પિતા સાથે થોડી વાર બેસવા માટે સમય કાઢી શકતી નથી ત્યારે પ્રાથમિકતાઓ અંગે વિચારવું જરૂરી બને છે. પ્રાણીઓની સંભાળ રાખવી એ લાગણી છે, જ્યારે માતા-પિતાની સંભાળ રાખવી એ લાગણીની સાથે નૈતિક અને પારિવારિક જવાબદારી પણ છે.

શ્વાનને ઘરમાં સ્થાન આપવું અધઃપતન નથી; માતા-પિતાને હૃદયમાંથી કાઢી મૂકવા એ ચોક્કસપણે અધઃપતનની નિશાની છે.



વિજય સેતુપતિ ૫૪મા ઇન્ટ. એમી એવોર્ડ્સમાં પ્રેઝન્ટર કરનાર પ્રથમ ભારતીય અભિનેતા બનશે

તમિલ અભિનેતા વિજય સેતુપતિ ૫૪મા ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ન્યૂયોર્કમાં યોજાનારા એવોર્ડ સમારોહમાં પ્રેઝન્ટર તરીકે જોવા મળશે. આ અંગેના અહેવાલો અનુસાર, આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ટેલિવિઝન એવોર્ડ સમારોહમાં એવોર્ડ પ્રેઝન્ટ કરનાર તેઓ પ્રથમ ભારતીય અભિનેતા બનશે.આ સિદ્ધિ આંતરરાષ્ટ્રીય મનોરંજન જગતમાં ભારતીય કલાકારોના વધતાં મહત્વને દર્શાવે છે. આ પહેલને સાકાર કરવામાં નિર્માતા અને ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટ્સ એન્ડ સાયન્સિસના બોર્ડ સભ્ય કવિતા ગુપ્તાની ભૂમિકા મહત્ત્વની હોવાનું કહેવાય છે.


ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સનું આયોજન ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટ્સ એન્ડ સાયન્સિસ દ્વારા કરવામાં આવે છે. આ એવોર્ડ્સ અમેરિકાની બહાર નિર્મિત શ્રેષ્ઠ ટેલિવિઝન કાર્યક્રમો અને કન્ટેન્ટને સન્માનિત કરે છે. આ વર્ષનો ૫૪મો સમારોહ ૨૩ નવેમ્બરે ન્યૂયોર્કમાં યોજાશે, જેમાં વિવિધ દેશોના ટેલિવિઝન ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

વિજય સેતુપતિ હાલ અનેક ફિલ્મોમાં વ્યસ્ત છે. તે તાજેતરમાં બાલાજી થરણીધરનના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'બાથા'માં જોવા મળ્યા હતા. હવે તેઓ મણિરત્નમની ફિલ્મ 'ઇજી વેલ્લમ'માં સાઈ પલ્લવી સાથે અને ત્યાગરાજન કુમારરાજાની ફિલ્મ 'પોકેટ નોવેલ'માં રાજ બી. શેટ્ટી તથા માલવિકા મોહનન સાથે જોવા મળશે.

આ ઉપરાંત, વિજય સેતુપતિની ૨૦૨૪માં આવેલી એક્શન ફિલ્મ 'મહારાજા'ની હોલિવૂડ રિમેક બનવાની છે. તેણે જણાવ્યું હતું કે ફિલ્મની સિક્વલ બનાવવાની તૈયારી ચાલી રહી છે અને દિગ્દર્શક નિથિલન સામિનાથને તેની વાર્તા તેમને સંભળાવી છે.

હમ હૈ નયે અંદાઝ ક્યૂં હો પુરાના!

આધાર-પ્રેરણા નકલ - ઉઠાંતરી કે બીજો કોઈ શબ્દ વાપરી શકાય અન્ય ભાષા - પ્રદેશમાં બનેલી કોઈ ફિલ્મ પરથી બનેલી હિન્દી ફિલ્મ માટે.





ઈતિહાસકારો ૧૯૫૬માં રિલીઝ થયેલી રાજ કપૂર - નરગીસની 'ચોરી ચોરી' હોલિવૂડની ઉઠાંતરીના પ્રારંભકાળની ફિલ્મ ગણે છે. ત્યારબાદ હિન્દી ચલચિત્રોમાં ઉત્તરોત્તર હોલિવૂડના આધાર, પ્રેરણા, ઉઠાંતરી જોવા મળ્યા. ૧૯૯૦ના દાયકામાં એમાં એક પેટા બદલાવ જોવા મળ્યો. 'ટેકનો બ્રેટ્સ' (ફિલ્મોમાં નવી ટેકનોલોજી વાપરવાને પ્રાધાન્ય આપી શૈલીમાં બાંધછોડ કરવા ન માગતા યુવાન ફિલ્મમેકર) તરીકે ઓળખ મેળવનારા યુવાન ફિલ્મમેકરનું મોજું આવ્યું. માત્ર ૫૭ વર્ષની ઉંમરે તાજેતરમાં આકસ્મિત અવસાન પામેલા ફિલ્મમેકર સંજય ગુપ્તા આ નવી ફોજના અગ્રણી સભ્ય હતા.

વાત છે ૧૯૯૩ની. મોરિશ્યસમાં 'આતિશઃ ફીલ ધ ફાયર'નું શૂટિંગ ચાલી રહ્યું હતું. ફિલ્મમાં સંજય દત્ત, રવીના ટંડન, કરિશ્મા કપૂર જેવા એ સમયના હોટ યંગસ્ટર્સ સાથે તનુજા, અજિત, કાદર ખાન જેવા વરિષ્ઠ, અનુભવી અને આદરણીય કલાકાર સુધ્ધાં હતાં. શૂટિંગ દરમિયાન દિગ્દર્શક સંજય ગુપ્તાએ કાદર ખાન પર રીતસર રાડ પાડી કહ્યું 'હેં ેરી ફટ્ટિ' (શબ્દાર્થ બકવાસ બંધ કરો પણ જૂની સ્ટાઈલ નહીં ચાલે એ અર્થ અહીં વધુ ફિટ બેસે છે).

૨૬ વર્ષનો નવશિખ સંજય ગુપ્તા ૫૬ વર્ષની ઉંમરના અને હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં ૨૦ વર્ષના અનુભવી કાદર ખાનને મોટેથી બૂમ પાડી જાહેરમાં શિખામણ આપી રહ્યો હતો એ જોઈ લોકેશન પર સ્તબ્ધતા છવાઈ ગઈ. બોલતા તો બોલાઈ ગયું, પણ પછી ખ્યાલ આવતા સંજય ગુપ્તાએ તરત જ કાદર ખાનની માફી માગી, જોકે, કાદરભાઈ મર્માળુ સ્મિત કરી એટલું જ બોલ્યા કે 'નયે લોગોં કા નયા અંદાઝ'. અલબત્ત આ અંદાજ સેટ પર કામ કરવાની શૈલી પૂરતો સીમિત ન રહ્યો. પડદા ઉપર ફિલ્મ જોતી વખતે પણ એનો એહસાસ થયો.

૧૯૯૦ના દાયકામાં આપણા દેશમાં અનેક બદલાવ જોવા મળ્યા. આર્થિક ઉદારીકરણ, રાજકારણ, ટેકનોલોજી, ખેલકૂદ... નવા પરિમાણ નજરે પડી રહ્યા હતા. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની વાત કરીએ તો દિગ્દર્શકોમાં સંજય ગુપ્તા ઉપરાંત મુકુલ આનંદ, રામગોપાલ વર્મા, રાજીવ રાય, સંજય ખન્ના જેવા નવા દિગ્દર્શકો વેસ્ટર્ન શૈલીથી પ્રભાવિત હતા અને હિન્દી ફિલ્મોમાં નવો પવન ફૂંકવા માગતા હતા. ગ્લોબલાઈઝેશનની-વૈશ્વિકીકરણની અસર ભારતમાં થવાની શરૂઆત થઈ હતી. ફિલ્મ મેકરો વિશ્વની અને વિશેષ તો હોલિવૂડ ફિલ્મોથી વધુ પરિચિત થયા.

સામાન્ય જનતા માટે વિદેશી ફિલ્મો આસાનીથી ઉપલબ્ધ નહોતી. એનો લાભ લઈ નવા દિગ્દર્શકોએ હોલિવૂડની ફિલ્મોને ભારતીય સ્પર્શ આપી હિન્દી ફિલ્મો બનાવવાને પ્રાધાન્ય આપ્યું. મહત્ત્વની વાત એ હતી કે કથા-વિષય વગેરેની ઉઠાંતરી તો અગાઉ પણ થતી હતી. આ ટેકનો બ્રેટ્સ ડિરેક્ટરોએ બોલિવૂડની પરંપરાગત શૂટિંગ શૈલીને બદલીને ફિલ્મોમાં ગ્લોસી લુક, કલર ગ્રેડિંગ, સ્પ્લિટ સ્ક્રીન અને વાર્તા ઝડપથી આગળ વધે એ પ્રકારના એડિટિંગનો ઉપયોગ શરૂ કર્યો. પરિણામે દર્શકોને પડદા પર નવો અંદાજ જોવા મળ્યો. એમાં તાજગી પણ ઉમેરાઈ. ૨૦૦૧માં રિલીઝ થયેલી 'દિલ ચાહતા હૈ' ફિલ્મના ગીતની પંક્તિ 'હમ હૈ નયે અંદાઝ કયૂં હો પુરાના'નો સાક્ષાત્કાર ૧૯૯૩માં સંજય ગુપ્તાએ કરાવી દીધો હતો.

સંજય ગુપ્તાની પહેલી ફિલ્મ 'આતિશઃ ફીલ ધ ફાયર' અમિતાભની 'દીવાર' અને હોંગકોંગની ફિલ્મ 'અ બેટર ટુમોરો' પર આધારિત હતી. એની સૌથી વધુ ગાજેલી ફિલ્મ 'કાંટે' હોલિવૂડ ફિલ્મ છ્યતયદિજ્ઞશિ ઉજ્ઞલત પર આધારિત હતી. 'કાંટે' સંદર્ભની એક મજેદાર વાત સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ છે જે સંજય ગુપ્તાના 'આતિશ' ફિલ્મથી નજરે પડેલા નવા અંદાજનો પડઘો પાડે છે. અમિતજી સાથેના એક પ્રસંગ વિશે વાત કરતા દિગ્દર્શક કહે છે કે 'અમે 'કાંટે'નું શૂટિંગ કરી રહ્યા હતા.

ફિલ્મમાં સિંક સાઉન્ડ સિસ્ટમ (શૂટિંગ વખતે જ કલાકારના ડાયલૉગનું રેકૉર્ડિંગ કરી લેવાનું, ડબિંગ નહીં કરવાનું) હતી. દરેક કલાકારે એના નેચરલ અવાજમાં ડાયલૉગ બોલવાના હતા. એક સીનમાં સુનીલ શેટ્ટી, કુમાર ગૌરવ અને અમિતાભ બચ્ચન હતા. આ ત્રણ વચ્ચે જ્યારે વાતચીત થાય ત્યારે નોર્મલ માઇકમાં અમિતજીના બેઝવાળા અવાજ સાથે આ બંને કલાકારનો અવાજ ક્યાંથી મેચ થાય? અમે રિહર્સલ કર્યા ત્યારે મારી ધારણા સો ટકા સાચી સાબિત થઈ.

હું થોડો મૂંઝાયો. કોઈકે તો અમિતજીને કહેવું પડે એમ હતું. હું એમની પાસે ગયો અને કહ્યું કે મેં આ સીનનું રેકૉર્ડિંગ સાંભળ્યું. તમારો અવાજ સહેજ ભારેખમ લાગે છે. બાકીના કલાકાર મૂદુ અવાજમાં બોલી રહ્યા છે એટલે... અમિતજી સમજી ગયા અને તરત બોલ્યા કે 'હું થોડા નરમ અવાજમાં (સોફ્ટ ટોન)માં બોલું એમ તું કહેવા માગે છે ને? મેં તરત હા પાડી કહ્યું કે યસ સર. નેચરલ ટોન લાગવો જોઈએ. ત્યાર પછી એમની ડાયલૉગ ડિલિવરીને લઈને મારે કોઈ વાત કરવી ન પડી.'

દર્શકોનો ડાર્લિંગ ને મીડિયાનો માનીતો કલાકાર રણબીર કપૂર

ઋશી કપૂર અને નીતુ (સિંહ) કપૂરને ત્યાં ૨૮ સપ્ટેમ્બર, ૧૯૮૨ના જન્મેલા રણબીર કપૂરે માત્ર ૧૭ વર્ષની ઉંમરે સહાયક દિગ્દર્શક તરીકે બોલિવૂડમાં શરૂઆત કરી. 'આ અબ લૌટ ચલે' ફિલ્મનાં દિગ્દર્શક-નિર્માતા રિશી કપૂર હતા અને તેનાં સહાયક તરીકે રણબીર કપૂરે શરૂઆત કરી હતી. આમ પણ કપૂર ખાનદાનનો કોઈ નબીરો અભિનયની દુનિયામાં પ્રવેશતા અગાઉ ફિલ્મ નિર્માણની બધી જ માહિતી મેળવવા માટે સહાયક દિગ્દર્શક તરીકે જ શરૂઆત કરે છે. આ પરંપર રાજ કપૂરથી ચાલતી આવી છે.


પહેલાં પોતાની જ નિર્માણ સંસ્થામાં પિતાના દિગ્દર્શક તરીકે શરૂઆત કરવી, ત્યાર બાદ કોઈ જાણીતા દિગ્દર્શકના સહાયક બનીને તાલીમ મેળવવી અને પછી હીરો તરીકે શરૂઆત કરવી. રણબીર કપૂરે પણ આ પરંપરા જાળવી રાખી.

રણબીરે સહાયક દિગ્દર્શક તરીકે શરૂઆત તો કરી, પણ પહેલાંથી જ એ નક્કી હતું કે તેણે દિગ્દર્શનમાં નહીં, પણ અભિનયમાં એટલે કે હીરો તરીકે જ એન્ટ્રી કરવાની છે. નિર્માતા- દિગ્દર્શક પિતાની એ ફિલ્મ પછી તેણે સંજય લીલા ભણસાલીના સહાયક તરીકે 'બ્લેક' ફિલ્મમાં કામગીરી બજાવી. એના શૂટિંગ દરમિયાન તેને ઘણી વાતો શીખવા મળી. 'બ્લેક'માં અમિતાભ બચ્ચન અને રાણી મુખર્જીના અભિનયની બારીકીઓ એને જોવા-જાણવા મળી.

આ પછી સંજય લીલા ભણસાલીએ તેને હીરો તરીકે ૨૦૦૭માં આવેલી 'સાંવરિયા' ફિલ્મમાં બ્રેક આપ્યો હતો. આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે રણબીર કપૂરની ઉંમર માત્ર ૨૦ વર્ષની જ હતી. 'સાંવરિયા'માં સંજય ભણસાલીએ સોનમ કપૂરને હીરોઈન તરીકે ઈન્ટ્રોડ્યુસ કરી અને હીરો તરીકે રણબીર કપૂર. ફિલ્મમાં સલમાન ખાનની પણ મહત્ત્વની ભૂમિકા હતી.

રણબીરની એ પહેલી ફિલ્મ બોક્સઓફિસ ગજાવી ન શકી પણ રણબીર કપૂરની 'ટેલન્ટ'ના ખૂબ વખાણ થયા હતા. આ ફિલ્મ માટે રણબીર કપૂરને પહેલો ફિલ્મફેર એવૉર્ડ મળ્યો હતો. પહેલી જ ફિલ્મમાં અભિનય માટે એવૉર્ડ મેળવ્યા પછી ૨૦૦૭ થી ૨૦૨૩ સુધીના ૧૬ વર્ષમાં તેણે સાત વાર ફિલ્મફેર એવૉર્ડસ મેળવ્યા છે, જે તેની અભિનયની ક્ષમતાના પુરાવા છે એમ કહી શકાય.

૨૦૦૯માં 'વેક અપ સિડ' પછી એ જ વર્ષે રજૂ થયેલી 'અજબ પ્રેમ કી ગજબ કહાની' અને ૨૦૦૯માં જ રજૂ થયેલી 'રોકેટ સિંહઃ સેલ્સમેન ઓફ ધ યર' માટે તેને ફિલ્મફેરના શ્રેષ્ઠ અભિનેતાના એવૉર્ડસ મળ્યા હતા. કદાચ, ફિલ્મફેર એવૉર્ડસના ઈતિહાસમાં રણબીર એકમાત્ર એવો અભિનેતા છે, જેને એક જ વર્ષમાં શ્રેષ્ઠ અભિનેતાનો એવૉર્ડ ત્રણ વાર મળ્યો હોય. આ પછી તેને ૨૦૧૧માં 'રોકસ્ટાર' માટે, ૨૦૨૩માં 'એનિમલ' માટે એવૉર્ડસ મળ્યા છે.



સન, ૨૦૦૯માં રણબીરની ત્રણ ફિલ્મ રિલીઝ થઈ હતી અને તે પણ બોક્સઓફિસ પર જરાય ચાલી નહોતી.

હતી. 'વેક અપ સિડ, 'અજબ પ્રેમ કી ગજબ કહાની' અને 'રોકેટ સિંહઃ સેલ્સમેન ઓફ ધ યર' આ ત્રણેય ફિલ્મ અલગ-અલગ પ્રકારની હતી અને એ ત્રણેય ફિલ્મ માટે તેને શ્રેષ્ઠ અભિનેતા તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તેની ફિલ્મોને બોક્સઓફિસ પર સફળતા મળતી હતી એટલે તેનું નામ સતત ગાજતું રહેતું હતું.

બીજી બાજુ, તેની ઈમેજ એક 'લવરબોય'તરીકેની ઊભી થઈ હતી. તેનું નામ દિપીકા પદુકોણ, કેટરિના કૈફ સાથે જોડાયું હતું અને ત્યાર પછી ૨૦૧૮માં તેનું નામ આલિયા ભટ્ટ સાથે ગાજવા માંડ્યું અને ૨૦૨૨ની ૧૪ એપ્રિલે તેણે તેની સાથે લગ્ન પણ કરી લીધા હતા.

દર્શકોના ડાર્લિંગ એવા રણબીર કપૂર પત્રકારોનો ખૂબ જ માનીતો કલાકાર છે. તે પોતાની વાતો ખુલ્લા દિલે પત્રકારોને જણાવતો રહે છે એટલે પત્રકારોને સારો 'મસાલો' મળી રહે છે. એક સમયે નીતુ સિંહ અને રિશી કપૂરના ખૂબ જ ઝઘડા થતા હતા. ડેડી રિશી ઘરે ડ્રીન્ક કરે પછી મમ્મી નીતુ સિંહ સાથે ઝઘડે. આ વાત રણબીરે મીડિયામાં જણાવી હતી. તે સમયે તેની ઉંમર નાની હતી એટલે ઘરમાંના દાદરા પર તે માતા-પિતાના ઝઘડાથી ગભરાઈને ઘર બહારનાં પગથિયાં પર એ બેસી રહેતો એવું તેણે પોતે મીડિયાને જણાવ્યું હતું.


રણબીર સાતમા ધોરણમાં ભણતો હતો ત્યારે તેની શાળાની ટીચર પર 'ક્રશ' થઈ ગયો હતો અને તે મનોમન પ્રેમ કરવા લાગ્યો હતો. પણ તે 'ટીચર'ના બીજે લગ્ન થતાં તે 'ડિપ્રેશન'માં સરી પડ્યો હતો. આમ તે પોતાની જિંદગીની અંગત વાતો પણ મીડિયામાં જણાવતો હતો અને મીડિયાને 'મસાલો' પૂરો પાડ્યા કરતો હોવાથી મીડિયા તેની 'દીવાની' થઈ ગઈ હતી.


દિપીકા પદુકોણ- કેટરિના કૈફ અને પછી આલિયા ભટ્ટ સાથેના પ્રેમસંબંધ પણ તેણે ક્યારેય છુપાવ્યા નથી. મુંબઈની એચ. આર. કોલેજ ઓફ કોમર્સ અને ઈકોનોમિક્સમાંથી ડિગ્રી મેળવ્યા પછી ફિલ્મસર્જનની તાલીમ મેળવવા માટે તેણે ન્યૂ યોર્કની 'સ્કૂલ ઓફ વિઝ્યુઅલ આર્ટ્સ'માં પ્રવેશ મેળવ્યો હતો અને પછી અભિનયની બારીકાઈ શીખવા તેણે 'લી સ્ટ્રાસબર્ગ

થિયેટર એન્ડ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ'માં પ્રવેશ મેળવ્યો હતો. અહીં અભ્યાસ દરમિયાન બે શોર્ટ ફિલ્મમાં અભિનય પણ કર્યો હતો અને તેનું દિગ્દર્શન પણ કર્યું હતું. જો કે, આ બંને શોર્ટ ફિલ્મ 'સાવ બકવાસ' હતી એમ તેણે પોતે જ જણાવ્યું હતું.

વિદેશથી આવ્યા પછી તેણે સૌ પ્રથમ પોતાના કાકા રાજીવ કપૂર દિગ્દર્શિત ફિલ્મ 'પ્રેમગ્રંથ'માં સહાયક તરીકે કામ કર્યું હતું. આ ફિલ્મમાં તેનાં પિતા રિશી કપૂર હીરો હતા અને માધુરી દીક્ષિત હીરોઈન. આ ફિલ્મ ૧૯૯૬માં રિલીઝ થઈ હતી અને તે પણ બોક્સઓફિસ પર જરાય ચાલી નહોતી.







દિવાળી પાર્ટીમાં છવાઈ બોલિવૂડની સુંદરીઓ! કરીના કપૂરનો અંદાજ જોઈ ચાહકો રહી ગયા દંગ

દિવાળીનો તહેવાર હોય અને બોલિવૂડના કલાકારોની શાનદાર પાર્ટીઓની ચર્ચા ન થાય એવું કેવી રીતે બની શકે? હાલ ફિલ્મ જગતમાં દિવાળી પાર્ટીઓનો માહોલ જામ્યો છે. તે દરમિયાન જાણીતી ફિલ્મ નિર્માતા નિધિ દત્તાએ પણ ભવ્ય દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું. આ પાર્ટીમાં બોલિવૂડની અનેક જાણીતી હસ્તીઓ પોતાના પરિવાર અને નજીકના મિત્રો સાથે હાજરી આપવા પહોંચી હતી. સ્ટાર્સની હાજરી અને તેમના સુંદર ટ્રેડિશનલ લુકે પાર્ટીની રોનક વધારી દીધી હતી.નિધિ દત્તાની આ દિવાળી પાર્ટીમાં કરીના કપૂર, રાશા થડાની, શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રા, ઈશા દેઓલ, રકુલ પ્રીત સિંહ, જેકી ભગનાની, સારા અલી ખાન, વરુણ ધવન, સોનાક્ષી સિંહા, ઝહીર ઈકબાલ અને અર્જુન કપૂર સહિત અનેક સેલિબ્રિટીઓ જોવા મળ્યાં હતાં. તમામ કલાકારોએ ભારતીય પરંપરાગત પોશાકમાં શાનદાર અંદાજ રજૂ કર્યો હતો. ખાસ કરીને અભિનેત્રીઓના રંગબેરંગી એથનિક લુકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.પાર્ટીમાં અભિનેત્રી શિલ્પા શેટ્ટી પતિ રાજ કુન્દ્રા સાથે પહોંચી હતી. શિલ્પાએ સફેદ રંગનો સુંદર અનારકલી સૂટ પહેર્યો હતો, જેના પર કાળા અને ગોલ્ડન રંગની હેવી એમ્બ્રોઈડરી કરવામાં આવી હતી. મેચિંગ દુપટ્ટા અને ટ્રેડિશનલ ફૂટવેર સાથે તેણે પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. બીજી તરફ રાજ કુન્દ્રા કાળા રંગના પરંપરાગત પોશાકમાં જોવા મળ્યા હતા. બંનેની જોડી કેમેરા સામે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

સારા અલી ખાન અને વરુણ ધવન પણ પોતાના અંદાજથી ચર્ચામાં રહ્યાં હતાં. સારાએ લાલ રંગનો સુંદર એથનિક પોશાક પહેર્યો હતો, જેમાં તે ખૂબ જ આકર્ષક લાગી રહી હતી. જ્યારે વરુણ ધવને કાળા રંગનો પરંપરાગત પોશાક પસંદ કર્યો હતો. બીજી તરફ સોનાક્ષી સિંહા પતિ ઝહીર ઈકબાલ સાથે પાર્ટીમાં પહોંચી હતી. બંનેએ લાલ અને સફેદ રંગના કોમ્બિનેશનમાં શાનદાર અંદાજ રજૂ કર્યો હતો. કેમેરા સામે બંને એકબીજા સાથે ખુશખુશાલ જોવા મળ્યાં હતાં.

અર્જુન કપૂર અને રાશા થડાની પણ પાર્ટીમાં પોતાના લુકને કારણે ચર્ચામાં રહ્યાં હતાં. અર્જુન કપૂરે કાળા રંગનો કુર્તો પહેર્યો હતો અને ઓલ-બ્લેક લુકમાં તે સ્ટાઈલિશ લાગતો હતો. બીજી તરફ રાશા થડાનીએ ચમકદાર સિલ્વર અને ગ્રે રંગની સુંદર સાડી પસંદ કરી હતી. સાડી પર કરવામાં આવેલી શિમરી ડિટેઈલિંગે તેના લુકને વધુ આકર્ષક બનાવ્યો હતો. અભિનેત્રી ઈશા દેઓલ હળવા ગુલાબી રંગની સાડીમાં જોવા મળી હતી. તેનો સાદગીભર્યો પરંપરાગત અંદાજ તહેવારના માહોલને અનુરૂપ હતો.

આ ઉપરાંત અરબાઝ ખાન અને કરીના કપૂર પણ પાર્ટીના ખાસ આકર્ષણ રહ્યાં હતાં. અરબાઝ ખાને કાળા રંગના કુર્તા સાથે ચમકદાર એમ્બ્રોઇડરીવાળું જેકેટ પહેર્યું હતું, જેમાં તેનો લુક ક્લાસી અને સ્ટાઈલિશ લાગી રહ્યો હતો. જ્યારે કરીના કપૂરે પીળા અને લીલા રંગનો સુંદર ટ્રેડિશનલ સૂટ પહેર્યો હતો. તેના આ પરંપરાગત અંદાજે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. બીજી તરફ રકુલ પ્રીત સિંહ પતિ જેકી ભગનાની સાથે પાર્ટીમાં પહોંચી હતી. બંને એથનિક પોશાકમાં સજ્જ હતાં અને કેમેરા સામે અનેક પોઝ આપતાં જોવા મળ્યાં હતાં.

હજી પહેલો ભાગ આવ્યો ત્યાં ત્રીજાની તૈયારી?

અત્યારે નીતિશ તિવારી દિગ્દર્શિત પૌરાણિક મહાકાવ્ય 'રામાયણ'ની જબરદસ્ત ચર્ચા ચાલી રહી છે. રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ અભિનીત આ ભવ્ય ફિલ્મ ગઈ કાલે સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે અને દર્શકો તરફથી તેને જોરદાર પ્રતિસાદ પણ સાંપડી રહ્યો છે. આ દરમિયાન ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ એક રોચક ખુલાસો કરીને સિનેપ્રેમીઓની ઉત્સુકતા બમણી કરી દીધી છે.

તાજેતરના એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે સંકેત આપ્યો હતો કે દર્શકોના પ્રતિસાદના આધારે 'રામાયણ ૩' બનાવવાની યોજના પર પુનર્વિચાર થઈ શકે છે. મૂળ આયોજન મુજબ આ ગાથાને ત્રણ ભાગમાં રજૂ કરવાની ગણતરી હતી, પરંતુ બાદમાં સર્જનાત્મક અભિગમ બદલાતાં તેને બે ભાગ પૂરતી સીમિત રાખવામાં આવી હતી. મલ્હોત્રાએ જણાવ્યું કે પહેલા ભાગના બે અલગ-અલગ રનટાઈમ તૈયાર કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે હોલિવૂડની પ્રખ્યાત શ્રેણી 'ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ'ની માફક લાંબી આવૃત્તિ રજૂ કરવાનો વિકલ્પ પણ ખુલ્લો છે.

જોકે, તે અને દિગ્દર્શક નીતિશ તિવારી બંને ઈચ્છે છે કે સમગ્ર વિશ્વના દર્શકો માટે એક જ સમાન સંસ્કરણ રાખવામાં આવે. હવે જ્યારે ફિલ્મ ગઈ કાલે રજૂ થઈ ચૂકી છે, ત્યારે દર્શકોના અંતિમ પ્રતિભાવ પરથી જ સ્પષ્ટ થશે કે નિર્માતાઓ ત્રીજો ભાગ લાવશે કે પછી બે ભાગ સુધી જ સીમિત રહેશે. હાલ આ મામલે બોલિવૂડમાં ગરમાગરમ ચર્ચા છે.

પ્રિયદર્શન માટે વળી એક ફિલ્મ 'અપ્રિય' થઈ ગઈ

પ્રિયદર્શને ડાયરેક્ટ કરી હોય એવી કોઈ સુપર હીટ ફિલ્મની સિક્વલ કોઈ બીજું ડાયરેક્ટ કરે તેનું લિસ્ટ હવે લાંબું થઈ શકે તેમ છે. વર્ષ ૨૦૦૬માં દર્શકોને ખડખડાટ હસાવનારી કલ્ટ કોમેડી ફિલ્મ 'માલામાલ વીકલી'ની સિક્વલને લઈને સિનેપ્રેમીઓ ઘણા સમયથી ઉત્સુક હતા. જોકે, હવે આ પ્રોજેક્ટ સાથે જોડાયેલી એક ચોંકાવનારી વિગત બહાર આવી છે. મૂળ ફિલ્મના સર્જક અને દિગ્ગજ દિગ્દર્શક પ્રિયદર્શને સ્પષ્ટતા કરી દીધી છે કે તે 'માલામાલ વીકલી ૨'નું દિગ્દર્શન કરવાના નથી.

મીડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે હવે કોઈ સિક્વલ બનાવવા માગતા નથી, તેથી આ ફ્રેન્ચાઈઝી સાથે તેમનો કોઈ સંબંધ રહ્યો નથી. પ્રિયદર્શને પ્રોજેક્ટ છોડતાં જ નિર્માતાઓએ કમાન નવા હાથમાં સોંપી દીધી છે. 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા' ફેમ દિગ્દર્શક અમિત જોશી હવે આ કોમેડી સિક્વલનું સુકાન સંભાળશે.

આ ફેરફાર માત્ર કેમેરા પાછળ જ સીમિત નથી, પરંતુ પડદા પરના કલાકારોમાં પણ મોટો ઊલટફેર જોવા મળશે. ચર્ચા મુજબ, મૂળ ફિલ્મમાં મહત્ત્વનો ભાગ ભજવનાર રિતેશ દેશમુખ પણ આ નવી સિક્વલમાં જોવા મળશે નહીં. અગાઉ પરેશ રાવલ, ઓમ પુરી, રાજપાલ યાદવ અને અસરાની જેવા કલાકારોના અભિનયથી ફિલ્મે બોક્સઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે નવા દિગ્દર્શક અમિત જોશી નવી વાર્તા અને બદલાયેલી સ્ટારકાસ્ટ સાથે દર્શકોને ફરીથી હસાવવામાં કેટલા સફળ રહે છે, તેના પર બોલિવૂડની મીટ મંડાયેલી છે.



ગાવસ્કરે ગંભીરના કેએલ રાહુલની આગળ અક્ષર પટેલને મોકલવાના નિર્ણયનો બચાવ કર્યો

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ દિગ્ગજ સુનીલ ગાવસ્કરે મુખ્ય કોચ ગૌતમ ગંભીરના વ્યૂહાત્મક નિર્ણયનું જોરદાર સમર્થન કર્યું છે. આ મામલો ન્યુઝીલેન્ડ સામેની બીજી વનડે સાથે સંબંધિત છે, જ્યાં ટીમ મેનેજમેન્ટે વેલિંગ્ટનમાં ૧૩૫ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે અક્ષર પટેલને કેએલ રાહુલની આગળ ૫ નંબર પર બેટિંગ કરવા મોકલ્યો હતો. આ નિર્ણય માટે ગૌતમ ગંભીરને સોશિયલ મીડિયા પર વ્યાપક ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ટીમે ૩૯ રન પર ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી, અને આવી સ્થિતિમાં, કેએલ રાહુલ જેવા અનુભવી બેટ્સમેનને સામાન્ય રીતે ૫ નંબર પર મોકલવામાં આવે છે. જોકે, જ્યારે અક્ષર પટેલ બેટિંગ કરવા આવ્યો, ત્યારે ઘણા ક્રિકેટ ચાહકોએ આ પગલા પર સવાલ ઉઠાવ્યા. સુનીલ ગાવસ્કર માને છે કે બોલરોની લયને ખલેલ પહોંચાડવા માટે ડાબા હાથના બેટ્સમેનને ઉપરના ક્રમમાં મોકલવો એ એક વ્યૂહાત્મક નિર્ણય હતો. તેમણે કહ્યું, "જો ડાબા હાથનો બેટ્સમેન આવે છે, તો બોલરોને તેમની લાઈન અને લેન્થ બદલવામાં મુશ્કેલી પડે છે, જે જમણા હાથના બેટ્સમેન સામે તેમની લયને ખલેલ પહોંચાડી શકે છે અને રન માટે વધુ તકો ઊભી કરી શકે છે."

જોકે, આંકડાકીય રીતે, અક્ષર પટેલને ઉપરના ક્રમે પ્રમોટ કરવાનો નિર્ણય કામ ન આવ્યો, કારણ કે તેણે ૧૭ બોલમાં ફક્ત ૭ રન બનાવ્યા હતા. આ હોવા છતાં, ગાવસ્કરે આવા નિર્ણયોનો બચાવ કરતા કહ્યું, "જો અક્ષરે રન બનાવ્યા હોત, તો લોકો કદાચ કહેત, 'કેટલી શાનદાર કેપ્ટનશીપ.' આવી યોજનાઓ ક્યારેક કામ કરે છે અને ક્યારેક નિષ્ફળ જાય છે. જ્યારે તમે જાણો છો કે તમારી પાસે બેટિંગ ક્રમમાં કેએલ રાહુલ જેવો ગુણવત્તાયુક્ત ખેલાડી બાકી છે, ત્યારે તમે પ્રયોગ કરી શકો છો." આ પહેલીવાર નથી જ્યારે અક્ષર પટેલને ઉપરના ક્રમે પ્રમોટ કરવામાં આવ્યો હોય. ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ ફાઇનલમાં પણ તેને પાંચમા ક્રમે બેટિંગ કરવા મોકલવામાં આવ્યો હતો, જ્યાં તેણે ૩૪ રનમાં ત્રણ વિકેટ પડ્યા બાદ ૪૭ રનની મહત્વપૂર્ણ ઇનિંગ રમી હતી અને વિરાટ કોહલી સાથે ૭૨ રનની મેચ-વિનિંગ ભાગીદારી કરી હતી. આ દર્શાવે છે કે ટીમ મેનેજમેન્ટને તેની બેટિંગ ક્ષમતામાં વિશ્વાસ છે અને આવા નિર્ણયો ફક્ત તાત્કાલિક સંજોગોના આધારે લેવામાં આવે છે.

જોકે, આંકડાકીય રીતે, અક્ષર પટેલને ઉપરના ક્રમે પ્રમોટ કરવાનો નિર્ણય કામ ન આવ્યો, કારણ કે તેણે ૧૭ બોલમાં ફક્ત ૭ રન બનાવ્યા હતા. આ હોવા છતાં, ગાવસ્કરે આવા નિર્ણયોનો બચાવ કરતા કહ્યું, "જો અક્ષરે રન બનાવ્યા હોત, તો લોકો કદાચ કહેત, 'કેટલી શાનદાર કેપ્ટનશીપ.' આવી યોજનાઓ ક્યારેક કામ કરે છે અને ક્યારેક નિષ્ફળ જાય છે.

દિવાળીની ભાવના: ડેવિડ વોર્નર અને કેવિન પીટરસન શુભેચ્છાઓ પાઠવે છે

ઘણા વિદેશી ક્રિકેટરો ભારતને પોતાનું બીજું ઘર માને છે, જેમાં ડેવિડ વોર્નર અને કેવિન પીટરસન જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. ભારત અને તેના લોકો માટે આ બે દિગ્ગજ ક્રિકેટરોનો પ્રેમ કોઈ રહસ્ય નથી. આ દિવાળી પર, તેમનો ઉત્સાહ એટલો તીવ્ર હતો કે તેઓ ૮ નવેમ્બર, દિવાળીના દિવસની રાહ જોઈ શકતા ન હતા, અને તેમણે એક દિવસ પહેલા, ૭ નવેમ્બરના રોજ તેમના ભારતીય ચાહકો અને દેશવાસીઓને હાર્દિક દિવાળીની શુભેચ્છાઓ મોકલી હતી. વોર્નર અને પીટરસન ભારત સાથે ઊંડો સંબંધ ધરાવે છે; તેઓ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા અનુભવે છે અને ઘણીવાર દિવાળી જેવા તહેવારો ઉજવે છે. તે બંને સોશિયલ મીડિયા દ્વારા તેમના ભારતીય ચાહકો સાથે સતત જોડાયેલા રહે છે, અને તેમના સ્નેહની હંમેશા પ્રશંસા કરવામાં આવે છે.

કેવિન પીટરસને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર દરેકને દિવાળીની શુભેચ્છાઓ પાઠવતા લખ્યું, "આ ખૂબ જ આનંદદાયક પ્રસંગે મારા બધા પ્રિય મિત્રોને દિવાળીની શુભકામનાઓ. મને આશા છે કે તે તમારા બધા માટે પ્રેમ, હાસ્ય અને ઘણી મજાથી ભરપૂર રહેશે." પીટરસને વારંવાર કહ્યું છે કે તે આ તહેવારને ખૂબ જ પ્રેમ કરે છે અને તેની જીવંતતાથી પ્રભાવિત છે. આ દરમિયાન, ડેવિડ વોર્નરે દિવાળીની સાથે ધનતેરસની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પર એક ખાસ પોસ્ટ શેર કરતા તેમણે લખ્યું, "મારા બધા મિત્રો અને ચાહકોને સમૃદ્ધિ અને પુષ્કળ ખુશી મળે." વોર્નરે વારંવાર ભારતીય તહેવારો અને સંસ્કૃતિ પ્રત્યેનો ઉત્સાહ પણ વ્યક્ત કર્યો છે. લોકોએ આ બે દિગ્ગજ ક્રિકેટરોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના આ પ્રેમની ખૂબ પ્રશંસા કરી છે. ભારતીય ચાહકો, દિવાળી હજુ આવી નથી તે જાણતા હોવા છતાં, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના તેમના જુસ્સા અને ઉત્સાહની પ્રશંસા કરી. આ તેમના અને ભારતીય ચાહકો વચ્ચેના ખાસ બંધનને પ્રતિબિંબિત કરે છે.

ટીમ ઈન્ડિયા ૨૦૨૭ ODI વર્લ્ડ કપ માટે આ ખેલાડીઓ પર નજર રાખી રહી છે

નવી દિલ્હી , દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા દ્વારા આયોજિત ૨૦૨૭ ૈંડ્ઢૈં વર્લ્ડ કપ આવતા વર્ષે ૨ ઓક્ટોબરથી શરૂ થવાનો છે. ભારતીય ટીમ મેનેજમેન્ટ વર્લ્ડ કપની તૈયારી કરવા અને મજબૂત પ્લેઈંગ ઈલેવન કોમ્બિનેશન વિકસાવવા માટે સતત નવા ખેલાડીઓ સાથે પ્રયોગ કરી રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં, ઘણા નવા ચહેરાઓને તકો આપવામાં આવી છે, ખાસ કરીને બોલિંગ વિભાગમાં, જેમાં આકિબ નબી, પ્રિન્સ યાદવ અને ગુરનુર બ્રાર જેવા નામોનો સમાવેશ થાય છે.



જસપ્રીત બુમરાહ, વિરાટ કોહલી, રોહિત શર્મા અને કેએલ રાહુલ જેવા કેટલાક અનુભવી ખેલાડીઓનો ટીમમાં સમાવેશ લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. જોકે, ટીમ મેનેજમેન્ટે એવા ખેલાડીઓની સંભવિત યાદી તૈયાર કરી હશે જેમાંથી અંતિમ વર્લ્ડ કપ ટીમ પસંદ કરી શકાય. ચાલો કેટલાક સંભવિત ખેલાડીઓ પર એક નજર કરીએ:બેટિંગ: શુભમન ગિલ, વિરાટ કોહલી અને રોહિત શર્મા ટોપ ઓર્ડરમાં રમવાનું લગભગ નક્કી છે. યશસ્વી જયસ્વાલને ટીમમાં સામેલ ન કરી શકાય, કારણ કે પસંદગીકારોએ હાલમાં તેમને ૈંડ્ઢૈં ફોર્મેટમાંથી બાકાત રાખ્યા છે. રુતુરાજ ગાયકવાડને તક મળે તેવી શક્યતા છે, કારણ કે તેમને સતત ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે અને તેઓ ઈનિંગ્સની શરૂઆત તેમજ નંબર ૫ પર બેટિંગ પણ કરી શકે છે. શ્રેયસ ઐયર નંબર ૪ સ્થાન માટે એક મજબૂત દાવેદાર છે. નમન ધીરે તેમની મજબૂત બેટિંગ અને મધ્યમ અને નીચલા મધ્યમ ક્રમમાં ઉપયોગી બોલિંગથી પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે.

વિકેટકીપર: કેએલ રાહુલ વર્લ્ડ કપમાં ભારતીય ટીમ માટે પ્રથમ પસંદગીનો વિકેટકીપર હશે. ઈશાન કિશન, તેના પ્રભાવશાળી ફોર્મ સાથે, બીજા વિકેટકીપરના સ્થાન માટે ઋષભ પંતને પાછળ છોડી દીધો છે, જે ઓગસ્ટ ૨૦૨૪ માં ઉપલબ્ધ થશે.



અંડર-૧૯ એશિયા કપમાં પાકિસ્તાને ભારતને 3 વિકેટથી હરાવ્યું

હમઝા ઝહૂરની સેન્ચુરી; ઈન્ડિયાના અર્જુન રાજપૂતની સદી કામ ન આવી

પાકિસ્તાને અંડર-૧૯ એશિયા કપમાં ભારતને ૩ વિકેટથી હરાવ્યું છે. ટીમે ૨૦૯ રનનો ટાર્ગેટ ૪૮.૧ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ચેઝ કર્યો.

ઓમાનના અલ અમીરાતમાં વિકેટકીપર બેટર હમઝા ઝહૂરે નોટઆઉટ ૧૦૦ રનની ઈનિંગ રમી. તેણે હસનૈન અબ્બાસ ડાર (૩૮) સાથે છઠ્ઠી વિકેટ માટે ૧૦૭ રનની ભાગીદારી કરી. ભારત તરફથી મનલ ચૌહાણે ૩ વિકેટ લીધી.

આના પહેલાં ટોસ જીતીને પહેલા બેટિંગ કરી રહેલી ટીમ ઈન્ડિયા ૪૬.૩ ઓવરમાં ૨૦૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. અર્જુન રાજપૂતે ૧૦૭ રન બનાવ્યા. પાકિસ્તાન તરફથી અલી રઝા, નિકાબ શફીક અને રિઝવાનુલ્લાહે ૩-૩ વિકેટ લીધી.

ભારત અંડર-૧૯: લક્ષ્ય રાયચંદાની (કેપ્ટન), આર્યવીર સેહવાગ, અન્વય દ્રવિડ (વિકેટકીપર), અર્જુન રાજપૂત, ઈશાન સૂદ, કાવ્ય પટેલ, મનલ ચૌહાણ, મોહિત ઉલ્વા, યશવીર ગૌડ, વીકે વિનીથ, યશવર્ધન સિંહ ચૌહાણ.

પાકિસ્તાન અંડર-૧૯: ઉસ્માન ખાન, જહાંગીર બિલાલ, અબ્દુલ કાદિર, અહમદ હુસૈન, અલી રઝા, હમઝા ઝાહૂર (વિકેટકીપર), હસનૈન અબ્બાસ ડાર, મોહમ્મદ સૈયામ, ફરહાન યુસુફ (કેપ્ટન), નિકાબ શફીક, રિઝવાનુલ્લાહ.

કાવ્ય પટેલે નાખેલી ૪૯મી ઓવરના પહેલા બોલ પર હમઝા ઝહૂરે ચોગ્ગો ફટકારીને સદી પૂરી કરી. આ સાથે જ પાકિસ્તાન ૩ વિકેટથી જીત્યું. આ જીત પછી હમઝા હેલમેટ ઉતારીને પાકિસ્તાની સમર્થકોની તરફ દોડ્યો અને સેલિબ્રેશન કર્યું.મોહિત ઉલ્વાની ૪૭મી ઓવરમાં પાકિસ્તાનને ૩ રન મળ્યા. હમઝા ઝહૂરે પહેલા બોલ પર થર્ડ મેનની તરફ રમીને સિંગલ લીધો. ચોથા બોલ પર નિઝાબ શફીકે પણ બોલને થર્ડ મેનની તરફ ગાઇડ કરીને એક રન બનાવ્યો. ઓવરના છેલ્લા બે બોલ પર શફીક કોઈ રન બનાવી શક્યો નહીં.ઈશાન સૂદની ૪૬મી ઓવરમાં પાકિસ્તાન માત્ર ૧ રન બનાવી શક્યું. પહેલા બોલ પર હમઝા ઝહૂરે ઓફ સાઇડમાં સ્કવેરની તરફ શૉટ રમીને સિંગલ લીધો. આના પછી નિઝાબ શફીકે સતત ૫ બોલ ડૉટ રમ્યા. ઈશાને ઓફ સ્ટમ્પની બહાર અને પેડ્સ પર બોલ નાખ્યો, પરંતુ શફીક કોઈ રન બનાવી શક્યો નહીં.

મોહિત ઉલ્વાની ૪૫મી ઓવરમાં હમઝા ઝહૂરે બાઉન્ડરી લગાવી. ફુલ લેન્થ બોલ પર તેણે આગળ વધીને મિડ-ઓફની જમણી તરફ ડ્રાઇવ રમી. ફિલ્ડરે ડાબી તરફ ડાઇવ લગાવી, પરંતુ બોલ તેના નીચેથી નીકળીને બાઉન્ડરી સુધી પહોંચી ગઈ. હમઝાએ આ ઓવરમાં ૭ રન બનાવ્યા.મોહિત ઉલ્વાએ ૪૩મી ઓવરમાં મોહમ્મદ સૈયામને આઉટ કરી ભારતને સાતમી સફળતા અપાવી. તેણે ફુલર લેન્થ બોલ ઓફ સ્ટમ્પની બહાર નાખ્યો. સૈયામે ડ્રાઇવ રમવાની કોશિશ કરી, પરંતુ બેટની આઉટ સાઇડ એડ્જ લાગી ગઈ. વિકેટકીપર અન્વય દ્રવિડે ડાબી તરફ ઝૂકીને એક હાથથી શાનદાર કેચ પકડ્યો. પાકિસ્તાનને જીત માટે ૨૬ રન જોઈએ, જ્યારે ભારતને ૩ વિકેટની જરૂર છે.



વિરાટ કોહલીએ ચાહકોના વર્તન પર નારાજગી વ્યક્ત કરી

મેદાન પર ફેંકાયેલ બેટ દૂર કર્યું

નવી દિલ્હી , ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની બીજી વનડે દરમિયાન, ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી તેના સામાન્ય ઉત્સાહી વર્તનથી વિપરીત, ખૂબ ગંભીર દેખાતો હતો. આ મેચમાં, ભારતીય ટીમે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) પદ્ધતિનો ઉપયોગ કરીને ૪ રનથી રોમાંચક વિજય મેળવ્યો. આ ઘટના ત્યારે બની જ્યારે વિરાટ કોહલી સીમા નજીક ફિલ્ડિંગ કરી રહ્યો હતો. મેચ દરમિયાન, કેટલાક ચાહકોએ મેદાન પર એક નાનું પ્લાસ્ટિકનું બેટ ફેંક્યું હતું, એવી આશામાં કે વિરાટ કોહલી તેના પર ઓટોગ્રાફ આપશે. જોકે, આ ક્રિયા પર વિરાટ કોહલીની પ્રતિક્રિયા નોંધપાત્ર હતી. તેણે પહેલા ચાહકો તરફ આંગળી ચીંધી, તેમને જાણ કરી કે મેદાન પર કંઈપણ ફેંકવું ખોટું છે, અને પછી બેટ ઉપાડીને તેને પાછું અંદર મૂક્યું. વિરાટ કોહલી સામાન્ય રીતે ફિલ્ડિંગ કરતી વખતે પ્રેક્ષકો સાથે પ્રોત્સાહિત અને વાતચીત કરતો જોવા મળે છે, પરંતુ આ વખતે તેણે એક અલગ અને કડક વર્તન દર્શાવ્યું, જે શિસ્ત પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

બીજી વનડે વેલિંગ્ટનમાં રમાઈ હતી, જ્યાં વરસાદના કારણે મેચ ૪૭ ઓવર સુધી ઘટાડી દેવામાં આવી હતી. બેટિંગની સ્થિતિ ખૂબ પડકારજનક હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે ૧૩૪ રન બનાવ્યા હતા. જવાબમાં, ભારતીય ટીમ ૧૧૪ રન બનાવ્યા ત્યાં સુધીમાં સાત વિકેટ ગુમાવી ચૂકી હતી, અને એવું લાગતું હતું કે તેઓ મેચ હારી શકે છે. જોકે, જ્યારે ભારતનો સ્કોર ૧૧૩ હતો, ત્યારે ભારે વરસાદ આવ્યો. લાંબી રાહ જોયા પછી, મેચ અધિકારીઓએ ડકવર્થ-લુઈસ-સ્ટર્ન પદ્ધતિનો ઉપયોગ કરીને ભારતને ચાર રનથી વિજેતા જાહેર કર્યું. શ્રેણીમાં આ ભારતનો સતત બીજો વિજય હતો, જેનાથી તેમને શ્રેણીમાં લીડ મળી. આ ઘટનાએ ફરી એકવાર રમત દરમિયાન શિસ્ત અને ચાહકોના વર્તનની મર્યાદાઓ અંગે ચર્ચા જગાવી છે.

નૂતન વર્ષ પછી ભાઈબીજથી લઈ લાભ પાંચમ સુધીનો મહિમા!

નૂતન વર્ષનો સૂર્યોદય થાય એટલે ઉત્સવ પૂરો થતો નથી. ખરેખર તો ઉત્સવની સાચી શરૂઆત ત્યાંથી થાય છે. પડવાના દિવસે લોકો એકબીજાને મળે છે, આશીર્વાદ લે છે, મીઠાઈ વહેંચે છે. પણ બીજે દિવસે જે આવે છે તેનું નામ છે ભાઈબીજ. અને તે પછી આવે છે લાભ પાંચમ. આ બે તિથિઓ વચ્ચે જે પાંચ દિવસનો ગાળો છે તે માત્ર કેલેન્ડરનો ગાળો નથી. તે જીવનને સમજવાનો ગાળો છે. તે સંબંધને સાચવવાનો અને કાર્યને ફરી શરૂ કરવાનો ગાળો છે. આપણે ઘણી વાર દિવાળીને ફટાકડા અને દીવામાં પૂરી કરી દઈએ છીએ. પણ આપણા ઋષિઓએ દિવાળી પછીના દિવસોને પણ એટલા જ મહત્વના ગણ્યા છે. કારણ કે દીવો પ્રગટાવવો સહેલો છે, દીવાને ટકાવવો અઘરો છે. પડવો એટલે નવી શરૂઆતનું વચન. ભાઈબીજ એટલે તે વચનને સંબંધથી બાંધવું. લાભ પાંચમ એટલે તે વચનને કર્મથી પૂરું કરવું. આ ક્રમમાં જ આખું વર્ષ સચવાયેલું છે.

ભાઈબીજ - બહેનના આંગણામાં ભાઈનું આગમન

કારતક સુદ બીજ એટલે ભાઈબીજ. કેટલાક તેને યમ દ્વિતીયા પણ કહે છે. તેની પાછળ એક અત્યંત કોમળ કથા છે. યમરાજ પોતાની બહેન યમુનાને મળવા ગયા હતા. યમુનાએ ભાઈને આદરપૂર્વક બેસાડ્યો. તિલક કર્યું. ભોજન કરાવ્યું. આરતી ઉતારી. યમરાજ પ્રસન્ન થયા. તેમણે વરદાન આપ્યું કે જે ભાઈ આ દિવસે બહેનને ત્યાં જઈને તિલક કરાવશે, તેને અકાળ મૃત્યુનો ભય રહેશે નહીં. જે બહેન આ દિવસે ભાઈ માટે પ્રાર્થના કરશે, તેના ભાઈનું આયુષ્ય વધશે.

આ કથા માત્ર યમ અને યમુનાની નથી. આ કથા દરેક ઘરની છે. બહેન એટલે જેનું ઘર લગ્ન પછી બદલાય ગયું છે. પણ તેનું મન પિયરમાં જ રહે છે. ભાઈ એટલે જે પિયરમાં રહીને બહેનના ભાગનું રક્ષણ કરે છે. ભાઈબીજ એટલે આ બંનેને ફરી એક આંગણામાં લાવવાનો દિવસ. આજના સમયમાં ભાઈબીજનું મહત્વ વધી ગયું છે. કારણ કે આજે ભાઈ બહેન એક જ શહેરમાં રહેતા હોવા છતાં મહિનાઓ સુધી મળતા નથી. મોબાઈલ પર વાત થાય છે, પણ આંગણામાં મળવાનું થતું નથી. ભાઈબીજ કહે છે કે મેસેજથી સંબંધ ન સચવાય. સંબંધ સચવાય છે સામે બેસવાથી, સાથે જમવાથી, એકબીજાની આંખમાં જોવાથી. બહેન જ્યારે ભાઈને તિલક કરે છે ત્યારે તે માત્ર કંકુનો ચાંદલો નથી કરતી. તે પોતાના આશીર્વાદનો ચાંદલો કરે છે. તે કહે છે કે ભાઈ, તું ગમે ત્યાં હોય, મારી પ્રાર્થના તારી સાથે છે. ભાઈ જ્યારે બહેનને ભેટ આપે છે ત્યારે તે માત્ર કોઈ વસ્તુ નથી આપતો. તે કહે છે કે બહેન, તું ક્યારેય એકલી નથી. તારો ભાઈ તારી પાછળ ઊભો છે. આ દિવસે બહેનના ઘરે જમવાનું વિશેષ મહત્વ છે. બહેન પોતાના હાથે ભાઈ માટે રસોઈ બનાવે છે. તે રસોઈમાં મસાલા કરતાં મમતા વધારે હોય છે. ભાઈ તે ભોજનને પ્રસાદની જેમ જમે છે. આ ભોજનથી પેટ નહીં, મન ભરાય છે.

ભાઈબીજ એટલે રક્ષણનું વ્રત

ભાઈબીજનો બીજો અર્થ છે રક્ષણ. બહેન ભાઈ પાસે રક્ષણ માંગતી નથી, તે ભાઈને રક્ષણનો ભાવ યાદ અપાવે છે. આજે સમાજમાં બહેન દીકરીની સુરક્ષાની વાત ખૂબ થાય છે. કાયદા બને છે, સૂત્રો લખાય છે. પણ સાચી સુરક્ષા ત્યારે જ આવે જ્યારે ભાઈના મનમાં બહેન પ્રત્યે આદર હોય. જે ભાઈ પોતાની બહેનને માન આપે છે, તે બીજાની બહેનને પણ માન આપશે. ભાઈબીજ આ સંસ્કારને જીવંત રાખે છે.

એક ઉદાહરણ સમજીએ. એક ગામમાં બે ભાઈ હતા. મોટો ભાઈ નોકરી માટે શહેરમાં ગયો. નાનો ભાઈ ગામમાં રહ્યો. બહેનના લગ્ન થયા પછી બંને ભાઈઓએ બહેનને મળવાનું ઓછું કરી દીધું. એક વર્ષે ભાઈબીજ આવી. બહેને બંનેને ફોન કર્યો. મોટા ભાઈએ કહ્યું કે કામ છે, નહીં આવી શકું. નાના ભાઈએ બધું કામ મૂકીને બહેનના ઘરે ગયો. બહેને તેને તિલક કર્યું. નાના ભાઈએ કહ્યું કે બહેન, હું આવ્યો એમાં મોટી વાત નથી. મોટી વાત એ છે કે તેં મને યાદ કર્યો. તે દિવસથી મોટા ભાઈને પણ સમજાયું કે કામ તો આખું વર્ષ ચાલશે, પણ બહેનનો આ દિવસ વર્ષમાં એક જ વાર આવે છે.આ કથા આપણને કહે છે કે ભાઈબીજ એટલે સમય કાઢવાનો દિવસ. જે માણસ પોતાની બહેન માટે સમય નથી કાઢી શકતો, તે પોતાના જીવન માટે પણ સમય નથી કાઢી શકતો.

ભાઈબીજ પછીનો સમય - મનને સ્થિર કરવાનો સમય

ભાઈબીજ પછી ત્રીજ, ચોથ આવે છે. આ દિવસોને લોકો સામાન્ય માને છે. પણ શાસ્ત્રની દૃષ્ટિએ આ દિવસો ખૂબ મહત્વના છે. નૂતન વર્ષે આપણે અનેક લોકોને મળ્યા. અનેક વાતો કરી. મનમાં અનેક વિચારો આવ્યા. હવે મનને થોડું સ્થિર કરવાનો સમય છે. જેમ ખેડૂત વાવેતર પહેલા ખેતરને થોડું ખાલી રાખે છે, જમીનને તૈયાર કરે છે, તેમ ભાઈબીજ પછીના દિવસો મનને તૈયાર કરવાના દિવસો છે. આ દિવસોમાં ઘરમાં શાંતિથી બેસવું. આખા વર્ષનું આયોજન કરવું. કયા કામ પહેલા કરવા છે, કયા કામ પછી કરવા છે, તેનો વિચાર કરવો. આપણા વડીલો કહેતા કે તહેવાર પછી તરત દોડવું નહીં. પહેલા બેસવું. કારણ કે દોડનાર માણસ દિશા ભૂલી જાય છે. બેસનાર માણસ દિશા શોધી લે છે. ભાઈબીજ પછીના બે દિવસ એટલે દિશા શોધવાના દિવસો.

લાભ પાંચમ - શુભ કાર્યનો પુનઃપ્રારંભ

કારતક સુદ પાંચમ એટલે લાભ પાંચમ. આ દિવસને સૌભાગ્ય પંચમી પણ કહે છે. ગુજરાતમાં આ દિવસનું વિશેષ મહત્વ છે. દિવાળી પછી વેપારીઓ દુકાન બંધ રાખે છે. નૂતન વર્ષે માત્ર મળવા જવાનું હોય છે. ભાઈબીજે સંબંધ સાચવવાનો હોય છે. અને લાભ પાંચમે ફરી કામ શરૂ કરવાનું હોય છે. લાભ પાંચમ એટલે લાભનો દિવસ. પણ લાભ એટલે માત્ર પૈસાનો લાભ નહીં. લાભ એટલે પાંચ પ્રકારનો લાભ. પહેલો લાભ - આરોગ્યનો લાભ. શરીર સારું હોય તો જ કામ થાય. લાભ પાંચમે લોકો આરોગ્ય સાચવવાનો વિચાર કરે છે. સમયસર જમવું. સમયસર ઊંઘવું. બીજો લાભ - સંબંધનો લાભ. ભાઈબીજે જે સંબંધ તાજા થયા, તેને આખું વર્ષ ટકાવવા. લાભ પાંચમ કહે છે કે સંબંધ એ જ સૌથી મોટી મૂડી છે. ત્રીજો લાભ - જ્ઞાનનો લાભ. આ વર્ષે કંઈક નવું શીખવું. નવું પુસ્તક વાંચવું. નવી કળા શીખવી. જે માણસ શીખવાનું બંધ કરે છે, તે વધવાનું બંધ કરે છે.

ચોથો લાભ - કર્મનો લાભ. આ વર્ષે કામમાં પ્રામાણિક રહેવું. કોઈને છેતરવું નહીં. કોઈનું ખરાબ કરવું નહીં. પ્રામાણિક કર્મથી મળેલો લાભ જ ટકે છે. પાંચમો લાભ - ભક્તિનો લાભ. આ વર્ષે રોજ થોડો સમય ભગવાન માટે કાઢવો. મંદિરે જવું. માતાજીનું નામ લેવું. કારણ કે ભક્તિ વગરનો લાભ અધૂરો છે. લાભ પાંચમે લોકો પોતાના ચોપડા ખોલે છે. દુકાનમાં નવા હિસાબ શરૂ કરે છે. નવા કામની શરૂઆત કરે છે. વિદ્યાર્થીઓ નવી નોટબુક શરૂ કરે છે. ખેડૂતો નવા વાવેતરની તૈયારી કરે છે. આ બધું એક જ સંદેશ આપે છે કે હવે આરામ પૂરો થયો. હવે કર્મનો સમય આવ્યો.

લાભ પાંચમની પૂજા

લાભ પાંચમે સવારે વહેલા ઉઠીને સ્નાન કરવું. ઘરમાં દીવો કરવો. માઁ લક્ષ્મી, માં સરસ્વતી અને ગણપતિની પૂજા કરવી. વેપારીઓ પોતાની દુકાનમાં, કારખાનામાં પૂજા કરે છે. કેટલાક લોકો આ દિવસે પોતાના વ્યવસાયના સાધનોની પૂજા કરે છે. ખેડૂત પોતાના હળની પૂજા કરે છે. કારીગર પોતાના ઓજારની પૂજા કરે છે. વિદ્યાર્થી પોતાના પુસ્તકની પૂજા કરે છે. આ પૂજાનો અર્થ એ છે કે આપણે જે સાધનથી રોજી મેળવીએ છીએ, તે સાધનને માન આપવું. જે માણસ પોતાના કામને માન આપે છે, તેનું કામ તેને માન આપે છે. જે માણસ પોતાના કામને તુચ્છ માને છે, તેનું કામ તેને ક્યારેય ફળ આપતું નથી. લાભ પાંચમે એક વિશેષ પરંપરા છે. આ દિવસે લોકો કોઈને ઉધાર આપતા નથી, અને ઉધાર લેતા નથી. તેનો અર્થ એ છે કે નવા વર્ષની શરૂઆત સ્વચ્છ હિસાબથી કરવી. જૂના હિસાબ પતાવીને નવા હિસાબ શરૂ કરવા. આજના ભાષામાં કહીએ તો નવા વર્ષે કોઈ બોજ લઈને ન જવું.

ભાઈબીજથી લાભ પાંચમ સુધીની યાત્રા

આ યાત્રાને એક સુંદર રીતે સમજીએ. નૂતન વર્ષ એટલે બીજ વાવવું. ભાઈબીજ એટલે તે બીજને પાણી આપવું. લાભ પાંચમ એટલે તે બીજમાંથી છોડ ઉગાડવો. જો બીજ વાવીને પાણી ન આપીએ તો બીજ સુકાઈ જાય. જો પાણી આપીને તેની સંભાળ ન લઈએ તો છોડ ઊગે નહીં. તેમ નૂતન વર્ષે લીધેલા સંકલ્પને ભાઈબીજના પ્રેમથી સીંચવો પડે. અને લાભ પાંચમના કર્મથી તેને મોટો કરવો પડે. એક બીજું ઉદાહરણ. એક માણસે નૂતન વર્ષે સંકલ્પ કર્યો કે આ વર્ષે હું દરરોજ સવારે વહેલો ઉઠીશ. ભાઈબીજે તેની બહેને તેને કહ્યું કે ભાઈ, તું વહેલો ઉઠીશ તો તારું આરોગ્ય સારું રહેશે. બહેનના આ શબ્દોએ તેના સંકલ્પને મજબૂત કર્યો. લાભ પાંચમે તેણે ખરેખર વહેલા ઉઠવાનું શરૂ કર્યું. આજે તેનું જીવન બદલાઈ ગયું. આ જ ભાઈબીજથી લાભ પાંચમ સુધીની યાત્રા છે.

સામાજિક દૃષ્ટિએ મહિમા

ભાઈબીજ અને લાભ પાંચમનો સામાજિક મહિમા પણ ઓછો નથી. ભાઈબીજ સમાજને જોડે છે. લાભ પાંચમ સમાજને આગળ વધારે છે. ભાઈબીજે જ્યારે ભાઈ બહેનના ઘરે જાય છે, ત્યારે બે પરિવારો મળે છે. બે ગામ મળે છે. બે સંસ્કૃતિ મળે છે. આ મિલનથી સમાજમાં પ્રેમ વધે છે. લાભ પાંચમે જ્યારે વેપારી દુકાન ખોલે છે, ત્યારે બજારમાં ફરી જીવ આવે છે. ગ્રાહક આવે છે. કારીગરને કામ મળે છે. મજૂરને રોજી મળે છે. આનાથી સમાજમાં આર્થિક ગતિ આવે છે. આજે આપણે જોઈએ છીએ કે તહેવારો પછી લોકો તરત કામે લાગી જાય છે. પણ આપણી પરંપરા કહે છે કે કામે લાગતા પહેલા સંબંધને સમય આપો. પહેલા બહેનને મળો. પછી કામ શરૂ કરો. કારણ કે જે કામ સંબંધ વગર શરૂ થાય છે, તે કામમાં આનંદ નથી હોતો. જે કામ સંબંધ સાથે શરૂ થાય છે, તે કામમાં આશીર્વાદ હોય છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ મહિમા

આધ્યાત્મિક દૃષ્ટિએ ભાઈબીજ એટલે આત્માની બહેન. આપણા શાસ્ત્રોમાં આત્માને બહેન કહ્યો છે. પરમાત્માને ભાઈ કહ્યો છે. ભાઈબીજ એટલે આત્મા અને પરમાત્માનું મિલન. જ્યારે જીવ ભગવાનને યાદ કરે છે, ત્યારે ભગવાન તેની પાસે આવે છે. જ્યારે ભક્ત ભગવાનને તિલક કરે છે, ત્યારે ભગવાન તેને આશીર્વાદ આપે છે. લાભ પાંચમ એટલે આત્માનો લાભ. જે માણસ આખું વર્ષ ભગવાનને યાદ કરે છે, તેને જ સાચો લાભ મળે છે. બાકીનો લાભ તો આવશે અને જશે. પૈસા આવશે અને જશે. મકાન બનશે અને જૂનું થશે. પણ ભગવાનનું નામ એક વાર મનમાં બેસી જાય, તો તે ક્યારેય જતું નથી. એ જ સાચો લાભ છે.

માઁ અંબાજીના મંદિરમાં આ દિવસોમાં વિશેષ ભીડ જોવા મળે છે. લોકો ભાઈબીજે બહેન સાથે માતાજીના દર્શને આવે છે. લાભ પાંચમે વેપારી માતાજીના દર્શને આવીને નવા વર્ષના કામની શરૂઆત કરે છે. તેમનો ભાવ એ હોય છે કે માતાજી, આ વર્ષનું કામ તમારા આશીર્વાદથી શરૂ કરીએ છીએ. તમે અમારી સાથે રહેજો.

આજના યુવાનો માટે સંદેશ

આજના યુવાનોને ભાઈબીજ અને લાભ પાંચમનો સંદેશ ખૂબ જરૂરી છે. યુવાનો આજે ઝડપથી આગળ વધવા માંગે છે. તેઓ કહે છે કે સંબંધમાં સમય બગાડવો નથી. કામ જ બધું છે. પણ આ વિચાર અધૂરો છે. જે યુવાન પોતાની બહેનને સમય નથી આપતો, તે પોતાના મિત્રોને પણ સમય નહીં આપી શકે. જે યુવાન પોતાના પરિવારને સમય નથી આપતો, તે પોતાના ગ્રાહકને પણ સમય નહીં આપી શકે. સંબંધમાં સમય આપવો એ સમયનો બગાડ નથી, તે સમયનું રોકાણ છે. લાભ પાંચમ યુવાનોને કહે છે કે કામ શરૂ થાય છે, પણ સારા કામથી શરૂ થાય છે. આજે ઘણા યુવાનો કામ શરૂ કરતા પહેલા જ લાભ શોધે છે. તેઓ કહે છે કે આ કામમાં કેટલો ફાયદો થશે. પણ આપણી પરંપરા કહે છે કે પહેલા કામને પ્રેમ કરો, લાભ આપોઆપ આવશે. જે માણસ કામને પ્રેમ કરે છે, તેને લાભ પાછળ દોડવું પડતું નથી. લાભ તેની પાછળ દોડે છે.

અંતિમ વાત - ક્રમ જ સાચવવો

ભાઈબીજથી લાભ પાંચમ સુધીનો ક્રમ એ જ જીવનનો ક્રમ છે. પહેલા સંબંધ, પછી કર્મ. પહેલા પ્રેમ, પછી લાભ. પહેલા આશીર્વાદ, પછી શરૂઆત. જે માણસ આ ક્રમ ઉલટાવી દે છે, તે દુઃખી થાય છે. જે માણસ પહેલા લાભ શોધે છે, પછી સંબંધ શોધે છે, તેને ન લાભ મળે છે, ન સંબંધ મળે છે. જે માણસ પહેલા સંબંધ સાચવે છે, પછી લાભ શોધે છે, તેને બંને મળે છે. એટલે આ વર્ષે ભાઈબીજે બહેનને મળવાનું રહી જાય તો એક વર્ષ રાહ જોવી પડે છે. બહેન સાથે જમવું, તેના આશીર્વાદ લેવા, તે એક વર્ષમાં એક જ વાર આવતી તક છે. લાભ પાંચમે નવા કામની શરૂઆત થાય છે. ભગવાનને યાદ કરીને, માતાજીને વંદન કરીને, વડીલોના આશીર્વાદ લઈને કામ શરૂ થાય છે. આ પાંચ દિવસનો ગાળો કહે છે કે જીવનમાં ઉતાવળ ન કરવી. ઉત્સવ પછી થોડું થોભવું. સંબંધને સમય આપવો. મનને સ્થિર કરવું. પછી કર્મમાં લાગવું. તો આખું વર્ષ સારું જાય છે. નૂતન વર્ષની શરૂઆત થઈ ગઈ છે. હવે ભાઈબીજનો પ્રેમ અને લાભ પાંચમનો લાભ બંનેને સાથે લઈને આગળ વધવું. ઘરમાં પ્રેમ રહે, કામમાં લાભ રહે, મનમાં શાંતિ રહે. એ જ માઁ અંબાજીને પ્રાર્થના.! જય માતાજી.!નૂતન વર્ષાભિનંદન.!

મહર્ષિ વિપુલ અંબાજીવાલા
(૭૯૯૦૮૧૦૧૨૪)
શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત

ઘર ઘર દિવાળી અને મ્હારા ઘરે અંધારું છે : ઈદ હોય કે, દિવાળી

ઘર ઘર દિવાળી અને મારા ઘરે અંધારું છે, બધાના આંગણે દીવા છે, મારા આંગણે એકલતા છે. આ એક વાક્યમાં આખી દિવાળી છે. આ એક વાક્યમાં આખી ઈદ છે. આ એક વાક્યમાં આખું જીવન છે. લોકો હસે છે, હું યાદોને સંભાળું છું. જેના વગર દિવાળી હતી, એ જ આજે નથી. એટલે દિવાળી હોવા છતાં, મારા ઘરે દિવાળી નથી. જેના વગર ઘર આખું લાગતું હતું, એના વગર ઘર ખાલી લાગે છે. જેના હાસ્ય વગર દિવાળી અધૂરી હતી, એ હાસ્ય આજે ક્યાંય સંભળાતું નથી. પણ સાચું કહું તો - મારા ઘરે અંધારું નથી, મારા ઘરે શાંતિ છે. જેને બહારના દીવા જોવા છે, એને અંધારું લાગે છે. જેને અંદરનો દીવો દેખાઈ ગયો, એને અંધારું ક્યારેય નડતું નથી. અંધારું બહાર નથી, અંધારું અંદર હોય છે. અજવાળું પણ બહાર નથી, અજવાળું પણ અંદર હોય છે. જે માણસ અંદરથી અંધારું છે, એના ઘરમાં હજાર દીવા હોય તો પણ અંધારું જ રહે છે. જે માણસ અંદરથી અજવાળું છે, એના ઘરમાં એક પણ દીવો ન હોય તો પણ અજવાળું જ રહે છે. દિવાળી ઓછી જોઈ, ફટાકડા વધારે ફોડ્યા. આજની દિવાળી આ જ છે. દીવો ઓછો કર્યો, ધુમાડો વધારે કર્યો. પ્રેમ ઓછો વહેંચ્યો, અવાજ વધારે કર્યો. મા-બાપ સાથે બેઠા ઓછું, મોબાઈલમાં ફોટા પાડ્યા વધારે. પાડોશીના ઘરે ગયા ઓછું, પાડોશીને બતાવ્યું વધારે. દિલ સાફ કર્યું ઓછું, ઘર સાફ કર્યું વધારે.

ફટાકડો ફોડવો સહેલો છે, અંદરનો અવાજ ફોડવો અઘરો છે. લોકો સહેલું કરે છે, અઘરું છોડી દે છે. દિવાળીએ બધા નવા કપડાં પહેરે છે, પણ જૂના વિચારો કોઈ ઉતારતું નથી. દિવાળીએ બધા ઘર સાફ કરે છે, પણ મન સાફ કરવાનું કોઈ યાદ રાખતું નથી.

દિવાળી તો એની છે, જેનો દીવો બુઝાયા પછી પણ બળતો રહે. જે માણસ દિવાળીએ બીજાનું ઘર જોઈને બળે છે, એના ઘરમાં ક્યારેય દીવો થતો નથી. જે ઘરમાં દીકરી હસે છે, એ ઘરમાં રોજ દિવાળી છે. જે ઘરમાં મા રડે છે, એ ઘરમાં ક્યારેય દિવાળી નથી.

પૈસાવાળાની દિવાળી લાઈટમાં દેખાય છે, ગરીબની દિવાળી આંખમાં દેખાય છે. દિવાળીના દિવસે બધા દેવને દીવો કરે છે, બીજા દિવસે એ જ દેવને ભૂલી જાય છે. સાચો ફટાકડો એ છે, જે અંદર ફૂટે. ખોટો ફટાકડો એ છે, જે બહાર ફૂટે અને અંદર ધુમાડો મૂકી જાય. દિવાળી એટલે કપડાં નવા નહીં, વિચાર નવા. દિવાળી એટલે ઘર સાફ નહીં, મન સાફ. દિવાળી એટલે ફટાકડા નહીં, અંદરનો અહંકાર ફોડવાનો તહેવાર. દિવાળી આવી, દિવાળી ગઈ, લોકો દીવા કરે છે, પણ દિલમાં દીવો કરવાનું ભૂલી જાય છે. દીવો બુઝાઈ જશે, ફટાકડા ફૂટી જશે, લાઈટો ઉતરી જશે, મીઠાઈ ખવાઈ જશે, બાકી રહેશે તો માત્ર એક જ વસ્તુ - તમે કોના દિલમાં દીવો કર્યો? સાચી દિવાળી એ નથી કે તમારા ઘરમાં કેટલા દીવા છે, સાચી દિવાળી એ છે કે તમારા કારણે કેટલા ઘરોમાં દીવા થયા. અંધારું કેટલુંય મોટું હોય, એક નાનો દીવો એને હરાવી દે છે. એમ દુઃખ કેટલુંય મોટું હોય, એક નાનો પ્રેમ એને હરાવી દે છે.

ઈદ હોય કે દિવાળી, દીવો તો એક જ છે.

ઈદમાં ચાંદ જોઈને લોકો ખુશ થાય છે, દિવાળીમાં દીવો જોઈને લોકો ખુશ થાય છે. ચાંદ દૂર છે, દીવો નજીક છે, પણ બંનેનું કામ એક જ છે - અંધારાને હરાવવું. જેને ચાંદમાં પોતાનો ઈશ્વર દેખાય છે, એને દીવામાં પણ એ જ દેખાશે. જેને દીવામાં પોતાનો ઈશ્વર દેખાય છે, એને ચાંદમાં પણ એ જ દેખાશે.

ઈદનો ચાંદ એક રાતનો છે, દિવાળીનો દીવો એક રાતનો છે, પણ પ્રેમનો દીવો આખી જિંદગીનો છે. ઈદ એટલે દિલ સાફ, દિવાળી એટલે મન સાફ. બંને ન થાય તો તહેવાર નકામો છે. ઈદમાં ગળે મળવું છે, દિવાળીમાં પગે લાગવું છે. બંનેનો અર્થ એક જ છે - પોતાને નીચે મૂકવો. ઈદમાં સેવૈયા વહેંચાય છે, દિવાળીમાં મીઠાઈ વહેંચાય છે. વહેંચવાની વસ્તુ અલગ છે, વહેંચવાનો ભાવ એક જ છે. ઈદમાં ચાંદ દેખાય છે, દિવાળીમાં દીવો દેખાય છે, ચાંદ પણ અજવાળું આપે છે, દીવો પણ અજવાળું આપે છે, બંને કહે છે - અંધારાથી ડર નહીં, અજવાળું થઈને જીવ. ઈદ હોય કે દિવાળી, જે ઘરમાં પ્રેમ નથી, એ ઘરમાં ક્યારેય દિવાળી નથી. ઈદ હોય કે દિવાળી, તહેવાર તો બહાનું છે, સાચો તહેવાર તો એ છે, જ્યારે દિલમાં પ્રેમ જાગે છે.

ઈદ હોય કે દિવાળી, જે માણસ માફ નથી કરતો, એ માણસ તહેવાર નથી કરતો, એ માણસ માત્ર રજા કરે છે. ઈદ હોય કે દિવાળી, જે ઘરમાં મા નથી, એ ઘરમાં તહેવાર નથી. ઈદ હોય કે દિવાળી, જે ઘરમાં દીકરી હસતી નથી, એ ઘરમાં અજવાળું નથી. ઈદ હોય કે દિવાળી, પાડોશી ભૂખ્યો હોય તો તહેવાર અધૂરો છે. ઈદ હોય કે દિવાળી, જે માણસ પોતાના ઘરે જ દીવો કરે છે, એનો દીવો એક રાતનો છે, જે માણસ બીજાના ઘરે દીવો કરે છે, એનો દીવો આખી જિંદગીનો છે.

ઈદમાં નવા કપડાં, દિવાળીમાં નવા કપડાં. કપડાં નવા થઈ ગયા, પણ વિચાર જૂના જ રહી ગયા. ઈદ હોય કે દિવાળી, ગરીબનો તહેવાર આંખમાં હોય છે, પૈસાવાળાનો તહેવાર લાઈટમાં હોય છે. ઈદમાં ફટાકડા નથી, દિવાળીમાં ફટાકડા છે, પણ બંનેમાં એક વસ્તુ સરખી છે - લોકો તહેવાર ઓછો કરે છે, દેખાડો વધારે કરે છે. દિવાળી ઓછી જોઈ, ફટાકડા વધારે ફોડ્યા, ઈદ ઓછી જોઈ, ફોટા વધારે પાડ્યા.

આ વખતે મેં મીઠાઈ નથી વહેંચી, મેં માફી વહેંચી છે. કારણ કે મીઠાઈ એક દિવસમાં ખવાઈ જાય છે, માફી આખી જિંદગી મીઠી રાખે છે. જે દિવાળીએ માણસ રડે છે, એ દિવાળી ખોટી નથી હોતી, એ દિવાળી સાચી હોય છે. કારણ કે જેને યાદ આવે છે, એને જ પ્રેમ હોય છે. જેને યાદ જ નથી આવતી, એને દિવાળી શું, ઈદ શું. જે માણસ ઈદમાં બીજા ધર્મના માણસને ગળે લગાવે છે, એની ઈદ સાચી છે. જે માણસ દિવાળીમાં બીજા ધર્મના માણસને દીવો આપે છે, એની દિવાળી સાચી છે. ઈદનો ચાંદ જોઈને જેને પોતાની મા યાદ આવે છે, એની ઈદ સાચી છે. દિવાળીનો દીવો જોઈને જેને પોતાના બાપુ યાદ આવે છે, એની દિવાળી સાચી છે. ઈદ હોય કે દિવાળી, તહેવાર તો બહાનું છે. સાચો તહેવાર તો એ છે, જ્યારે બે તૂટેલા દિલ ફરી જોડાય છે. ઈદ અને દિવાળી બંને કહે છે - એક દિવસ હસી લે, બાકીના દિવસો તો રડવામાં જ જવાના છે. જે માણસ ઈદમાં હિન્દુને ગળે લગાવે છે, એની ઈદ સાચી છે. જે માણસ દિવાળીમાં મુસલમાનને દીવો આપે છે, એની દિવાળી સાચી છે. આજ યહ ભી દિવાળી હૈ, આજ વો ભી દીપાવલી થી. વો વાળી દિવાળીમાં મા હતી, બાપુ હતા, આખું ઘર હતું. આ વાળી દિવાળીમાં બધું છે, બસ એ લોકો જ નથી. એ દિવાળીએ માટીના દીવા હતા, પણ દિલમાં અજવાળું હતું. આ દિવાળીએ લાઈટોના ઝગમગાટ છે, પણ દિલમાં અંધારું છે. આજ યહ ભી દિવાળી હૈ, આજ વો ભી દીપાવલી થી, ઈદ હો યા દિવાળી, દીવો તો એક જ છે. મારા ઘરમાં આજે અંધારું નથી, મારા ઘરમાં આજે શાંતિ છે. અંધારું તો એને લાગે છે, જેને બહારના દીવા જોવા છે. જેને અંદરનો દીવો દેખાઈ ગયો, એને અંધારું ક્યારેય નડતું નથી. ઈદ હોય કે દિવાળી, મારે તહેવાર સાથે લેવા-દેવા નથી, મારે તો એ માણસ સાથે લેવા-દેવા છે, જે તહેવારના દિવસે પણ એકલો બેઠો છે. એના ઘરે જઈને બેસવું, એ જ મારી દિવાળી છે. એના ઘરે જઈને બેસવું, એ જ મારી ઈદ છે.

અંતે સાર એક જ -

ઘર ઘર દિવાળી અને મારા ઘરે અંધારું છે, ઘર ઘર ઈદ અને મારા ઘરે એકલતા છે, તો ચાલો, આ વખતે મારા ઘરનો દીવો બીજાના ઘરમાં કરીએ, મારી ઈદની સેવૈયા બીજાને ખવડાવીએ, કારણ કે બીજાના ઘરમાં દીવો કરવો, એ જ સાચી દિવાળી છે, બીજાને ગળે લગાવવું, એ જ સાચી ઈદ છે. આ વખતે ઉલટું કરીએ, ફટાકડા ઓછા ફોડીએ, દિવાળી વધારે જોઈએ, દીવો ઓછો કરીએ, પ્રેમ વધારે કરીએ. કારણ કે દીવો બુઝાઈ જશે, ફટાકડા ફૂટી જશે, લાઈટો ઉતરી જશે, મીઠાઈ ખવાઈ જશે, બાકી રહેશે તો માત્ર એક જ વસ્તુ - તમે કોના દિલમાં દીવો કર્યો?!દીપાવલીની શુભેચ્છાસહ નૂતન વર્ષાભિનંદન!

સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)

જનજાતીય ગૌરવ દિનની ઉજવણી અંગે કલેક્ટર મનીષ ગુરવાનીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક

નવસારી, તા.૯

ભગવાન બિરસા મુંડાજીની જન્મ જયંતિ નિમિત્તે આગામી ૧૫મી નવેમ્બરના રોજ યોજાનાર 'જનજાતીય ગૌરવ દિવસ' અને ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન આયોજિત 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની પૂર્વતૈયારીઓની સમીક્ષા અર્થે નવસારી જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીની અધ્યક્ષતામાં એક ખાસ બ્રીફિંગ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ આદિજાતિ વિસ્તારોમાં યોજનાકીય લાભોનું વિતરણ, વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ તેમજ આદિવાસી પરંપરા અને સંસ્કૃતિના જતન સાથે સપ્તાહ દરમિયાન યોજાનાર તમામ આયોજનો સુચારૂ રીતે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

જનજાતીય ગૌરવ સપ્તાહનો પ્રારંભ ૧૨ નવેમ્બરે થશે. ૧૩ નવેમ્બરે વાંસદા અને ગણદેવી વિધાનસભા વિસ્તારોમાં સરકારશ્રીની કામગીરી અને કલ્યાણકારી યોજનાઓની માહિતી આપતા કાર્યક્રમો યોજાશે. ૧૪ નવેમ્બરના રોજ જનજાતિય મહાપુરુષોના સ્મારકો અને પ્રતિમાઓ ખાતે સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. આ ઉપરાંત આદિવાસી સમાજના સાધુ-સંતોનું સન્માન કરવામાં આવશે તેમજ તમામ ગ્રામ પંચાયતો અને જાહેર સ્થળોએ ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું પૂજન, ભજન, આરતી, દીપોત્સવ અને શૈક્ષણિક સંસ્થાઓમાં દીપ પ્રાગટ્યના કાર્યક્રમો હાથ ધરાશે.

૧૫મી નવેમ્બરે 'જનજાતીય ગૌરવ દિવસ'ના મુખ્ય કાર્યક્રમ વાંસદા, સમરોલી (ચિખલી), ખડસુપા, વેસ્મા (જલાલપોર) અને નવસારી એમ ૫ સ્થળોએ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે.







નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ મંત્રી નરેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ત્રણ તાલુકા ગ્રંથાલય નિર્માણનું ભુમિપુજન કરાયું

નવસારી, તા.૯

જે દેશ વાંચે છે, તે આગળ વધે છે અને જે યુવાન પુસ્તકો સાથે દોસ્તી કરે છે, તે ભવિષ્યમાં નેતૃત્વ કરે છે" — 'Readers are Leaders'. આ સૂત્ર માત્ર પુસ્તકોનું મહત્વ નથી દર્શાવતું, પરંતુ તે આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના બાળકોના ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે.

આ જ વિચારધારા સાથે નવસારી જિલ્લાના ખૂણેખૂણા સુધી જ્ઞાનનો પ્રકાશ પહોંચાડવા અને ગ્રામીણ તળના યુવાનોને સ્પર્ધાત્મક યુગમાં સક્ષમ બનાવવા માટે એક ઐતિહાસિક અને પ્રેરણાદાયી ડગલું ભરવામાં આવ્યું છે.

નવસારી જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મનીષ ગુરવાનીએ રસ દાખવીને આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. અંતરિયાળ અને આદિવાસી વસ્તી ધરાવતા વાંસદા, ચિખલી અને ખેરગામ જેવા વિસ્તારોના વિદ્યાર્થીઓને યુપીએસસી, જીપીએસસી કે અન્ય સ

દિવાળીએ રાતભર ફટાકડાના ધૂમધડાકા સાથે આકાશમાં ભવ્યાતિભવ્ય આતશબાજી







ગઈકાલે પ્રકાશ પર્વ દિવાળીની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સુરત શહેર જિલ્લામાં રવિવારે રાત્રીથી મંગળવારના પરોઢ સુધી લોકોએ ફટાકડા ફોડી દિવાળીના તહેવારની ઉજવણી કરતા રાતભર ભવ્ય આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો. આજે સોમવારે પડતર દિવસ છે અને આવતીકાલે મંગળવારથી વિક્રમ સંવત ૨૦૮૧નું આશાભર્યું આગમન થશે. આવતી કાલે નવા વર્ષની ઉજવણી કરવા ચારેય તરફ જોરદાર ઉત્સહ જણાય રહ્યો છે. દિવાળીના તહેવારને લોકો સહ પરિવાર આનંદભેર માણી રહ્યા છે. આવતી કાલે નૂતન વર્ષની ઉજવણી બાદ બુધવારના રોજ ભાઈબીજનું પર્વ ઉજવાશે. ગઈકાલે રાત્રે સુરત શહેરમાં દિવાળીની ઉજવણી અર્થે ફટાકડાના ધડાકા અને આતશબાજીની આકાશમાં રંગબેરંગી રોશની છવાઈ ગઈ હતી. (તસવીર : પ્રદીપ ગોહિલ)

ભટારમાં ફટાકડા ફોડવા ગયેલા ૧૮ વર્ષના યુવકની ઘાતકી હત્યા

છ-સાત માથાભારે લોકોએ યુવકને છાતીમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દીધા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯


સુરતના ભટાર વિસ્તારમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા ગયેલા ૧૮ વર્ષીય યુવાન પ્રસિદ્ધ સંતોષ મોરે પર ૬થી ૭ શખ્સોએ જૂની અદાવતમાં જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. હુમલાખોરોએ યુવાનની છાતીમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકતા તેનું મોત નીપજ્યું હતું. દિવાળીના તહેવારની રાત્રે જ યુવાનની હત્યાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, ભટાર વિસ્તારમાં પરિવાર સાથે રહેતો પ્રસિદ્ધ સંતોષ મોરે દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા ગયો હતો. આ દરમિયાન પાછળથી આવેલા ૬થી ૭ શખ્સોએ જૂની અદાવતને લઈ તેના પર હુમલો કરી દીધો હતો. યુવાનને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત થયું હતું. ઘટનાને પગલે યુવાનના મિત્રએ આક્ષેપ કર્યો હતો કે દારૂ અને ગાંજાના ધંધા સાથે સંકળાયેલા શખ્સોએ જૂની અદાવતને કારણે હુમલો કર્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીઓ પૈકીનો સાહિદ દારૂ તથા ગાંજાના વેપલા સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે, આ બાબતની સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ જ થઈ શકશે. દિવાળીના ખુશીના માહોલમાં યુવાનની હત્યાથી પરિવારજનો ઘેરા આઘાતમાં સરી પડ્યા છે.

દિવાળીની રાત્રે આગના અનેક બનાવ રાતભર ફાયર બ્રિગેડની દોડાદોડી

નાની મોટી આગ લાગતા સુરત ફાયર બ્રિગેડને ૧૫૦થી વધુ કોલ મળ્યા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

સુરત શહેરમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવાની ઉજવણી વચ્ચે આગ લાગવાની અનેક નાની-મોટી ઘટનાઓ સામે આવી હતી. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફટાકડાના કારણે આગ લાગતાં ફાયર બ્રિગેડની ટીમો આખી રાત દોડતી રહી હતી. આગના બનાવોને પગલે ફાયર વિભાગને ૧૫૦થી વધુ કોલ મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. દિવાળીની રાત્રે લોકો દ્વારા મોટા પ્રમાણમાં ફટાકડા ફોડવામાં આવતા અનેક સ્થળોએ આગ લાગવાની ઘટનાઓ બની હતી. ક્યાંક મકાનમાં, તો ક્યાંક દુકાન કે અન્ય સ્થળોએ ફટાકડાના કારણે આગ ભભૂકી ઊઠતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવોની જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનો અને અધિકારીઓ ફાયર ફાઇટર સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. બીજી તરફ, દિવાળીની ઉજવણી દરમિયાન ફટાકડા ફોડતી વખતે અનેક લોકો દાઝી જવાના બનાવો પણ બન્યા હતા. દાઝી ગયેલા લોકોને તાત્કાલિક શહેરની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આમ, દિવાળીની રોશની અને ઉજવણી વચ્ચે સુરત ફાયર વિભાગ માટે આખી રાત કટોકટીભરી રહી હતી.



મોબાઇલ હેક કરી ગૂગલ પેથી રૂ. ૯૫ હજારની ઠગાઈ

મફતમાં ફિલ્મો અને વેબસિરીઝ જોવાની લાલચ આપતી એપ્લિકેશનથી યુવકને ચૂનો ચોપડાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

સુરતના કતારગામ વિસ્તારમાં ફ્રીમાં ફિલ્મો અને વેબસિરીઝ જોવાની લાલચ આપતી HOT Wave નામની એપ્લિકેશન મારફતે સાઇબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર મૂકવામાં આવેલી જાહેરાત જોઈ એપ્લિકેશન મોબાઈલમાં ઈન્સ્ટોલ કરનાર યુવકનો મોબાઈલ હેક કરી ગૂગલ-પે મારફતે બેંક ખાતામાંથી રૂ. ૯૫ હજાર ઉપાડી લેવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, કતારગામના ધનમોરા વિસ્તારમાં આવેલી દાનેવ આશિષ સોસાયટીમાં રહેતા નિરવભાઈ ભરતભાઈ વરીયાએ તા. ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે નવ વાગ્યે ઈન્સ્ટાગ્રામ પર HOT Wave નામની એપ્લિકેશનની જાહેરાત જોઈ હતી. આ એપ્લિકેશનમાં મફતમાં ફિલ્મો અને વેબસિરીઝ જોઈ શકાતી હોવાની લાલચ આપવામાં આવી હતી. જેથી નિરવભાઈએ પોતાના મોબાઈલમાં એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી હતી. જોકે, એપ્લિકેશન ઈન્સ્ટોલ કર્યાના બીજા દિવસે એટલે કે તા. ૨૩ ઓક્ટોબરના રોજ સવારે આશરે સાડા અગિયાર વાગ્યે તેમના સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી ગૂગલ-પે મારફતે રૂ. ૯૫,૦૦૦ ઉપડી ગયા હતા. આ અંગે નિરવભાઈએ તા. ૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે HOT Wave એપ્લિકેશનના સંચાલક સહિત તપાસમાં બહાર આવે તેવા અજાણ્યા શખ્સો વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

ઉત્રાણ ગરનાળામાં ગટરીયાપુર

દિવાળીના તહેવારમાં ડ્રેનેજ ચેમ્બર ઉભરાતાં વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

તાપી નદીના વીયર કમ કોઝવેના જળાશયમાં સંગ્રહિત પાણીની ગુણવત્તા નબળી પડતાં સુરત શહેરના અનેક વિસ્તારોમાં દૂષિત પાણીની ફરિયાદો ઉઠી હતી. આ પરિસ્થિતિને પગલે ઉત્રાણ વિસ્તારના કેટલાક ફ્લડ ગેટ બંધ કરી દૂષિત પાણી તાપી નદીમાં છોડવાનું અટકાવવામાં આવ્યું હતું. જોકે, તેના કારણે દિવાળીના તહેવાર દરમિયાન ઉત્રાણ વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યા વકરતાં સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ફ્લડ ગેટ બંધ કરવામાં આવતાં ઉત્રાણ ગરનાળા સહિત આસપાસના વિસ્તારોમાં ડ્રેનેજ ચેમ્બરો ઉભરાવા લાગ્યા હતા. ગટરના ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળતાં અનેક સ્થળોએ ગટરના પાણીના ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં. ઉત્રાણ ગરનાળામાં ગટરના પાણી સતત વહેતાં હોવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે અવરજવર મુશ્કેલ બની હતી. દિવાળીના તહેવાર દરમિયાન જ રસ્તાઓ પર ગટરના પાણી ફરી વળતાં સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળ્યો હતો. એક તરફ દૂષિત પાણીની સમસ્યા અને બીજી તરફ ડ્રેનેજના પાણીના ભરાવાને કારણે ઉત્રાણ વિસ્તારના લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. મહાનગરપાલિકા દ્વારા આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઊઠી છે.



ઉચાપત કેસમાં આરોપી મુકેશ જયચંદના આગોતરા જામીન મંજૂર

એડવોકેટ જય પી. દેસાઈની રજૂઆત ગ્રાહ્ય રાખતી સેશન્સ કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

રૂ. ૬૫ લાખની ઉચાપતના આક્ષેપ સાથે નોંધાયેલી ફરિયાદના કેસમાં આરોપી મુકેશને નામદાર સેશન્સ કોર્ટે શરતોને આધીન આગોતરા જામીન મંજૂર કર્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૫-૧૦-૨૦૨૬ના રોજ ફરિયાદી જીતેન્દ્ર બંસીલાલ ગુપ્તાએ આરોપી પરીન ટેલર સહિતના અન્ય શખ્સો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની (ભ્રજી) કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં મુખ્ય આરોપી સાથે મળી અરજદાર મુકેશે પોતાના બેંક ખાતામાં આશરે રૂ. ૬૫ લાખની રકમની ઉચાપત કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ધરપકડની આશંકાને પગલે મુકેશે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. આરોપી પક્ષે એડવોકેટ જય પી. દેસાઈએ દલીલો કરતાં જણાવ્યું હતું કે, અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી અને તેમને ખોટી રીતે કેસમાં સંડોવવામાં આવ્યા છે. મુખ્ય આરોપી પરીન ટેલર છે અને તેની સાથે અરજદારનો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ કે નાણાકીય વ્યવહાર નથી. વધુમાં બચાવ પક્ષે રજૂઆત કરી હતી કે, અરજદાર છેલ્લા ૧૫ વર્ષથી ફરિયાદી પાસે નોકરી કરતા હતા તેમજ તેમના ટ્રકો પણ ફરિયાદી પાસે ભાડે ચાલતા હતા. બંને વચ્ચેના નાણાકીય વ્યવહારો કાયદેસર રીતે બેંક મારફતે થયા હતા. ફરિયાદમાં અરજદાર દ્વારા કોઈ બનાવટી દસ્તાવેજો તૈયાર કરવા કે છેતરપિંડી કરવાનો સ્પષ્ટ આક્ષેપ પણ નથી. બચાવ પક્ષની દલીલોને ધ્યાને લઈ નામદાર ડિસ્ટ્રિક્ટ જજ બી.કે. અવશ્ય સાહેબની અદાલતે આરોપી મુકેશની આગોતરા જામીન અરજી શરતોને આધીન મંજૂર કરી હતી.

સુરત રેલ્વે સ્ટેશને મુસાફરોની મોટી ભીડ

સુરતથી બે દિવસમાં ૬૦ હજાર લોકો ટ્રેનમાં વતન ગયા

સુરત, તા.૯

દિવાળી અને આગામી છઠ પૂજાના તહેવારને પગલે સુરતથી પોતાના વતન બિહાર, ઉત્તર પ્રદેશ તરફ જતા મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. પશ્ચિમ રેલવે તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. શનિવારથી જ ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની અભૂતપૂર્વ ભીડ ઉમટી પડી હતી, જેને પહોંચી વળવા માટે રેલવે પ્રશાસન દ્વારા દર ૨ કલાકે સ્પેશિયલ ટ્રેનો દોડાવીને સ્થિતિ નિયંત્રણમાં રાખવામાં આવી હતી. એક સાથે વધુ મુસાફરો આવતા હોવાથી હોલ્ડિંગ એરિયામાં પગ મૂકવાની પણ જગ્યા ન હતી અને રાત્રિના સમયે પણ મોટી સંખ્યામાં ભીડ ઉમટી હતી. ગત વર્ષે નોંધાયેલી ભીડની સરખામણીએ આ વખતે મુસાફરોનો આંકડો લગભગ બમણો થઈ ગયો હોવા છતાં લાઈનસર વ્યવસ્થાને કારણે સ્ટેશન પર કોઈ મોટી અવ્યવસ્થા કે નાસભાગની સ્થિતિ સર્જાઈ નહોતી. દિવાળીના કારણે શુક્રવારથી જ લોકો નીકળવા લાગ્યા હતા. શુક્રવારે પગાર અને શાળાઓમાં વેકેશન શરૂ થતાં લોકો એકસાથે સ્ટેશને પહોંચ્યા હતા. શુક્રવારે ૬ થી ૭ સ્પેશિયલ ટ્રેનો અને નિયમિત ટ્રેનો મળીને અંદાજે ૩૦થી ૩૫ હજાર મુસાફરોને રવાના કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે શનિવાર-રવિવાર મળીને અગાઉ ૧૫ હજાર મુસાફરો નોંધાતા હતા, ત્યારબાદ ૨૫ હજાર થયા અને ગયા વર્ષે આ આંકડો ૩૫ હજાર હતો. પરંતુ આ વર્ષે પાછલા તમામ રેકોર્ડ તૂટી ગયા છે અને માત્ર શનિ-રવિમાં જ ૫૦થી ૬૦ હજાર મુસાફરોને વતન મોકલવાનું સંચાલન કરવામાં આવ્યું છે. મુસાફરોને ઉધના સ્ટેશન પર વધુ સમય સુધી અટવાવું ન પડે તે માટે રેલવે દ્વારા રાઉન્ડ ધ ક્લોક ટ્રેનોનું શિડ્યુલ ગોઠવવામાં આવ્યું હતું. શનિવારે સવારે ૫:૩૦, ૮:૩૦, ૧૦:૧૦ વાગ્યે તામી ગંગા એક્સપ્રેસ, ૧૧:૩૦ અને બપોરે ૧:૦૦ વાગ્યે ટ્રેનો દોડાવવામાં આવી હતી. સાંજ પડતાં ફરી ભીડ વધતાં રાત્રે ૧૦:૦૦, ૧૧:૩૦, મોડી રાત્રે ૧:૩૦, વહેલી સવારે ૩, ૫, ૭, ૮ વાગ્યે અંત્યોદય એક્સપ્રેસ અને ત્યારબાદ તામી ગંગા તેમજ જયનગર સ્પેશિયલ સહિતની ટ્રેનો સતત દોડતી રાખવામાં આવી હતી. ઉધના રેલવે સ્ટેશન પર ઉત્કૃષ્ટ ભીડ વ્યવસ્થાપન દાખવીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ૭ અને ૮ નવેમ્બર દરમિયાન માત્ર ૧૫ કલાકના ટૂંકા ગાળામાં રેલવે પ્રશાસને ૯ સ્પેશિયલ અને ૩ રેગ્યુલર મળી કુલ ૧૨ ટ્રેનોનું સફળતાપૂર્વક સંચાલન કરીને અંદાજે ૪૩,૫૦૦થી ૪૩,૮૦૦ મુસાફરોની અવરજવરનું વ્યવસ્થિત સંચાલન કર્યું હતું. જેમાં જયનગર, મધુબની, કાનપુર, બ્રહ્મપુર જેવા ઉત્તર અને પૂર્વ ભારતના મુખ્ય રૂટો પર દોડતી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડ છતાં પ્લેટફોર્મ નંબર ૬ સહિત અન્ય પ્લેટફોર્મ પરથી યોગ્ય સંકલન અને સુચારુ આયોજન થકી તમામ કામગીરી શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે પાર પાડવામાં આવી હતી. રાત્રિના સમયે અચાનક વધતી ભીડને કાબૂમાં રાખવા રેલવે દ્વારા ત્રણ વિશાળ 'યાત્રી સુવિધા કેન્દ્રો' કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર નંબર ૧: સૌથી મોટું કેન્દ્ર, જે આશરે ૬,૫૦૦ ચોરસ મીટરનું છે. કેન્દ્ર નંબર ૨ અને ૩: અનુક્રમે ૨,૫૦૦ અને ૩,૫૦૦ ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે. ૧૪ થી ૧૫ હજાર ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ કેન્દ્રોમાં પીવાનું શુદ્ધ પાણી, વીજળી, પંખા, શૌચાલય, વધારાની ટિકિટ બારીઓ અને સીસીટીવી કેમેરા જેવી તમામ પ્રાથમિક સુવિધાઓ ઊભી કરાઈ છે. આ કેન્દ્રો 'બફર ઝોન' તરીકે કામ કરે છે, જ્યાં મુસાફરોને પહેલાં બેસાડવામાં આવે છે અને ટ્રેન આવ્યા બાદ ક્રમબદ્ધ રીતે લાઈન કરાવીને સીધા કોચ સુધી પહોંચાડવામાં આવે છે, જેથી પ્લેટફોર્મ પર ધક્કામુક્કી થતી નથી.



ઇફ્કો ટોકિયો વીમા કંપનીનો ક્લેઇમ નામંજૂરનો નિર્ણય યોગ્ય

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૯

સુરત જિલ્લા ગ્રાહક કમિશન સમક્ષ ચાલેલા મેડિક્લેમ કેસમાં માયાબેન અશોકભાઈ જીવનાની વિ. ઈફ્કો ટોકિયો જનરલ ઈન્સ્યોરન્સ કં.લી. કેસમાં ગ્રાહક આયોગે વીમા કંપનીના પક્ષમાં ચુકાદો આપ્યો છે.

ફરિયાદની હકીકત: ફરિયાદીએ તા.૧૫/૦૨/૨૦૨૩ થી ૧૪/૦૨/૨૦૨૪ સુધીની રૂ.૨,૦૦,૦૦૦ + રૂ.૫૦,૦૦૦ બોનસ વાળી મેડિક્લેમ પોલિસી લીધી હતી. આ સમય દરમિયાન તેમના પુત્રને અકસ્માત થતા મોઢાના ભાગે એક દાંત તૂટી ગયો અને બીજો દાંત નીકળી ગયો હતો. તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ સુરતની સ્માઈલ એન્ડ શાઈન ડેન્ટલ ક્લિનિકમાં સારવાર લીધી હતી, જેમાં "DENTAL FR" નું નિદાન થયું હતું. સારવાર પાછળ રૂ.૪૮,૭૯૧/- નો ખર્ચ થયો હતો. જે અંગે વીમા કંપનીમાં ક્લેઇમ કરતા કંપનીએ તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ ક્લેઇમ નામંજૂર કર્યો હતો. ફરિયાદી તરફે તેમના વકીલ અને વીમા કંપની તરફે વિદ્વાન ધારાશાસ્ત્રી દર્શન શાહ એ દલીલો કરી હતી. એડવોકેટ દર્શન શાહે દલીલ કરી હતી કે, પોલિસીની ટર્મ્સ એન્ડ કન્ડિશન ૭ અને ૮ મુજબ, Dental treatment ro surgery of any kind, unless requiring hospitalization કવર થતું નથી. ફરિયાદીના પુત્રને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા નહોતા, OPD બેઝ પર જ સારવાર લીધી હતી. આ દલીલને ગ્રાહ્ય રાખી માનનીય પ્રમુખશ્રી પી.પી.મેખીયા અને સભ્યશ્રી ડો. તીર્થેશભાઈ મહેતા એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ ચુકાદો આપી ફરિયાદ આથી રદ કરવાનો હુકમ કર્યો છે.

નાહવા ગયેલી મહિલા બાથરૂમમાં બેભાન થઈ

ફાયર બ્રિગેડે દરવાજો તોડી મહિલાનો જીવ બચાવ્યો

સુરત, તા.૯

સુરતમાં ડુમસ રોડ વિસ્તારમાં અચાનક બનેલી એક ઘટનામાં ફાયર બ્રિગેડની સતર્કતાથી મહિલાનો જીવ બચી ગયો છે. શહેરના લક્ઝુરિયસ 'મંગલમ બ્લીસ' એપાર્ટમેન્ટમાં રહેતા મહેતા પરિવારની ૩૭ વર્ષીય મહિલા બાથરૂમમાં અચાનક બેભાન થઈ જતાં ફસાઈ ગઈ હતી. પરિવારે સમયસૂચકતા વાપરી તુરંત ફાયર કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. ફાયરની ટીમે સ્થળ પર પહોંચી તાબડતોબ બાથરૂમનો દરવાજો તોડી મહિલાને સુરક્ષિત બહાર કાઢી પ્રાથમિક સારવાર આપતાં મોટો અનિષ્ટ ટળ્યો હતો.

બિઝનેસમેનની પત્ની સવારના સમયે બાથરૂમમાં નાહવા માટે ગઈ હતી. સામાન્ય રીતે લાગતા સમય કરતાં ઘણો વધુ સમય વીતી ગયો હોવા છતાં મહિલા બહાર ન આવતાં પરિવારજનોને શંકા ગઈ હતી. પરિવારે બાથરૂમનો દરવાજો ખખડાવી અવાજો આપ્યા હતા, પરંતુ અંદરથી કોઈ જ પ્રત્યુત્તર મળ્યો નહોતો. પરિવારે દરવાજો ખોલવા તમામ પ્રયાસો કર્યા હતા, પરંતુ અંદરથી લોક હોવાના કારણે દરવાજો ખુલી શક્યો નહોતો.

દરવાજો ન ખુલતાં અને અંદર કોઈ અણબનાવ બન્યાની આશંકાએ પરિવારે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ફાયર વિભાગને જાણ કરી મદદ માંગી હતી. કોલ મળતાં જ સ્થાનિક ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સાધન-સામગ્રી સાથે 'મંગલમ બ્લીસ' ખાતે પહોંચી ગઈ હતી. સ્થિતિની ગંભીરતા પારખી જવાનોએ કોઈ પણ વિલંબ વગર ખાસ સાધનોની મદદથી બાથરૂમનો દરવાજો તોડી નાખ્યો હતો.



સુરતના કતારગામ વિસ્તારમાં આવેલ મોટીવેડ ગામમાં દિવાળીને રાતે મૈરિયું કાઢવાની વર્ષ જૂની પરંપરા આજે પણ અકબંધ છે. દિવાળીની રાત્રે મૈરિયું અને કકળાટ કાઢવા નીકળેલા યુવકો તસવીરમાં જણાઈ છે.